આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૦૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

LGHS
LEARN ACHIEVE INSPIRE

## SHRI. L.G. HARIA MULTIPURPOSE SCHOOL

C.B.S.E Affiliated

Email: info_lghs@skhefvapi.org | Website: www.lghsvapi.edu.in










## HAPPY TEACHERS' DAY

**A teacher is a compass that activates the magnets of Curiosity, Knowledge and Wisdom. Shri L.G. Haria School expresses Sincere Gratitude to all teachers for their Invaluable Contribution. You teach, you inspire, you transform and you are the true guiding light of our future.**

**Wishing all the wonderful teachers a very Happy Teachers' Day!**

CONTACT NO. 9624883377 9624993377 ADDRESS: Haria Park, Silvassa Road, Vapi 396191.

SMT. SANDRABEN SHROFF GNYAN DHAM SCHOOL VAPI ज्ञानेन बलम्

## Smt. Sandraben Shroff Gnyan Dham School

(Affiliated to CBSE, New Delhi, CBSE Affiliation No. 430014)

G.I.D.C., Vapi 396195. District-Valsad. Gujarat. | www.srsgnyandham.org
Tel.: +91 260 2991947, 9909995853 | Email: info@srsgnyandham.org

HAPPY BIRTHDAY



**Mrs. Sandra R. Shroff**

Warmest Birthday wishes to our beloved Chairperson

## Happy Teacher's Day



**To all dedicated teachers**

Honoring the dedication, passion & vision of our teachers who shape bright futures every single day.

Admissions for Academic Year 2027-28

Admission forms for Nursery, Junior KG & Senior KG will be available from 20th October, 2026.



# નવસારીમાં મોદીના આગમનને લઈ તડામાર તૈયારીઓ



**આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે સ્થળની મુલાકાત લઈ જરૂરી સુચનાઓ આપી**

(દમણગંગા ટાઈમ્સ)

નવસારી, તા. ૦૩ : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આગામી નવસારી પ્રવાસ અને નવનિર્મિત ‘નમો કમલમ’ કાર્યાલયના ઉદ્ઘાટન સહિતના કાર્યક્રમોને ભવ્ય તથા સુચારુ રીતે સંપન્ન કરવા માટે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. કમલમ કાર્યાલય આસપાસ સઘન વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરાઈ છે.આજે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે સ્થળની મુલાકાત લઈને અધિકારીઓને જરૂરી સુચનાઓ આપી હતી. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારી (DDO) કાર્તિક જીવાણી તેમજ અન્ય ઉચ્ચ અધિકારીઓએ કાર્યક્રમ સ્થળ, વિશાળ ડોમ, એલ.ઈ.ડી. સ્ક્રીન, સ્ટેજ, પીવાના શુદ્ધ પાણી, મોબાઈલ શૌચાલય, સુરક્ષા પ્રોટોકોલ અને ટ્રાફિક વ્યવસ્થાનું સઘન સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

## ઘરેલુ PNG ગેસ રૂ ૨.૨૦ મોંઘો થયો

# વાપીના ૪૫ હજાર ગ્રાહકોના ઘરનું બજેટ પર ભારણ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૩ :** વાપી તા ગુજરાત એનર્જી દ્વારા ઘરેલુ PNG ગેસના ભાવમાં રૂ ૨.૨૦નો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે.



કંપની દ્વારા ગ્રાહકોને મોકલવામાં આવેલા મેસેજ મુજબ તા.૦૩/૦૯/૨૦૨૬થી ઘરેલુ PNG ગેસનો નવો ભાવ રૂ.૫૩.૨૨ પ્રતિ SCM (ટેક્સ સાથે) રહેશે. અગાઉ આ ભાવ રૂ.૪૯.૦૨ હતો, એટલે સીધો રૂ.૨.૨૦નો વધારો થયો છે.

ઉલ્લેખનીય છે કે ગત મહિને વડોદરા ગેસ લિમિટેડ સહિતની સિટી ગેસ કંપનીઓએ પણ ભાવ વધાર્યા હતા.

આંતરરાષ્ટ્રીય બજારમાં LNG ના ભાવમાં વધારો અને ડોલર સામે રૂપિયામાં ઘટાડાને કારણે આ વધારો કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. વધારાને કારણે વાપી પંથકના ૪૫ હજાર જેટલા સામાન્ય ગ્રાહકને મહિને ગ્રાહક દીઠ રૂ.૫૦થી ૧૦૦ નો વધારાનો બોજ પડશે.

# બીલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલમાં જન્માષ્ટમીની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા. ૦૩ :** બીલીમોરા ઈન્ટરનેશનલ સ્કૂલમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની રંગેચંગે અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ કાન્હા અને રાધાના મનમોહક વેશભૂષામાં સજ્જ થઈને આવ્યા હતા, જેના કારણે સમગ્ર શાળા પરિસરમાં ગોકુળ જેવો માહોલ સર્જાયો હતો. કાર્યક્રમ દરમિયાન બાળકો દ્વારા કૃષ્ણલીલા અને રાસ-ગરબાની સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

શાળાના પ્રમુખ, ટ્રસ્ટી મંડળ, શિક્ષકગણ તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરી હતી અને તમામ વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓને જન્માષ્ટમી પર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. ઉત્સાહપૂર્ણ માહોલમાં પરંપરાગત મટકીફોડ કાર્યક્રમ સાથે ઉત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.

# ચાસામાં શ્રાવણીયો જુગાર રમતા છ ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા. ૦૩ :** ચીખલી પોલીસે ચાસા ગામની હદમાંથી તીન પત્તીનો હારજીત નો જુગાર રમતા છ જુગારીને ઝડપી પાડી રોકડા રૂપિયા ૧૯.૨૦૦ દાવ ઉપર મુકેલા રોકડા રૂપિયા ૧૦.૭૨૦ તથા પાંચ નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫૫.૦૦૦ હજાર મળી કુલ રૂપિયા ૮૪.૯૨૦ નો મુદ્દા માલ કબજે કરી છ જુગારીયાઓને ની સામે કાયદેસરની કાર્યવાહી કરાતા શ્રાવણીયો જુગાર રમતા જુગારીયાઓમાં ફફડાટ ફેલાયો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના ચાસા ગામ ભૂત ફળીયા ખાતે આવેલ સુનિલભાઈ અશોકભાઈ હળપતિના રહેણાંક મકાનની પાછળના ભાગે આવેલ નહેરની બાજુમાં ખુલ્લી જગ્યામાં મોટા પાયે જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ચીખલી પોલીસને મળતા પોલીસે ઘટના સ્થળે જઈ રેડ પાડતા ખુલ્લી જગ્યામાં ગોળ કુંડાળું વળીને ગંજી પાના વડે તીન પત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમતા છ જુગારીઓને પકડી પાડી અંગઝડતી કરતા અલગ અલગ દરની ચલણી નોટો રોકડા રૂપિયા ૧૯.૨૦૦ તથા દાવ ઉપર મુકેલ અલગ અલગ દરની ચલણી નોટો કુલ રૂપિયા ૧૦.૭૨૦ તથા જુગારીઓની પાસેથી કબજે કરેલ પાંચ નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫૫૦૦૦ હજાર મળી કુલ રૂપિયા ૮૪.૯૨૦ નો મુદ્દા માલ કબજે કરી છ જુગારીયા સામે જુગાર ધારાની કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે બનાવની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

# ચીખલીના વાંઝણાથી દિપડો પાંજરે પુરાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ચીખલી, તા. ૦૩ :** ચીખલી તાલુકાના વાંઝણા ગામ સહિત આજુબાજુના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી લોકોને નજરે પડેલ દીપડાને પકડવા માટે વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં પાંજરું ગોઠવતા વાંઝણા ગામના ચિંતનભાઈ નાથુભાઈ પટેલ રહે.કોળીવાડની વાડીમાં મુકેલ પાંજરામાં રાત્રિના સમયે ચાર વર્ષનો એક કદાવર દિપડો પાંજરે પુરાતા આ વિસ્તારના રહીશોએ રાહત અનુભવી છે.

પાંજરે પુરાયેલ દીપડાને વન વિભાગે ચીખલી લાવી જેને વેટરનરી ડોક્ટર પાસે ચેક કરાવી ફરીથી આ દીપડાને જંગલ વિસ્તારમાં છોડવાની તજવીજ હાથ ધરી છે.

# દેગામમાં દારૂ ભરેલ ટેમ્પા સાથે ચાલક ઝડપાયો, ત્રણ વોન્ટેડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીખલી, તા. ૦૩ : ચીખલી નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ દેગામ ગામની હદમાં ઓવર બ્રીજના ઉત્તર છેડે ચીખલી પોલીસે બાતમીના આધારે એક આઈસર ટેમ્પો નંબર એમએચ 48 ag 3329 ને આંતરી ટેમ્પાની તલાસી લેતા ટેમ્પામાંથી ૨૬૯ પૂઠાના બોક્સમાં વીસ્કી તથા ટીન બિયર ૭૦૫૬ નંગ કિંમત રૂપિયા ૧૬.૮૯.૧૨૦ જ્યારે ટેમ્પાની કિંમત રૂ ૧૦ લાખ તેમજ એક નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા ૨૬.૯૨.૧૨૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે જ્યારે ટેમ્પો ચાલક સત્યમ ભાગચંદ્ર રામસેવક -જાપત રહે. ન્યુ ટ્રાન્સપોર્ટ એરિયાની સામે આવેલ ચાલીમાં બીજા માળે પંચાલ ચોકડી પાસે દમણ મૂળ રહે કુસમસ ગામ પોસ્ટ ઉદનપુર થાના કદોરા તા.કાલ્પી જી. જાલોન યુપી જેને પૂછપરછ કરતા દારૂ ભરેલો આઈસર ટેમ્પો શુક્લાભાઈ જેના પુરા નામ ઠામની ખબર નથી જેમણે આપ્યો હતો અને આ દારૂ ભરેલ ટેમ્પાનું પાયલોટિંગ પણ કરી રહ્યો હતો. જ્યારે વડોદરા ખાતે દારૂ મંગાવનાર શુક્લા ભાઈનો કોઈ માણસ જેના નામની ખબર નથી તેમજ હાલનો આઈસર ટેમ્પા નો માલિક આ ત્રણ શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આ ત્રણે શખ્સોને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

# વાપી રેલવે સ્ટેશન પર કૃષ્ણ જન્મોત્સવને લઈ ભારે ભીડ

**મુંબઈથી દ્વારકા, રાજકોટ, મથુરા-વૃંદાવન જતી ટ્રેનોમાં વધેલા ધસારાને પગલે આરપીએફ, જીઆરપી સતર્ક**

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૩ :** ભગવાન શ્રીકૃષ્ણના ૫૨૫૩મા જન્મોત્સવની ઉજવણીને લઈ મુંબઈથી દ્વારકા, રાજકોટ તેમજ મથુરા-વૃંદાવન તરફ જતી ટ્રેનોમાં છેલ્લા ત્રણેક દિવસથી મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. આ વધેલી ભીડને ધ્યાનમાં રાખી વાપી રેલવે સ્ટેશન પર મુસાફરોની સુવિધા અને સુરક્ષા માટે રેલવે પોલીસ દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

વાપી તેમજ સંઘ પ્રદેશ દમણ અને દાદરા-નગર હવેલી વિસ્તારમાં ઉત્તર ભારત સહિત દેશના વિવિધ વિસ્તારોમાંથી આવી વર્ષોથી ઉદ્યોગોમાં કામ કરતા અનેક લોકો હવે આ વિસ્તારને પોતાની કર્મભૂમિ બનાવી ચૂક્યા છે. જોકે, શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી પોતાના વતનમાં અથવા ધાર્મિક સ્થળોએ કરવાની પરંપરા મુજબ મોટી સંખ્યામાં લોકો પોતાના પરિવારજનો સાથે વતન તરફ રવાના થઈ રહ્યા છે.

ખાસ કરીને ગુજરાતના દ્વારકા તેમજ ઉત્તર પ્રદેશના મથુરા અને વૃંદાવન ખાતે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી માટે જતા શ્રદ્ધાળુઓના કારણે મુંબઈથી ઉપડતી અને આ રૂટ પર દોડતી મોટાભાગની ટ્રેનોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. વાપી સ્ટેશન પર પણ ટ્રેનમાં ચઢવા અને ઉતરવા દરમિયાન મુસાફરોનો ધસારો વધી ગયો છે.મુસાફરોને ટ્રેનમાં મુસાફરી દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે તેમજ ભીડના કારણે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વાપી રેલવે સ્ટેશન પર આરપીએફ અને જીઆરપીની ટીમો દ્વારા પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સ્ટેશન પર મુસાફરોની અવરજવર પર નજર રાખવામાં આવી રહી છે.

# સેલવાસમાં જન્મ-મરણ સહિતની અરજીઓના નિકાલમાં વિલંબથી અરજદારો પરેશાન

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૩ :** સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલીના સેલવાસ મામલતદાર કચેરીમાં છેલ્લા ઘણા વર્ષોથી એક જ જગ્યાએ ફરજ બજાવતા કેટલાક ક્લાર્ક કર્મચારીઓની કામગીરી સામે અરજદારોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. અને જન્મ મરણ તેમજ વારસાઈ વિભાગમાં કામ કરતા ક્લાર્ક કક્ષાના કર્મચારી દ્વારા જન્મ-મરણ પ્રમાણપત્ર, વારસાઈ, હિયરિંગ સહિતના વિવિધ સરકારી કામો માટે અરજીઓ કર્યા બાદ લાંબો સમય વીતી જવા છતાં તેનો નિકાલ નહીં થતો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

અરજદારોના જણાવ્યા મુજબ જન્મ-મરણ પ્રમાણપત્ર મેળવવા માટે કરવામાં આવેલી કેટલીક અરજીઓનો એકથી દોઢથી બે વર્ષ જેટલો સમય વીતી જવા છતાં નિકાલ કરવામાં આવ્યો નથી, જ્યારે અનેક અરજીઓ કચેરીમાંથી ગુમ થઈ જવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. જરૂરી પેપર નોટિસ સમયસર તૈયાર ન કરવી અને સંબંધિત ગ્રામ પંચાયતના તલાટીને અરજીઓ નહીં મોકલવા સહિતની કામગીરીને કારણે અરજદારોને વારંવાર કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા હોવાનું જાણવા મળે છે.

ખાસ કરીને ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોના બાળકોના શાળામાંપ્રવેશ, જન્મતારીખ અથવા નામમાં સુધારો સહિતના મહત્વપૂર્ણ કામો માટે જન્મ-મરણ પ્રમાણપત્ર જરૂરી હોવા છતાં પ્રમાણપત્ર મેળવવામાં વિલંબ થતાં વાલીઓ અને વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સેલવાસથી આશરે ૧૫થી ૨૦ કિલોમીટર દૂર આવેલા વિવિધ ગામોમાંથી અરજદારો પોતાના સરકારી કામ માટે મામલતદાર કચેરીએ આવે છે. પરંતુ અરજીઓનો સમયસર નિકાલ નહીં થવાને કારણે તેમને વારંવાર આવવા-જવા માટે સમય અને નાણાંનો વ્યય કરવો પડી રહ્યો છે. કોઈને કોઈ કારણ દર્શાવી અરજદારોને પરેશાન કરવામાં આવતા હોવાના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે.

આ સમગ્ર મામલે સંઘ-દેશના પ્રશાસક, જિલ્લા કલેક્ટર તથા સંબંધિત ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરી જવાબદારી નક્કી કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સાથે જ લાંબા સમયથી એક જ સ્થળે ફરજ બજાવતા અને કામગીરી અંગે ફરિયાદો થઈ રહેલા જવાબદાર ક્લાર્ક કર્મચારીઓની તાત્કાલિક બદલી કરી તેમના સ્થાને નવા કર્મચારીઓને જવાબદારી સોંપવામાં આવે, જેથી સામાન્ય નાગરિકોના અટવાયેલા કામોનો ઝડપથી નિકાલ થઈ શકે તેવી માંગ પણ કરવામાં આવી રહી છે.

# વાપી સૂર્યા હોસ્પિટલ રોડની ફૂટપાથ પરના દબાણો ક્યારે દૂર થશે?



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૩ :** વાપી તા વાપીના સૂર્યા હોસ્પિટલ રોડ પર ફૂટપાથ પરના દબાણોને લઈને રાહદારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને રાહદારીઓએ ફૂટપાથને બદલે મુખ્ય રસ્તા પર ચાલવાની ફરજ પડી રહી છે, જેના કારણે અકસ્માતનો ભય સતત રહે છે.

દુકાનોના સામાનથી ફૂટપાથ સંપૂર્ણ ઘેરાયેલી છે. લોકોને પગપાળા ચાલવામાં તકલીફ પડે છે. વારંવાર ટ્રાફિક જામ થાય છે. બીજી તરફ બુધવારે નોટિફાઈડની ટીમે ગુંજન મુખ્ય માર્ગ પર મોટાપાયે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી હતી, પરંતુ બીજા જ દિવસે તમામ દબાણો ફરી યથાવત થઈ ગયા હતા. માત્ર કાગળ પરની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. નાગરિકોએ કાયમી ધોરણે દબાણો દૂર કરવા માંગ કરી છે.

# દમણમાં શ્રી તેજાજી મહારાજ મેળો યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**દમણ, તા. ૦૩ :** શ્રી સત્યવાદી વીર તેજાજી મહારાજ મેળા મહોત્સવ ૫ સપ્ટેમ્બર, શનિવારના રોજ દુનેથા સ્થિત પટેલ સમાજ વાડી ખાતે યોજાશે. શ્રી સમસ્ત જાટ સમાજ દમણ-વાપી દ્વારા આયોજિત આ ધાર્મિક કાર્યક્રમમાં સવારથી વિવિધ ધાર્મિક કાર્યક્રમો, ભજન સાંજ, સ્તોત્રોનો પ્રસાદ અને ભવ્ય પ્રસાદનો સમાવેશ થશે.

આયોજકોના જણાવ્યા મુજબ, આ ૨૬મો મેળો છે. કાર્યક્રમ સવારે ૬ઁ૧૫ વાગ્યે ભવ્ય આરતી સાથે શરૂ થશે. ત્યારબાદ સવારે ૮:૧૫ વાગ્યે તિલક, સવારે ૯:૧૫ વાગ્યે ફૂલોની માળા અને સવારે ૧૦:૧૫ વાગ્યે દીવો અર્પણ કરવામાં આવશે. સવારે ૮:૧૫ વાગ્યે ભજન પણ યોજાશે.

ભજન સંધ્યામાં ડીજે કિંગ પ્રેમશંકર જી જાટ અને દલપત જાટ ભજનો રજૂ કરશે, જ્યારે મંચનું સંચાલન કાંતિલાલ પ્રજાપતિ કરશે.

કાર્યક્રમ પછી, સવારે ૧૧ઁ૧૫ થી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી ભવ્ય ભોજન સમારંભ યોજાશે. સ્થળ પટેલ સમાજ વાડી, કોસ્ટલ હાઈવે, દુનેથા, દમણ હશે.

આયોજકોએ જણાવ્યું હતું કે વીર તેજાજી મહારાજને સમર્પિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો હાજરી આપે તેવી અપેક્ષા છે. જાટ સમુદાયે તેના સભ્યો અને ભક્તોને તેમના પરિવાર સાથે આ ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપવા અને પ્રસાદ લેવા વિનંતી કરી છે.

# કેબીએસ કોલેજમાં ફ્રેશર્સ પાર્ટીની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૦૩ :** અત્રે ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરીયા કોમર્સ એન્ડ નટરાજ સાયન્સીસ કોલેજ વાપી માં કોલેજના બીજા વર્ષ અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ વી. આઈ. એ. ખાતે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના સ્વાગત માટે ભવ્ય ફ્રેશર્સ પાર્ટી ઉજવણી સાથે ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમ આનંદ, ઉત્સાહ અને પ્રતિભાનું જીવંત પ્રદર્શન હતું, જેનો હેતુ કોલેજના વાતાવરણમાં ફ્રેશર્સ માટે ઘર જેવું વાતાવરણ બનાવવાનો હતો.

આ કાર્યક્રમમાં રંગબેરંગી નૃત્ય પ્રદર્શન, ઉત્તેજક રમતો, નાટક અને એક ઉર્જાવાન રેમ્પ વોકનો સમાવેશ થતો હતો જેણે પ્રસંગને ગ્લેમરમાં ઉમેરો કર્યો હતો. કાર્યક્રમના ભાગ રૂપે, સૌથી પ્રભાવશાળી નવા વિદ્યાર્થીઓને શ્રી ફ્રેશર અને શ્રીમતી ફ્રેશરના બિરુદ એનાયત કરવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક આનંદ ઉપરાંત, કાર્યક્રમ દરમિયાન બે ફ્રેશર્સ વિદ્યાર્થીઓએ કોલેજમાં પ્રવેશથી નવું વાતાવરણ, નવા મિત્રો અને ભાવી ઘડતર માટે યોગ્ય કોલેજ પસંદગીની અનુભૂતિનો આંનદ વ્યક્ત કરતા ઉષ્માભર્યું સ્વાગત માટે આભાર વ્યક્ત કરી સદર સંસ્થામાં અભ્યાસકાળ દરમ્યાન મહેનત, શિસ્ત, આદર-સન્માન અને કોલેજના દરેક કાર્યક્રમોમાં ભાગ લઈ નામ રોશન કરવા માટે જણાવ્યું હતું. આમ સમગ્ર કાર્યક્રમ સફળ રહેતા કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી.ચૌહાણે દરેક નવા વિદ્યાર્થીઓનો ઉષ્માભર્યા શબ્દોથી આવકાર કરી કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરતા દરેક વિદ્યાર્થીઓ અભ્યાસમાં કળી મહેનત કરે, શિસ્તમાં રહે તેમજ દરેક શિક્ષક ગણનો મહતમ ઉપયોગ કરતા જીવનમાં સફળ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.**૦૪-૦૯-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** શ્રાવણ, આઠમ, **સૂર્યોદય :** ૦૬ : ૨૬ **સૂર્યાસ્ત** ૦૬ :૫૦, **ચંદ્રોદય** - ૧૧:૫૮ **ચંદ્રાસ્ત** - ૦૧:૧૩ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - રોહિણી

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** અટકેલા નાણાં પાછા મળી શકે છે. વાણી પર સંયમ રાખવો જરૂરી છે, નહિતર પરિવારમાં વિવાદ થઈ શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** વેપાર અને નોકરીમાં મનવાંછિત પ્રગતિ મળી શકે છે. અટકેલા કાર્યો પુરા થશે. વિવાહિત જીવન મધુર રહેશે.

**મિથુન (ક, ઘ, ચ) :** લાંબી મુસાફરીના યોગ બની રહ્યા છે. કાનૂની બાબતોમાં સાવધાની રાખવી. કાર્યક્ષેત્રમાં તમારી વાતચીત શૈલીથી લાભ થશે.

**કર્ક (ડ, હ) :** માનસિક તણાવમાંથી મુક્તિ મળશે અને આવકના નવા સ્ત્રોત ખુલશે. મિત્રો તરફથી પૂરતો સહયોગ મળશે. કલા કે મીડિયા ક્ષેત્રના લોકોને મોટી સિદ્ધિ મળી શકે છે.

**સિંહ (મ, ટ) :** વરિષ્ઠ અધિકારીઓ તમારા કામથી પ્રભાવિત થશે. વધુ પડતા આત્મવિશ્વાસને લીધે કોઈની સાથે અહંકારનો વિવાદ ન થાય તેનું ધ્યાન રાખવું.

**કન્યા (પ, ઠ, ણ) :** ધાર્મિક યાત્રા કે આધ્યાત્મિક કાર્યોમાં રુચિ વધશે. મહત્વના નિર્ણયો લેવા માટે દિવસ ઉત્તમ છે. પિતા કે ગુરુ સમાન વ્યક્તિનું માર્ગદર્શન ફાયદાકારક રહેશે.

**તુલા (ર, ત) :** આર્થિક રીતે નવો વાહન ખરીદવાના કે રોકાણ કરવાના યોગ છે, પરંતુ સમજી-વિચારીને આગળ વધવું. જૂના મિત્રો અથવા સંપર્કો દ્વારા અણધાર્યો લાભ થઈ શકે છે.

**વૃશ્ચિક (ન, ય) :** નવી વ્યાપારિક યોજનાઓ સફળ થશે. જીવનસાથી સાથે પ્રેમભાવ વધશે. સ્વાસ્થ્ય બાબતે સજાગ રહેવું.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** કોર્ટ-કચેરીના મામલામાં સફળતા મળી શકે છે. ગુરુ ગ્રહનો સપોર્ટ હોવાથી તમારા વિચારો સકારાત્મક રહેશે.

**મકર (ખ, જ) :** અટકેલા કાર્યો પૂરા થશે અને માન-સન્માનમાં વૃદ્ધિ થશે. નોકરીયાત લોકોને પ્રમોશન કે નવી જવાબદારી મળી શકે છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** માતાના સ્વાસ્થ્યમાં સુધારો થશે. ઘરમાં ઉત્સાહનું વાતાવરણ રહેશે. પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો.

**મીન (દ, ચ, થ, ઝ) :** નાની અને મનોરંજક મુસાફરી થઈ શકે છે. ભાઈ-બહેનોનો સહયોગ મળશે. કોઈ પણ પ્રકારના વાદ-વિવાદથી દૂર રહેવું અને ઉતાવળે નિર્ણયો ન લેવા.

# દમણ રેડિયો

**102.3 FM**

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 3 | | | | 6 | 1 | |
| 5 | | | | | | | | 9 |
| | | 8 | | 4 | | 7 | | |
| 1 | | 4 | 2 | | 3 | 5 | | 7 |
| | | | | | | | | |
| 7 | | 2 | 8 | | 6 | 9 | | 4 |
| | | 7 | | 6 | | 1 | | |
| 6 | | | | | | | | 8 |
| | 9 | 5 | | | | 3 | 4 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેકબોક્સમાંએકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**સુડોકુ નં.૬૬૬ નો ઉકેલ**


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 9 | 1 | 3 | 8 | 6 | 2 | 7 |
| 1 | 2 | 8 | 7 | 9 | 6 | 3 | 4 | 5 |
| 6 | 7 | 3 | 5 | 4 | 2 | 8 | 9 | 1 |
| 8 | 1 | 2 | 3 | 6 | 5 | 9 | 7 | 4 |
| 3 | 6 | 7 | 4 | 2 | 9 | 1 | 5 | 8 |
| 9 | 5 | 4 | 8 | 1 | 7 | 2 | 3 | 6 |
| 4 | 8 | 1 | 9 | 5 | 3 | 7 | 6 | 2 |
| 7 | 3 | 6 | 2 | 8 | 4 | 5 | 1 | 9 |
| 2 | 9 | 5 | 6 | 7 | 1 | 4 | 8 | 3 |


# આદર્શ શિક્ષક કેવો હોવો જોઈએ

પ્રાસંગિક
હર્ષદ દેસાઈ, વટાર

ડોક્ટર એસ રાધાકૃષ્ણનના જન્મદિનની શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે શિસ્ત સમતા અને કર્તવ્ય પારણા જેવા ત્રિવેણી શબ્દોનો સમૂહ થકી શિક્ષકની વ્યાખ્યા બને છે માત્ર ચાર દીવાલોની અંદર શિક્ષણ એ મર્યાદિત ન બનતા શિક્ષકે તંદુરસ્ત સમાજના નિર્માણમાં કાર્યમાં અહેમફાળો આપવો જરૂરી છે અને રાષ્ટ્રહિતના રંગે રંગાયેલા હોવો જરૂરી છે રાષ્ટ્રના ભાવિ નાગરિકોને જાગૃત નાગરિકનો શિક્ષણ આપી એમના જીવનમાં પાયાના ભણતર ગણવાના જેવા ગુણોને સિંચન કરી ભવિષ્યના જીવનમાં આકાર લેતી સમસ્યા થવા પામે નહીં શિક્ષકે સદેવ જાગૃકતા રાખવી જરૂરી છે શિક્ષક -થમ બાળ માનસનો જાણકાર હોવો જરૂરી છે આ કાબિલિયતમાં શિક્ષકે પરંપરાગત બનવું જરૂરી છે જેથી વિદ્યાર્થીઓને જીવન જીવવાનો સાચો રાહ બતાવી શકે શાળામાં નૈતિક શિક્ષણ આપવાની આજે તાપી જરૂરિયાત છે પરંતુ એ દિશામાં યોગ્ય પગલાં ભરવા આજનું શિક્ષણ જગત મહદ અંશે સફળ થવા પામ્યું નથી એટલે જ આજની સદીમાં શિક્ષકોએ ખાસ ચારિત્ર્યવાન બનવાની જરૂર છે શાળાનો ઓરડો પડી જાય તો વિદ્યાર્થીને વૃક્ષની નીચે ભણાવી શકાશે પરંતુ શિક્ષણની -માણિકતા પડી જશે તો સમાજના તમામ ક્ષેત્રોમાં સડો પેદા થશે માટે શિક્ષકે સદાના માટે જાગૃત રહેવું આજના બાહ્ય વાતાવરણમાં બાળ યુવાન માનસ ઉપર ચારિત્ર્યના ગુણને સડો લાગી જવા પામ્યો છે એને ચન્ગુલમાંથી તેઓને છોડાવવા માટે શિક્ષકે મહત્વની ભૂમિકા ભજવવાની જરૂર છે શિક્ષકને જે ફરજ સોંપવામાં આવી હોય તે -‘ ભારે નિષ્ઠા હોવી જરૂરી છે કારણ કે શિક્ષકની ફરજ વિદ્યાર્થીઓનું ભણતર ઘડતર અને સંસ્કરણ કરવાની છે જે લોક માત્ર શિક્ષકે બતાવવું નહીં સારો શિક્ષક સંવેદનશીલ હોવો જરૂરી છે જેથી વિદ્યાર્થીઓ -ત્યેને વર્તન આત્મીયતા પૂર્ણ અને માથાનું બની જવા બની જવા પામે શિક્ષકનું વાત્સલ્ય જ વિદ્યાર્થીઓનું -રક ગુણ બનવો જરૂરી છે જે ગુણો વગર કોઈપણ શાળા આદર્શ શાળા બની શકતી નથી આદર્શ શિક્ષકમાં સાત વિગતાનો ગુણ જરૂરી છે જેથી વિદ્યાર્થીઓને ધાર્મિક વાતાવરણમાં તરતા મૂકી -ભુ -ત્યેની શ્રદ્ધામાં વધારો થતા સત્સંગી બનશે ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર શિક્ષક ચારિત્ર્યવાન અને નિષ્ઠાવાન જ હોય છે સાથે શિક્ષક અભ્યાસ હોવો જરૂરી છે જેથી શિક્ષક વર્તમાન જગતમાં બનતા બનાવોથી વિદ્યાર્થીઓને માહિતગાર કેવી રીતે કરી શકે શિક્ષણ જેવા પવિત્ર વ્યવસાયમાં શિક્ષકે આર્થિક લાભનો રોલ બનવું નહીં અને શિક્ષણનું વ્યાપારીકરણ કરવું નહીં શિક્ષક વ્યસન મુક્ત હોવો જરૂરી છે વ્યસનની શિક્ષકો વિદ્યાર્થીઓના જીવન પર અસરકારક -ભાવ પાડી શકતો નથી જેવો એ જીવનમાં -ધાન્ય સ્થાન મેળવવું છે એવો એ જીવનની શરૂઆતની કારકિર્દી શિક્ષકની ભૂમિકા ભજવી હતી જેની નોંધ ઇતિહાસના પાને નોંધાયેલી છે
















# તીર્થરાજ કપાલમોચન - જ્યાં દંતકથાઓ જીવંત છે અને આત્માઓને શાંતિ મળે છે






ડો. રાધિકા ટીક્કુ, વલસાડ


લગભગ એક વર્ષ પહેલાં તીર્થરાજ કપાલમોચન વિષે એક લેખ મારા હસ્તક લખાયેલ અને હાલ મે માસમાં મુલાકાત પણ થયેલ. દર્શન સાથે પંડિતોના સાનિધ્યમાં ઘણી બધી વાતો થઈ હતી. કપાલમોચન મહાદેવનું મહત્વ અને અન્ય મંદિરોની મહત્તા અંગે પણ ધાર્મિક વાતો થઈ. મંદિરનું કેમ્પસ અને રહેવાના આવાસોની વ્યવસ્થા સાથે જમવાની. પણ નિઃશુલ્ક વ્યવસ્થા છે. મંદિરનું પ્રાંગણ અને કેમ્પસ ખૂબ જ સાફ છે. પવિત્ર ઝરા પણ નિર્મળ છે. દેવી ભગવતી અને હનુમાન મંદિર, ગાઢ ચિનાર વૃક્ષોથી. મંદિરની સુંદરતા વધી રહી છે.

પવિત્ર તીર્થરાજની કૃપાથી ગયા રવિવારે એ ઈચ્છા પૂર્ણ થઈ, જ્યારે મને ખાસ કપાલમોચન મહાદેવના દર્શન કરવા માટે શોપિયાં જવાનો અવસર મળ્યો. આ માત્ર ઐતિહાસિક સ્થળની મુલાકાત નહોતી, પરંતુ કાશ્મીરની ભૂલાઈ ગયેલી આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસત સાથેનો એક ગહન ભાવનાત્મક તથા આધ્યાત્મિક અનુભવ હતો.

મંદિરનું વર્ણન અને પરિસર

તીર્થરાજ કપાલમોચન, જેને કપાલેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખવામાં આવે છે, જમ્મુ-કાશ્મીરના શોપિયાં જિલ્લાના દેવગામ ગામમાં રામ્બીઆરા નદીના કિનારે આવેલું અતિપ્રાચીન શિવતીર્થ છે. વિશાળ ચિનાર અને દેવદારના વૃક્ષોથી ઘેરાયેલું આ પવિત્ર સ્થળ અનોખી શાંતિ અને આધ્યાત્મિક દિવ્યતા અનુભવાવે છે. કાશ્મીરના અન્ય પ્રાચીન ધાર્મિક સ્થળોની જેમ તેની ઉત્પત્તિ પણ ઉપલબ્ધ ઐતિહાસિક નોંધો કરતાં ઘણી વધુ પ્રાચીન હોવાનું માનવામાં આવે છે.

અહીં સ્થાપિત પવિત્ર શિવલિંગની રચના અત્યંત વિશિષ્ટ છે. જુદા જુદા ખૂણેથી જોતા તેનો આકાર અલગ દેખાય છે અને તેની સપાટી એવી રહસ્યમય લાગે છે કે જાણે તે કોઈ દિવ્ય લોકમાંથી પ્રગટ થઈ હોય.

મંદિર પરિસરમાં મુખ્ય શિવલિંગ ઉપરાંત ત્રણ પવિત્ર ઝરણાં આવેલા છે, જેમના જળને પરંપરાગત રીતે આરોગ્યપ્રદ અને પવિત્રતા પ્રદાન કરનાર માનવામાં આવે છે. તેમાં સપ્તઋષિ કુંડ, શિવલિંગની સામે આવેલું પવિત્ર નાગ ઝરણું અને એક પ્રાચીન ચિનારના વૃક્ષ નીચે આવેલું ઝરણું વિશેષ મહત્વ ધરાવે છે.

મંદિરના પ્રવેશદ્વારે સિંદૂરથી અલંકૃત ગણેશ શિલા સ્થાપિત છે, જેના પાછળ નાનું જળકુંડ આવેલું છે. એક ચિનારના વૃક્ષ નીચે પ્રાચીન ભૈરવની શિલ્પમૂર્તિ, દ્વારપાલની પ્રતિમા તથા નાના શિવલિંગો સ્થાપિત છે, જે આ તીર્થની પ્રાચીનતા અને પવિત્રતાનો જીવંત પુરાવો છે.

ધાર્મિક પરંપરા અને વિધિઓ

તીર્થરાજ કપાલમોચન કાશ્મીરી પંડિત સમાજ માટે અત્યંત પવિત્ર અને ભાવનાત્મક મહત્વ ધરાવે છે. ખાસ કરીને અલ્પાયુમાં અથવા અકાળ મૃત્યુ પામેલા સ્વજનો માટે અહીં વિશેષ શ્રાદ્ધ અને ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે.

દર વર્ષે શ્રાવણ મહિનાના શુક્લ પક્ષની દ્વાદશીના દિવસે દેશ-વિદેશમાંથી કાશ્મીરી પંડિતો અહીં આવી પોતાના સંતાનો, અવિવાહિત પરિવારજનો અને અકાળ મૃત્યુ પામેલા પ્રિયજનો માટે શ્રાદ્ધ અને અન્ય ધાર્મિક વિધિઓ કરે છે.

સ્થાનિક માન્યતા અનુસાર અહીં કરવામાં આવતી આ વિધિઓથી વિદેહ આત્માઓને શાંતિ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ દિવસે હજારો શ્રદ્ધાળુઓ પ્રાર્થના, ભેટ-પૂજા અને અતૂટ શ્રદ્ધા સાથે અહીં ઉપસ્થિત રહે છે. ઘણા લોકો પોતાના સ્વજનોની સ્મૃતિમાં વસ્ત્રો, આભૂષણો, વાસણો તથા અન્ય વસ્તુઓનું દાન કરે છે. કેટલાક લોકો જીવન દરમિયાન અજાણતાં કોઈ જીવહિંસા થઈ હોય તો તેના પ્રાયશ્ચિત્તરૂપે સોના અથવા ચાંદીની નાની પ્રતિમાઓ પણ અર્પણ કરે છે.

એવી માન્યતા છે કે અહીં કરેલું દાન અને ધાર્મિક વિધિઓ પાપક્ષય કરીને મૃતાત્માઓ તેમજ તેમના પરિવારજનોને આધ્યાત્મિક શાંતિ પ્રદાન કરે છે.

કપાલમોચન નામની ઉત્પત્તિ અને પૌરાણિક કથા 'કપાલમોચન' શબ્દ સંસ્કૃતના બે શબ્દોથી બનેલો છે - 'કપાલ', એટલે કે ખોપરી અને 'મોચન', એટલે કે મુક્તિ. અર્થાત્ જે સ્થળે કપાલ સાથે જોડાયેલા પાપમાંથી મુક્તિ મળી.

હિંદુ પુરાણો અનુસાર આ સ્થળ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (ભગવાન શિવ) સાથે જોડાયેલી પ્રસિદ્ધ કથાથી પવિત્ર બન્યું છે.

એક વખત બ્રહ્માજી અને ભગવાન વિષ્ણુ વચ્ચે શ્રેષ્ઠતાનો વિવાદ થયો. બંને ભગવાન શિવ પાસે નિર્ણય માટે પહોંચ્યા. ભગવાન શિવે તેમની પરીક્ષા લેવા માટે અનંત દિવ્ય જ્યોતિસ્તંભ (જ્યોર્તિલિંગ) સ્વરૂપ ધારણ કર્યું અને કહ્યું કે જે તેનો આરંભ અથવા અંત શોધી કાઢશે તે શ્રેષ્ઠ ગણાશે.

ભગવાન વિષ્ણુ નીચે તરફ અને બ્રહ્માજી ઉપર તરફ અનંત જ્યોતિનો અંત શોધવા નીકળ્યા. લાંબા સમય સુધી પ્રયત્ન કર્યા છતાં બંને સફળ ન થયા.

ભગવાન વિષ્ણુએ પોતાની નિષ્ફળતા સ્વીકારી લીધી, પરંતુ તે સમયે પાંચ મુખ ધરાવતા બ્રહ્માજીએ પોતાના પાંચમા મુખ દ્વારા અસત્ય બોલીને દાવો કર્યો કે તેમણે જ્યોતિનો અંત જોઈ લીધો છે.

આ અસત્યથી ક્રોધિત થઈ ભગવાન શિવે બ્રહ્માનું પાંચમું મસ્તક કાપી નાખ્યું. પરંતુ બ્રહ્માનું મસ્તક કાપવાથી ભગવાન શિવને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું. આ પાપથી મુક્તિ મેળવવા તેઓ બ્રહ્માનું કપાલ ભિક્ષાપાત્ર તરીકે લઈને વિવિધ તીર્થોમાં ભટકતા રહ્યા.અંતે તેઓ કપાલમોચન પહોંચ્યા, જ્યાં બ્રહ્માનું કપાલ તેમના હાથમાંથી અલગ થઈ ગયું અને તેમને બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્તિ મળી. તેથી આ સ્થળ 'કપાલમોચન' તરીકે પ્રસિદ્ધ બન્યું.

માન્યતા છે કે ભગવાન શિવે આ સ્થળને આશીર્વાદ આપ્યો કે અહીં કરવામાં આવતી પ્રાર્થનાઓ, શ્રાદ્ધ અને ધાર્મિક વિધિઓ દ્વારા વિદેહ આત્માઓને શાંતિ અને મોક્ષ પ્રાપ્ત થશે.

ઉત્તર ભારતમાં હાલ પવિત્ર શ્રાવણ મહિનો ચાલી રહ્યો છે .પંડિતો હાલ શિવાલયો જઈને વિશેષ પૂજા અર્ચના કરે છે અને શિવની વિધિવત હવન, આરાધના અને આહુતિઓ આપીને નૈવેદ્ય આપે છે.

તીર્થરાજ કપાલમોચન સંસ્થા, શોપિયાં આ પવિત્ર તીર્થના સંરક્ષણ અને પુનર્જીવન માટે પ્રશંસનીય કાર્ય કરી રહી છે. મંદિર પરિસરમાં સુંદર ધર્મશાળા, નાના મંદિરો, પુનઃસ્થાપિત નાગ ઝરણાં, યજ્ઞશાળા તથા સામૂહિક રસોડાનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યાં દર વર્ષે હવન તથા અન્ય ધાર્મિક કાર્યક્રમો યોજાય છે.









સમાજ અને વહીવટી તંત્ર દ્વારા આ પવિત્ર તીર્થના વધુ વિકાસ અને પુનરુત્થાન માટે નવી યોજનાઓ પણ અમલમાં મૂકાઈ રહી છે. પ્રવાસીઓ અને શ્રદ્ધાળુઓને અપીલ છે કે તેઓ કાશ્મીર પ્રવાસ દરમિયાન આ પવિત્ર તીર્થની અવશ્ય મુલાકાત લે. સ્થાનિક કાશ્મીરી પંડિત વડીલો અને અન્ય વિસ્તારના લોકોને પણ વિનંતી છે કે તેઓ કપાલમોચન સાથે જોડાયેલી પોતાની સ્મૃતિઓ, લોકકથાઓ, જૂના ફોટોગ્રાફસ અને અન્ય ઐતિહાસિક માહિતી વહેંચે, જેથી આ પવિત્ર સ્થળનો ભૂલાતો ઈતિહાસ ભવિષ્યની પેઢીઓ માટે સુરક્ષિત રહી શકે.

# કાનુડો મળે તો કહેવું છે કાનમાં..!









ભગવાન શ્રીકૃષ્ણની માફક બાળ સ્વરુપતો આપણું પણ વખણાતું. ડાયપર તો હમણાં આવ્યું, બાકી નાગાપૂગા બાળકો ને પણ લોકો બચી કરતા. બાળક એ ભગવાનનો અવતાર છે , એવી ઈજ્જત કરતા. કોઈપણ ઘટનાનું સત્ય પ્રમાણિત કરવાનું આવે ત્યારે, કસ્સમ ખાતા કે, ' ભગવાનના 'સોગંદ' 'મારી મા નાં કસ્સમ, ભાઈના કસ્સમ, તેમ પણ મેળ નહિ પડે તો. 'બાય ગોડ' બોલતા એટલે, સુપ્રીમ કોર્ટના ચુકાદાની માફક સ્થળ ઉપર જ મામલો રફેદફે થઇ જતો. એને ભગવાનનો ડર ગણો, આદર ગણો કે આસ્થા ગણો, સામેવાળો સ્વીકાર કરી લેતો કે, 'બંદા સચ બોલતા હૈ..!' હવે તો એવા ખોટીનાનો ફાલ આવ્યો કે, ખોટું સોગંદનામું કરતા પણ ધ્રુજારો નહિ આવે. અમારા ચમનીયાને જડજ સાહેબે કહ્યું કે, 'ગીતા ઉપર હાથ મુકીને કહો કે, 'જે કંઈ કહીશ તે સત્ય કહીશ.' ચમનીયો કહે, 'સાહેબ, ફાંસી આપવી હોય તો મને ફાંસી આપો. પણ ગીતા ઉપર હાથ તો ઠીક, પગ પણ નહિ મુકું. કારણ કે ગીતાએ તો મારા ઉપર કેસ માંડયો છે ..!' તારી ભલી થાય તારી..!

સમય-સમયના ખેલ છે દાદૂ..! જેમ જેમ મોટા થતા ગયા, તો લોકો કએવું હેતા ગયા કે, 'મોટા એટલા ખોટા.!' ધીરે ધીરે ધનવાન થવાના રવાડે એવા ચઢી ગયા કે, જીવવા કરતા જિંદગી કાપતા હોય એવું વધારે લાગે. સારું છે કે, શ્વાસ આપોઆપ 'અપ-ડાઉન' થયા કરે, વેન્ટીલેટરની જરૂર પડતી નથી. બાકી કોઈ પાસે શ્વાસ લેવાનો પણ સમય નથી. મરઘાની જેમ સવારે ઉઠે છે, સસલાની જેમ દૌડે છે, ગધેડાની જેમ કામ કરે છે, તો પણ શાંતિ નથી. ઉતાવળ જ એટલી બધી કે, સમય કરતા જ વહેલો જન્મી પણ પડે, અને રીટર્ન પણ થઇ જાય. એ ધાર્મિક પણ છે, મંદિરે પણ જાય, અને જન્માષ્ટમી પણ ઉજવે. પણ મંદિરમાં ભગવાન બેઠેલા છે કે, મુઠ્ઠીવાળીને ભાગી ગયેલા છે, તે જોવાનો એની પાસે સમય નથી. મંદિર આગળથી વાહન લઈને પસાર થાય તો 'હોર્ન' વગાડીને જ પગે લાગ્યાનું પુણ્ય લે..! ગાયને રોટલી પણ ખવડાવે, પણ એ ગાય છે કે, આખલો, એ જોવાનો એની પાસે સમય નથી. એટલી ઉતાવળ..! મોબાઈલની ધુનકીમાં એટલો વ્યસ્ત બની જાય કે, પોતાના ઘરને બદલે, બાજુવાળાના ફ્લેટમાં પણ ઘુસી જાય..! સવારે જાય ત્યારે પણ છોકરા સુતેલા હોય, ને આવે ત્યારે પણ સુતેલા હોય..! છોકરાઓને ખબર જ નહિ પડે કે, મારા 'ડેડી' કોણ છે. આ ડેડ શબ્દ કદાચ એમાંથી જ આવ્યો પણ હોય..! એના કપાળમાં કાંદા ફોડું..!

મુદ્દાની વાત એ કે, પહેલા માણસો પાસે સાધનો ઓછા હતા, ને સમયનો ઢગલો હતો. એટલે સંબંધો પણ જથ્થાબંધ રહેતા. જેમ જેમ અધતન સાધનો વધતા ગયા, તેમ તેમ સમય અને સંબંધ સરકતા ગયા. મીડીયાએ એવો હુમલો કર્યો કે, પોસ્ટકાર્ડ ભૂગર્ભમાં ચાલી ગયો. મોબાઈલમાં આંગળી કરો એટલે, એક જ મીનીટમાં સંદેશાનું આદાન-પ્રદાન થવા માંડ્યું. તેમ છતાં, જવાબ નહિ આવે તો, થોડી-થોડી વારે નાના છોકરાનું 'ડાઈપર' ચેક કરીએ, એમ જોયા કરવું પડે કે, કંઈ આવ્યું..? કાનુડાનાં સમયમાં માખણ ચોરાતું, હવે સમય ચોરાવા લાગ્યો. મોબાઈલમાં આજે ઘડિયાળ છે, કેલેન્ડર છે, રીમાઈન્ડર છે, છતાં કોઈ પાસે સમય નથી. સવારે ચા પીતા પહેલાં છાપું વાંચે, અને ચા પૂરી થાય ત્યાં સુધી દેશની અર્થવ્યવસ્થા, રાજકારણ, ક્રિકેટ અને આંતરરાષ્ટ્રીય સંબંધો પર વ્યાખ્યાન કરવા માંડે. પોતાના ઘરમાં કોણ સાચું છે એનો નિર્ણય ન કરી શકે, પણ દેશનું ભવિષ્ય પાંચ મિનિટમાં નક્કી કરીને જેને તેને ભાંડવા માંડે. બારીમાંથી બહાર ઉભેલા માણસની હાલત જોઇને, એ સરકાર અને દુનિયાની વ્યવસ્થા આંકવા માંડે.

પહેલા ઘર એક મંદિર કહેવાતું, હવે ઘર એક હોટલ કે પથિકાશ્રમ..! નોકરી-ધંધેથી ઘરમાં આવવાને બદલે હોટલમાં આવ્યો હોય એમ જિંદગીને કાપે. જિંદગીને જીવવાનું જ ભૂલી ગયો. સગાવહાલાં-સ્નેહી- પરિવાર હાંસિયામાં ચાલી ગયા. મિત્રો ફેસબુકમાં કેદ થઇ ગયા. મિત્રો સાથેનું નિર્દોષ ચીટીંગ દફન થઇ ગયું, ને 'ચેટીંગ' વ્યવહાર બની ગયો..! જે કામ શ્રીકૃષ્ણ સુદર્શન ચક્રથી કરતા હતા, એ કામ હવે માણસ, મોબાઈલમાં આંગળીથી કરતો થઇ ગયો. મારે આ બધી વાતો કાનુડાને કરવી છે..! ટેન્શન નહિ લો. મારે તમને લાફવવા તો છે જ. મને ખબર છે કે, આવી બેહાલ હાલતમાં કોઈ હળવો રાખે તો એ હાસ્ય છે. હાસ્ય સમ્રાટ જયોતિન્દ્ર દવે સાચે કહેતા કે. 'હાસ્ય તો જીવન જીવવાની જડીબુટ્ટી છે..!' પણ આજકાલ માણસનું તો હાસ્ય વિલાવા માંડયું. એ કરોડપતિ થયો, પણ પતિની ભૂમિકામાંથી બહાર નીકળતો ચાલ્યો. હાસ્યલેખ વાંચતા વાંચતા શ્રદ્ધાંજલીના પાના ઉપર ક્યારે સરી પડે, ભરોસો નહિ..! જો કે, જિંદગીથી કંટાળો માણસ બીજું કરી પણ શું શકે..? શ્રદ્ધાંજલિઓ જોઈને ફિલ કરે કે, છેવટે તો આપણે આ જ સ્થળે વસવાનું છે. મારો ફોટો અહીં જ છપાવાનો છે. શ્રદ્ધાંજલિમાં એ ચેક કરતો થઇ જાય કે, મારી ઉમરવાળાની આજે કેટલાની વિકટ પડી..? જેથી ખબર પડે કે, કેટલી ઓવરમાં આપણે હવે કેટલા રન ફટકારવાના છે..? આ તો જન્માષ્ટમી આવી એટલે થયું કે, લાવ ને હું પણ એકાદ ફટાકડું નાંખું કે, કાનુડો જો આ વખતે સાક્ષાત મળે તો. મારે આ બધી વાત એના કાનમાં નાંખવી છે. ફટાકડું ફૂઈઈટુ તો ફુઈઈઈટુ, નહિ તો પછી સુરસુરિયું..! દરેક જન્માષ્ટમીએ ઉપવાસ એટલે કરું છું કે, મને બાળ સ્વરૂપે પણ ભગવાન સાક્ષાત દર્શન આપે તો અંતિમ ઈચ્છા પૂરી થાય. પણ પંજેરીના પ્રસાદ સિવાય કંઈ મળ્યું નથી. બાકી દર્શન થાય તો, આવનારી પેઢી પણ છાતી કાઢીને કહે કે, અમારા પૂર્વજોએ તો જન્માષ્ટમીમાં કાનુડાના સાક્ષાત દર્શન કરેલા..! વટ તો પડે ને યાર..? પ્રભુ ..! દર્શન આપો કે નહિ આપો પણ, આપની જન્માષ્ટમીનો દબદબો તો અમે દિલથી કરીએ. કદાચ એટલે જ તો ડુમસનો દરિયો સુરતના સ્ટેશનને, અને તિથલનો દરિયો વલસાડના ટાવરને 'ટચ' થતો નથી. બાકી અમને તો તમને શોધવાની ટેવ તો રહેવાની. અમે ભજનમાં શોધીએ, ગરબામાં શોધીએ, હિંદુ રાષ્ટ્રની ગુંજમાં શોધીએ, જન્માષ્ટમીની મટકીમાંથી નીતરતા દહીંના ટપકામાં શોધીએ, અને પંજેરીના પ્રસાદમાં શોધવાની ટેવ અમારી જવાની નથી. બાકી ઈચ્છા તો એવી થાય કે, સામે બેસીને આપ ગોકુળ વૃંદાવનની વાતો કરો, રાધા અને ગોપ ગોવાળના રાહડા સંભળાવો, અને વાંસળી સંભળાવીને અમારા દુખડા હળવા કરો..! ગીતામાં 'પ્રોમિસ' આપ્યું જ છે તો એકવાર જન્માષ્ટમીએ દર્શન આપો ને પ્રભુ..? મારે તમને પૃથ્વી ઉપર મળવું છે. આપને મળવાની તૃષાને ઠારો. આ તો ગુરુ પૂર્ણિમા આવી એટલે ગુરુજી યાદ આવ્યા, શ્રાવણ આવ્યો એટલે શિવજી યાદ આવ્યા, ને જન્માષ્ટમી આવી એટલે કાનજી યાદ આવ્યા..! અમે હિંદુ રાષ્ટ્રના સંતાન છે ને..? તંઈઈઈ?

**આ તો જન્માષ્ટમી આવી એટલે થયું કે, લાવ ને હું પણ એકાદ ફટાકડું નાંખું કે, કાનુડો જો આ વખતે સાક્ષાત મળે તો. મારે આ બધી વાત એના કાનમાં નાંખવી છે**

### લાસ્ટ બોલ

બીરબલનો વંશજ હોય એમ, ચમનીયાએ એક દિવસ ધડાકો કર્યો કે, 'રમેશિયા..! મેં એક અફલાતુન સંશોધન કર્યું છે. તને ખબર છે, જેની અટક સર-દેશપાંડે હોય, એ અટક પશ્ચિમથી પૂર્વ તરફ ગતિ કરે એટલે ટૂંકી થતી જાય.જો સાંભળ, પશ્ચિમમાં આવેલા ગોવામાં, જેની અટક 'સર દેશપાંડે' હોય, એ અટક પૂર્વ બાજુ મહારાષ્ટ્રમાં આવતા એમાંથી 'સર' ગાયબ થઇ જાય અને 'દેશપાંડે' થઇ જાય. ત્યાંથી વળી પૂર્વમાં ઉત્તર પ્રદેશ બિહાર કે મધ્ય પ્રદેશમાં આવતા, 'દેશ' શબ્દ ગાયબ થઇ જાય, અને માત્ર 'પાંડે' બની જાય. અને ત્યાંથી પણ પૂર્વમાં બંગાળ બાજુ આવતા પાંડેમાંથી 'પા' નીકળી જાય ને માત્ર 'ડે' રહી જાય..!

તારા કપાળમાં કાંદા ફોડું..!

# દરેક ભારતીયમાં એક ભારત જાગે

## યુવા શક્તિ, સંસ્કાર અને સંકલ્પથી વિશ્વને દિશા આપતું નવું ભારત




હાર્દિક જોશી, વાપી


વિશ્વ આજે પરિવર્તનના એવા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં આવનારા દાયકાઓનું ભવિષ્ય માત્ર અર્થતંત્ર, સૈન્યશક્તિ કે ટેક્નોલોજીથી નક્કી થવાનું નથી જે દેશ પાસે યુવા, શિક્ષિત, કુશળ, સંસ્કારી, સર્જનાત્મક અને જવાબદાર માનવશક્તિ હશે, તે જ દેશ આવતી સદીની દિશા નક્કી કરશે. આ વૈશ્વિક પરિસ્થિતિમાં ભારત પાસે એક એવી શક્તિ છે, જે કદાચ આવનારા સમયની સૌથી મોટી રાષ્ટ્રીય સંપત્તિ છે ભારતની યુવા શક્તિ. જ્યારે વિશ્વના અનેક દેશો વધતી વૃદ્ધ વસ્તી, ઘટતી યુવા વસ્તી, કામદારોની અછત અને સામાજિક સુરક્ષાના વધતા બોજનો સામનો કરી રહ્યા છે, ત્યારે ભારત પાસે યુવાનોની વિશાળ સંખ્યા છે. પરંતુ માત્ર યુવાનોની સંખ્યા ભારતની શક્તિ નથી આ યુવાનોને યોગ્ય શિક્ષણ, યોગ્ય સંસ્કાર, યોગ્ય દિશા, કૌશલ્ય, શિસ્ત, તક અને રાષ્ટ્રનિર્માણની ભાવના મળે ત્યારે જ આ વસ્તી ભારત માટે ઐતિહાસિક શક્તિ બની શકે છે.

આજની પેઢી વિશેષ કરીને જનરેશન ઝેડ અને તેની પાછળ આવતી નવી પેઢી અગાઉની પેઢીઓ કરતાં ઘણી રીતે અલગ છે. આ પેઢી પ્રશ્ન પૂછે છે, પોતાની રીતે વિચારવા માંગે છે, વિશ્વ સાથે એક જ ક્ષણે જોડાઈ શકે છે, નવી ટેક્નોલોજી અપનાવે છે, કૃત્રિમ બુદ્ધિમત્તાથી લઈને અંતરિક્ષ વિજ્ઞાન સુધીની નવી સંભાવનાઓને સ્વીકારે છે અને પરંપરાગત વ્યવસાયોની બહાર જઈને નવા માર્ગો શોધવાની હિંમત ધરાવે છે. આ પેઢી પાસે માહિતીની કોઈ અછત નથી પડકાર એ છે કે માહિતીમાંથી જ્ઞાન, જ્ઞાનમાંથી વિવેક અને વિવેકમાંથી જીવનનું સાચું ધ્યેય કેવી રીતે ઊભું કરવું. યુવાનોને માત્ર સફળ થવાનું શીખવવું પૂરતું નથી, તેમને સફળતાનો અર્થ પણ સમજાવવો પડશે. તેમને માત્ર કમાવાનું નહીં, સર્જવાનું શીખવવું પડશે માત્ર પોતાના માટે નહીં, સમાજ અને દેશ માટે જીવવાનું શીખવવું પડશે.

આ વાત હું માત્ર દૂરથી જોઈને નથી કહી રહ્યો. છેલ્લા ત્રણ દાયકાથી હું સતત યુવાનો સાથે જોડાયેલો છું. છેલ્લા ૩૦ વર્ષથી યુવાનોને માર્શલ આર્ટ્સનું પ્રશિક્ષણ આપતાં-આપતાં મેં તેમની આંખોમાં રહેલી આગ જોઈ છે, તેમના પરસેવામાં રહેલી મહેનત જોઈ છે, તેમની નિષ્ફળતાઓ પછી ફરી ઊભા થવાની શક્તિ જોઈ છે અને સૌથી મહત્વનું તેમની અંદર રહેલી અદભુત ઊર્જા અને સંભાવનાને નજીકથી અનુભવી છે. મેં જોયું છે કે યોગ્ય દિશા, યોગ્ય માર્ગદર્શન અને શિસ્ત મળે તો એક સામાન્ય લાગતો યુવાન પણ અસાધારણ બની શકે છે. માર્શલ આર્ટ્સે મને એક વાત ખૂબ સ્પષ્ટ રીતે શીખવી છે શક્તિ માત્ર શરીરમાં હોવી પૂરતી નથી શક્તિ પર નિયંત્રણ, મનમાં શિસ્ત, નિર્ણયમાં સંયમ અને હૃદયમાં કર્તવ્યભાવ હોય ત્યારે જ તે સાચી શક્તિ બને છે. આ જ સિદ્ધાંત રાષ્ટ્રની યુવા શક્તિને પણ લાગુ પડે છે. ભારત પાસે ઊર્જાની કોઈ અછત નથી જરૂર છે આ ઊર્જાને યોગ્ય દિશા આપવાની.

આજના યુવાનના એક હાથમાં આધુનિક ટેક્નોલોજી છે અને બીજા હાથમાં ભારતની હજારો વર્ષ જૂની સંસ્કૃતિ હોવી જોઈએ. આધુનિકતા અને પરંપરા એકબીજાના વિરોધી નથી. ભારતનું ભવિષ્ય ત્યારે વધુ શક્તિશાળી બનશે જ્યારે તેની યુવા પેઢી વિચારથી વૈશ્વિક, કાર્યથી આધુનિક અને મૂલ્યોમાં ભારતીય રહેશે. આપણે વિશ્વમાંથી શ્રેષ્ઠ જ્ઞાન સ્વીકારવું છે, પરંતુ પોતાની ઓળખ ગુમાવવી નથી. આપણે કૃત્રિમ બુદ્ધિમત્તા બનાવવી છે, પરંતુ માનવતાને ભૂલવી નથી. આપણે વિશ્વના બજારમાં સ્પર્ધા કરવી છે, પરંતુ પોતાના ગામ, પોતાના પરિવાર, પોતાના સમાજ અને પોતાની ધરતી પ્રત્યેની જવાબદારી ભૂલવી નથી. આપણે અંતરિક્ષમાં પહોંચવું છે, પરંતુ આપણા મૂળથી આકાશમાં નહીં ઉડી જવું. મૂળ મજબૂત હશે તો જ ઊંચાઈ ટકી શકશે.

ભારતની સનાતન પરંપરા આપણને માત્ર ભૂતકાળનો ગૌરવ આપતી નથી તે જીવનને સમજવાની દૃષ્ટિ આપે છે. કર્તવ્ય, સત્ય, સંયમ, સેવા, સહઅસ્તિત્વ, પ્રકૃતિ પ્રત્યે આદર, જ્ઞાનની શોધ અને સમગ્ર માનવજાતના કલ્યાણની ભાવના આ મૂલ્યો આજે પણ એટલા જ પ્રાસંગિક છે જેટલા ભૂતકાળમાં હતા. પરંતુ આ સફર સરળ નથી. યુવાનો સામે અનેક પડકારો ઊભા છે. સોશિયલ માધ્યમની લત, ખોટી માહિતીનો પ્રસાર, સતત સરખામણીથી ઊભું થતું માનસિક દબાણ, તાત્કાલિક સફળતાની અપેક્ષા, દેખાડાની સંસ્કૃતિ, વધતી અધીરાઈ, કૌશલ્ય અને રોજગાર વચ્ચેનું અંતર તથા જીવનના હેતુ અંગેની મૂંઝવણ આ બધું યુવા મનને અસર કરે છે. આપણે યુવાનોને માત્ર ઉપદેશ આપીને આ પડકારોનો સામનો કરાવી શકીશું નહીં. તેમને વિશ્વાસ આપવો પડશે, તક આપવી પડશે, સાંભળવા પડશે અને સૌથી મહત્વનું તેમને યોગ્ય દિશા આપવી પડશે. કારણ કે દિશા વિનાની ઊર્જા ક્યારેક વિનાશ સર્જી શકે છે, પરંતુ યોગ્ય દિશામાં વહેતી યુવાની એક રાષ્ટ્રનું ભાગ્ય બદલી શકે છે.

આપણે એ પણ સમજવું પડશે કે દરેક યુવાન સરકારી નોકરી મેળવી શકે નહીં અને દરેક યુવાને નોકરી શોધવી જ પડે એવું પણ નથી. ભારતને હવે માત્ર નોકરી શોધનારા યુવાનોની નહીં, પરંતુ નોકરી આપનારા, સમસ્યાઓના ઉકેલ શોધનારા, નવા ઉદ્યોગો ઊભા કરનારા, સંશોધન કરનારા, નવા વિચારો સર્જનારા અને વિશ્વસ્તરીય ઉત્પાદનો બનાવનારા યુવાનોની જરૂર છે. ભારતના નાના શહેરો, ગામડાં અને કસબાઓમાંથી પણ વિશ્વસ્તરીય વિચારો જન્મી શકે છે. એક ખેડૂત નવી ખેતી પદ્ધતિ શોધી શકે છે, એક વિદ્યાર્થી નવી તકનીક વિકસાવી શકે છે, એક યુવાન પોતાના ગામમાંથી વિશ્વ માટે વ્યવસાય ઊભો કરી શકે છે, એક શિક્ષક એક આખી પેઢીનું ભવિષ્ય બદલી શકે છે અને એક સંશોધક માનવજાતની કોઈ મોટી સમસ્યાનો ઉકેલ આપી શકે છે. પ્રતિભા માટે હવે ભૌગોલિક સીમાઓનું મહત્વ ઘટી રહ્યું છે, જરૂરી છે તો માત્ર તક, કૌશલ્ય અને અડગ સંકલ્પ.

આજે વિશ્વ ભારતને માત્ર એક વિશાળ બજાર તરીકે જોતું નથી. વિશ્વ ભારતની આર્થિક શક્તિ જોઈ રહ્યું છે, ભારતની તકનીકી ક્ષમતા જોઈ રહ્યું છે, ભારતના અંતરિક્ષ સંશોધનને જોઈ રહ્યું છે, ભારતની ડિજિટલ વ્યવસ્થાને જોઈ રહ્યું છે, ભારતના ઉદ્યોગસાહસિકોને જોઈ રહ્યું છે, ભારતની વૈશ્વિક ભૂમિકાને જોઈ રહ્યું છે. વિશ્વ ભારતને સાંભળી રહ્યું છે, ભારતને જોઈ રહ્યું છે, ભારતને નિહાળી રહ્યું છે અને ભારત કઈ દિશામાં આગળ વધે છે તેનું અવલોકન કરી રહ્યું છે. પરંતુ વિશ્વનું ધ્યાન ખેંચવું અંતિમ સફળતા નથી. વિશ્વનો વિશ્વાસ જીતવો એ સાચી સફળતા છે. ભારતે એવો વિકાસ કરવો પડશે જેમાં આર્થિક પ્રગતિ સાથે સામાજિક ન્યાય હોય, ટેક્નોલોજી સાથે માનવતા હોય, વૈશ્વિક મહત્વાકાંક્ષા સાથે સાંસ્કૃતિક આત્મવિશ્વાસ હોય અને શક્તિ સાથે જવાબદારી હોય.

ભારત આજે અનેક ક્ષેત્રોમાં આગળ વધ્યું છે, પરંતુ આપણે આત્મસંતોષમાં અટકી જવાનું નથી. શિક્ષણની ગુણવત્તા, રોજગાર, સંશોધન, આરોગ્ય, ગ્રામ્ય વિકાસ, મહિલાઓની ભાગીદારી, પર્યાવરણ, કૌશલ્ય વિકાસ, સામાજિક સમરસતા અને નવી તકનીકના જવાબદાર ઉપયોગ જેવા અનેક ક્ષેત્રોમાં હજુ વિશાળ કાર્ય કરવાનું બાકી છે. પડકારો છે પરંતુ ઉકેલો પણ છે. સમસ્યાઓ છે, પરંતુ સંભાવનાઓ પણ છે. પ્રશ્ન એ નથી કે પડકારો કેટલા મોટા છે પ્રશ્ન એ છે કે ભારતની સંકલ્પશક્તિ કેટલી મોટી છે. પડકારોથી ડરવાનું નથી, પડકારને પડકાર આપવાનો છે.

આ સંદર્ભમાં રાષ્ટ્રનિર્માણની જવાબદારી માત્ર સરકારની નથી. સરકાર પોતાની ભૂમિકા ભજવે છે, નેતૃત્વ પોતાની ભૂમિકા ભજવે છે, પરંતુ કોઈ એક વ્યક્તિ આખા દેશનું ભવિષ્ય બદલી શકે નહીં. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વારંવાર નાગરિક ભાગીદારી અને સામૂહિક પ્રયત્નની વાત કરે છે. આપ એક કદમ ચાલો તો ભારત ૧૪૦ કરોડ કદમ આગળ વધે આ વિચારને માત્ર સૂત્ર તરીકે નહીં, પરંતુ રાષ્ટ્રીય જીવનના સંકલ્પ તરીકે જોવાની જરૂર છે. એક નરેન્દ્ર મોદી પૂરતા નથી. ભારતને કરોડો નરેન્દ્રોની જરૂર છે અને અહીં નરેન્દ્ર કોઈ એક વ્યક્તિનું નામ નથી તે દરેક ભારતીયની અંદર રહેલી નેતૃત્વશક્તિ, સાહસ, કર્તવ્યભાવના, આત્મવિશ્વાસ અને રાષ્ટ્ર માટે કંઈક કરવાની ઈચ્છાનું પ્રતીક છે.

દેશ બનાવવા માટે દરેક વ્યક્તિએ સત્તાના શિખર પર પહોંચવાની જરૂર નથી. શિક્ષક પોતાના વર્ગખંડમાં ભારત બનાવે છે. ખેડૂત પોતાના ખેતરમાં ભારત બનાવે છે. વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં ભારત બનાવે છે. સૈનિક સરહદ પર ભારતનું રક્ષણ કરે છે. ઉદ્યોગસાહસિક રોજગાર ઊભો કરીને ભારત બનાવે છે. શ્રમિક પોતાના પરિશ્રમથી ભારત બનાવે છે. વિદ્યાર્થી ઈમાનદારીથી અભ્યાસ કરીને ભારત બનાવે છે. યુવાન નવી શોધ કરીને ભારત બનાવે છે. અને સામાન્ય નાગરિક પોતાના કર્તવ્યને નિષ્ઠાથી નિભાવે છે ત્યાં પણ ભારતનું નિર્માણ થાય છે. રાષ્ટ્રનિર્માણ કોઈ એક દિવસનો કાર્યક્રમ નથી તે કરોડો લોકોના રોજિંદા જીવનમાં લેવાતા નાના-નાના સારા નિર્ણયોની સતત પ્રક્રિયા છે.

આવતો સમય ભારત માટે માત્ર તક નથી તે એક ઐતિહાસિક જવાબદારી છે. વિશ્વ વૃદ્ધ થઈ રહ્યું છે અને ભારત યુવાન છે પરંતુ યુવાન હોવું પોતે જ ગૌરવ નથી. યુવાનીને જ્ઞાન મળશે તો શક્તિ બનશે, સંસ્કાર મળશે તો સંસ્કૃતિ બનશે, કૌશલ્ય મળશે તો સમૃદ્ધિ બનશે, શિસ્ત મળશે તો રાષ્ટ્રશક્તિ બનશે અને દિશા મળશે તો ઈતિહાસ બનશે.

આથી હવે ભારતની નવી પેઢીને માત્ર એટલું કહેવાનો સમય નથી કે ક્ષ્તમારું ભવિષ્ય ઉજ્જવળ છે. હવે તેમને કહેવાનો સમય છે તમારા હાથમાં ભારતનું ભવિષ્ય છે. ભારતનું ભવિષ્ય કોઈ દૂરની તારીખમાં શરૂ થવાનું નથી. તે આજથી, અત્યારે અને દરેક ભારતીયના નિર્ણયથી શરૂ થાય છે. ભારતની સદી કોઈ એક નેતાની સદી નહીં હોય. તે ભારતના દરેક યુવાનની સદી હશે. તે ખેડૂતની હશે, વૈજ્ઞાનિકની હશે, શિક્ષકની હશે, સૈનિકની હશે, ઉદ્યોગસાહસિકની હશે, શ્રમિકની હશે, વિદ્યાર્થીની હશે અને દરેક એવા નાગરિકની હશે જે પોતાના કર્તવ્યને દેશની પ્રગતિ સાથે જોડે છે.

કારણ કે ભારતને મહાન બનાવવાની જવાબદારી કોઈ એક વ્યક્તિની નથી. ભારતને મહાન બનાવવાની જવાબદારી આપણે સૌની છે. અને જ્યારે ૧૪૦ કરોડ ભારતીયો પોતાના અંદરના સામર્થ્યને ઓળખશે, પોતાના કર્તવ્યને સ્વીકારશે અને એક દિશામાં આગળ વધશે, ત્યારે ભારત માત્ર વિશ્વની સૌથી મોટી યુવા શક્તિ નહીં રહે ભારત વિશ્વની સૌથી મોટી પરિવર્તનશક્તિ બની શકે છે. હવે સમય પૂછવાનો નથી કે ભારતનો સમય ક્યારે આવશે. હવે સમય છે ભારતનો સમય આપણે જ બનાવવાનો.

આજનો યુવાન માત્ર ભારતનું ભવિષ્ય નથી.

આજનો યુવાન જ ભારતનું વર્તમાન છે.

અને એ જ ભારતના આવતીકાલનો શિલ્પકાર છે.

# આપણી શિક્ષણ પ્રણાલી વ્યવસ્થાને નવજીવન આપીએ

દર વર્ષે ની માફક ફરી પછી પાંચમી સપ્ટેમ્બર Teachers day નો પર્વ આપણી સમક્ષ આવીને ઉભો છે જે માટે હું તમામે તમામ ને શુભેચ્છા શુભ કામના પાઠવું છુ.

અતિ દુઃખ અને નિખાલસતા પૂર્વક આપણા દેશ ની આજની શિક્ષણ પ્રણાલીની અવદશા આપણે સૌએ સ્વીકારી લેવી જોઈએ. બધુજ બરાબર અને સર્વોત્તમ છે એવું ખોટે ખોટું દેખાવ કર્યા વગર આપણી શિક્ષણ પ્રણાલી અને વ્યવસ્થા ના સારવાર માટે આપણે તુરંત કંઇક પગલા ભરવાની તાતી જરૂર છે. અને તુરંત ઘોર ઊંઘ માંથી જાગવાની જરૂર છે.

કારણકે આપણાજ બાળકોનું ભવિષ્ય હાલે અંધકારમય ભાસે છે. આપણે વિચારવું જોઈએકે નીટ ના પેપર ફૂટવાના મામલેઆમ કુમળી વયના Gen Z અને આલ્ફા Z ને મેદાનમાં કેમ ઉતરવાની જરૂર પડી? શું સરકારની કોઈ જવાબદારી જ નથી. આજે દેશનો હાલ કેટલો બધો દયાજનક સ્થિતિમાં છે. એક એહવાલ પ્રમાણે ૯૦ થી ૯૫ હજાર સ્કૂલો સંપૂર્ણ બંધ કરી દેવામાં આવી છે અને જે સ્કૂલો ચાલુ છે એમાય ઘણી ખરીની હાલત તો ખુબજ ખરાબ છે.આપણી આઝાદીના ૭૦ વર્ષ થયા તેમ છતાં પણ આપણે કેમ શિક્ષણ પ્રત્યે નિરસ, નિરુત્સાહી, આળસુ, બેદરકાર બન્યા છીએ. દેશના હરેક બાળકને ઉત્કૃષ્ટ શિક્ષણ મેળવવાનો એનો Fundamental Right છે.એમ બંધારણ કહે છે. એવું નથીકે આપણે આ પરિસ્થિતિને બદલી શકતા નથી પરંતુ ઈચ્છા શક્તિ નથી.! સરકારો આવે છે સરકારો જાય છે.વગર લાયકાતના ઈસમો મોટા મોટા Port Folioના Head બની ને બેસી જાય છે. સત્તા મેળવીને તેઓ સત્તાના નશામાં ચકના ચુર બની ને પોતાની ફર્જો ની સદંતર અવગણના કરે છે પોતાના વિભાગોમાં સતત કામ કરવાની જરૂર તેઓને દેખાતી નથી. ફક્ત ને ફક્ત પોતાનું ભલું અને ઉદ્ધારનો કરવામાંજ મસ્ત રહે છે. પોતાની ફર્જોનો જરાયે ભાન નથી. આપણા ગુજરાતના એક અધિકારીનો દાખલો આપીશ ચોટીલા પૂર્વ ડેપ્યુટી કલેકટરશ્રી H.T Makwana Saheb કે જેઓ તેમના કાર્યક્ષેત્ર ની સ્કૂલોમાં જઈને શિક્ષણ ની ગુણવત્તા, બાળકોનું જમવાનું, સ્વચ્છતા, શાળાના મકાનોની Position,એક એક વસ્તુ નું બારીકાઈની નિરિક્ષણ કરે છે. જે વસ્તુની તુરંત સુધારાની જરૂર છે તો તેને તુરંત અમલ કરાવે છે. શું આવા અધિકારી ને સરકાર તૈયાર કરી સકતી નથી ?. આવા કનિષ્ઠ અને નીષ્ઠાવાન અધિકારીઓ મારફતે ઘણા સારા સુધારા થઈ શકે છે. એવાજ હાલમાં એક અન્ય અધિકારીશ્રી એ પુરા ભારતમાં તહલકો મચાવી દીધો એવા શ્રી. તુકારામ મુંડે સાહેબ (I.A.S) એમની કામગીરી પણ નોંધનીય છે. આવા બાહોસ અધિકારીઓની ચેન બનાવી શકાય અને શિક્ષણ પ્રણાલીમાં ખુબજ સુધાર લાવી શકાય.



- કે.એસ. હિમતસિંહજી જાડેજા
ચેરમેન
શ્રી રાજ રાજેશ્વરી હાઈસ્કૂલ
છરવાડા, વાપી

આપણા ગુજરાત રાજ્યના એક સમયના શિક્ષણમંત્રી આદ.શ્રી. ભુપેન્દ્રસિંહ ત્યારે શિક્ષણ વિભાગના સુકાની હતા ત્યારે ગજરાત રાજ્યમાં સ્કુલની ફી બાબતે વાલીગણ અને સ્કૂલો વચ્ચે વાદ-વિવાદ ચરમસીમા પર હતો ત્યારે તેઓની કુનેહ નો પરિચય અપાવતા તેમની દ્વારા F.R.C નું ઐતિહાસિક ગઠન કરી ને એક સુંદર અને મજબુત સમાધાન કરેલ. આ સિવાય પણ તેઓએ એમના કાર્યકાળમાં શિક્ષણ સ્તરે એટલા સુંદર અને નોંધનીય કામો પણ કર્યા તથા રાજ્યમાં Student dropping ratio કાબુમાં લઈને નહિવત લેવલે કરેલ. આવા મહાન વિભૂતિનુ એમના અનુભવ , એમની કાર્ય કરવાની રીત ભાત વિગેરેનું હાલની પ્રવતમાન સ્થિતિમાં ઉપયોગમાં લેવું ખુબજ જરૂરી છે.

વહીવટમાં આવા ફક્ત ૧૦૦ અધિકારીઓને અને શિક્ષણ વિદવાનો અલગ તારવી ને તેઓને એક આગવી જવાબદારી સોંપવામાં આવેતો એક ચમત્કાર ૧૦૦ % થઈ શકે. પરંતુ આપણા દેશના ભ્રસ્ટ નેતાઓને જાણી જોઈને કંઈ કરવું નથી.

સરકારને શિક્ષણ પ્રણાલીનુ મહત્વ સમજવું જરૂરી છે. ફક્ત ખોખલા ભાષણો કોઈ કામના નથી જમીની સ્તર પર કંઈ કામ કરી ને બતાવવું જરૂરી છે. કારણકે કોઈ પણ દેશના વિકાસનો આધારસ્તંભ ત્યાનું ફળદ્રુપ શિક્ષણ રહેલું છે. એ દેશના વિકાસમાં પાયાનું કામ કરી શકેછે. અગર એના પ્રત્યે ઉપેક્ષાદુલક્ષરાખવામાં આવ્યુંતો આવનાર દિવસોમાં દેશ અને દેશ ના નાગરિકોને ખુબજ ખુબજ મોટી નુકશાની માં ધકેલી દેશે. અને દેશના વિકાસની ગતિ અને દિશા બંને બદલાઈ જશે.દેશ બરબાદીના આરે પોહંચી જશે.

સરસ્વતી માતાને પ્રાર્થના કરીએ કે આ બની બેઠેલા મોભીઓની આંખ ખુલ્લે અને ખોટે ખોટી મોટાઈમાં રચ્યા પચ્યા રહેનારા નિષ્ઠાપૂર્વક કામ કરવા લાગે એવી આશા રાખું છું.

# સંદેશ એક આજની યુવા પેઢીને!

આજે એક તરફ અમર્યાદ અવકાશ છે યુવાપેઢી માટે તેમની કારકિર્દી બનાવવા માટે, તો બીજી તરફ ભયાવહ અને ઘાતક પરિબળો પણ વ્યાપ્ત છે જે યુવા પેઢીને અરાજકતા તરફ દોરવા માટે. આ સંજોગોમાં આજની યુવાપેઢીએ ખુલ્લી આંખ અને ખુલ્લા કાન સાથે, સારાનરસાની સભાનતા સાથે પોતાનો માર્ગ નિર્ધારિત કરવો પડશે, પોતાની કેડી કંડારવી પડશે. પોતાની ઓળખ પોતાની રીતે, આત્મબળે અને આત્મનિર્ભરતા સાથે સ્વમાનભેર પ્રાપ્ત કરવી પડશે બનાવવી પડશે.

કારણો સ્પષ્ટ છે, બેફામ સ્પર્ધાત્મકતા, તમામ ક્ષેત્રે વ્યાપેલો ભ્રષ્ટાચાર જે યુવા પેઢીના માર્ગમાં દિવાલ બની અડચણ ઉભી કરે છે. તો ટેકનોલોજી એક તરફ ઝડપભેર કલેવર બદલી સહાયક બની આગળ વધવામાં સહાયક બની ઉભરી રહી છે, તો બીજી તરફ એજ ટેકનોલોજી જો સકારાત્મક અને રચનાત્મક રીતે વાપરવાને બદલે જો વિઘાતક રીતે વાપરવાની આદત પડીને એક લત કે વ્યસન બની જાય તો કેટલી વિઘાતક બની શકે તેના રોજે રોજ આવતા સમાચાર માધ્યમો પુરાવા આપે છે. જે મોબાઈલ તમને જ્ઞાનની માહિતી પુરી પાડી સક્ષમ અને સજ્જ બનાવી શકે એજ મોબાઈલના સ્ક્રીન પર ખોટી જગ્યાએ પડતી યુવાપેઢીની આંગળી એમને પતનના દરવાજે પણ પહોંચાડી શકે છે એ વાતના પુરાવાઓ આપણને મીડીયા દ્વારા પ્રાપ્ત થઈ રહ્યા જ છે ત્યારે માત્ર યુવાપેઢીએ જ નહીં, માબાપે, કુટુંબીજનોએ, સમાજે, શ શિક્ષણ સંસ્થાઓ અને સરકારે સાવધાનીપૂર્વક એ બાબતનો ખ્યાલ રાખવો એ આજના સમયની માંગ છે. યુવા કિશોર કિશોરીઓના કુમળા માનસને કોઈ વિકૃતિ કે કોઈ લત શિકાર ન બનાવે તે માટેની સભાનતા દરેક સ્તરે અત્યંત જરુરી છે.



લાયન કિરીટ શાહ
વાપી

વધી રહેલા સીગરેટ, ડ્રગ્સ, ગાંજા, ચરસ અને બીજા અનેક નશાકારક પદાર્થો તમામ સરકારી નિયંત્રણ પછી પણ સહજ ઉપલબ્ધ હોય તેવો માહોલ આજે જ્યારે નજરે પડે છે ત્યારે એના વિઘાતક, વિનાશક, અને આકરા પરિણામો આજે જગજાહેર છે. યુવાપેઢીએ આ બાબત સાવધ થવાની જરુર છે. નશાકારક પદાર્થોથી દકૂએકર રહેવાની, એવા સંપર્કોથી અંતર રાખવાની આજે તાતી જરુર છે. યુવા પેઢીની આ વય એના જીવનનો સુવર્ણકાળ છે, ભવિષ્યના પાયાનો નિર્માણકાળ છે ત્યારે કોઈ પણ છીછરા પ્રલોભનોથી આકર્ષાયા વિના પોતાની જાતને આવતી કાલ માટે સફળતા તરફ દોરવાનો આ સુવર્ણકાળ છે ત્યારે એના મહત્વને ધ્યાનમાં રાખવું જરૂરી છે. મોબાઈલ પર પીરસાતી વિકૃત ચેનલોના બિભત્સ એપીસોડના બદલે સાહિત્યીક કૃતિઓ તરફ નજર નાખવાનો અભિગમ જ યુવા પેઢીની આવતી કાલને સુરક્ષિત રાખી સફળતા બક્ષી શકે.

આજનું રાજકારણ ફક્ત મતોના રાજકારણ તરીકે જ્યારે આ યુવાપેઢીને કોઈ બાબતે આમંત્રિત કે આકર્ષિત કરે ત્યારે એની પાછળનો આશય સમજવો પણ જરુરી છે આજની પરિસ્થિતિ જરુર યુવાપેઢીમાં આક્રોશ પેદા કરાવે તેવી હોય, યુવાપેઢીએ એની પાછળનો આશય સમજવો રહ્યો. એનો ભોગ કે એના ભાગ બનવાની જરુર નથી. ઝેનજી નામનું રાજકારણ સભર અભિયાન જે રીતે અને જે પ્રમાણે આયોજીત થયું, એની પાછળનું કારણ ભલે સબળ હોય પણ પ્રત્યેક આંદોલન જ્યારે અનિયંત્રિત કે બેકાબુ બને, કે એ આંદોલનના ઓઠા હેઠળ ક્યારેક ગુનાખોર તત્વો પણ મુખવટો પહેરી જોડાય ત્યારે શું બની શકે એ જાણવા દૂર જવાની ક્યાં જરુર છે..?

જીવનમાં શિસ્ત, સંયમ, ધીરજ, પ્રમાણિકતા અને આદર ખુબ જ મહત્વના છે. સફળ થવા માટે આ ગુણો જરુરી છે ત્યારે યુવાપેઢીએ સફળતાના અમાપ અવકાશ તરફ મીટ માંડવી જોઈએ, અન્યથા ગેરમાર્ગે, ખોટા માર્ગે દોરાયા પછી જ્યારે યુવા પેઢી માનસિક હતાશાનો ભોગ બને છે ત્યારે તે ગૂમરાહ બની ઘાતક અને વિનાશક પગલાં ભરી બેસે છે, ગૂમનામીના અંધારવનમાં ખોવાઈ જાય છે, આત્મહત્યા કે ગુનાખોરી તરફ વળી જાય છે. આવું થાય, આવી પરિસ્થિતિ નિર્માણ થાય તે પહેલાં યુવાપેઢીએ જાગવાની આ ક્ષણ છે. સફળતા તરફ દોરતા માર્ગને સ્વિકારવાની જરુર છે, આત્મવિશ્વાસ સાથે આત્મનિર્ભર બનવા તરફ અગ્રેસર થવાની આ નિર્ણાયક ક્ષણ છે. એક સ્વસ્થ, સજ્જ, સફળ અને આત્મનિર્ભર કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર માટે..!

યુવા પેઢીને દશે દિશામાંથી શુભ શુભ વિચારો સદાય પ્રાપ્ત થાઓ,
એવી શુભકામનાઓ સાથે,
ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!

# જન્માષ્ટમી



શ્રી કૃષ્ણની મૂર્તિ સામે જોતા કદીક એમ પણ થઈ આવે છે કે પેલી મુરલી કેટલી નસીબદાર છે તેને પ્રભુએ પોતાના હોઠ ઉપર ધારણ કરી છે અને તેમાંથી પ્રભુ સંગીત વહાવી રહ્યા છે પેલું મોરપીંછ કેટલું ભાગ્યશાળી છે તેને પ્રભુએ મસ્તક ઉપર ધારણ કર્યું છે અને એક ચનોઠીની માળાની ભાગ્યની તો વાત જ શું કરવી. જેને પ્રભુએ ગળામાં રાખી છે. પેલી પાસે ઊભેલી ગાય કેટલી નસીબવંતી છે પ્રભુ તેના પર પ્રેમથી હાથ ફેરવે છે પરંતુ તેઓ સૌ મૂંગા માણસોને કંઈક કહી રહ્યા છે.

પેલી મોરલી કહે છે. હું તો પોલી બની છું પોકળ બને છું ત્યારે જ મને ભગવાને પોતાની બનાવી છે તું પણ તારા જીવનમાં પોકળ બન. વાસના વિકારોથી જો તુ ઠાંસોઠાંસ ભરેલો હશે. તો તારામાંથી સંગીત કઈ રીતે નીકળશે? પ્રભુ એ મને વગાડી એટલે હું વીંધાંઈ પણ ગઈ છું. તું પણ પ્રભુ નું સંગીત તારામાથી વહે તે માટે વિંધાઈ જાવ. અર્થાત તપશ્ચર્યા કે સાધના તત્પર બને. એટલું જ નહીં મને મારી પોતાની ઈચ્છા નથી પ્રભુ વગાડે તેમ વાગવુ એટલુ જ હુ જાણુ છુ. તોપણ રામ રાખે એમ રહીએ એ વાતને તારા જીવનમાં સાકારિત કર. અને પછી જો તારા માંથી પણ પ્રભુનું સંગીત વહેવા લાગશે. જે માનવો નીરહંકારી નમ્ર પ્રભુ કાર્ય માટે કષ્ટ સહન કરવા માટે તૈયાર અને સમર્પિત કૃતિ ના બને છે તેવા સાધનો સાધન રૂપ બની ગયેલા લોકોના જીવનમાંથી પ્રભુ મધુર સંગીતના સૂર છેડે છે પણ મોરપીંછ કહે છે તારું જીવન હશે તે નહીં ચાલે ભક્તિના રંગે તારૂ જીવન રંગાઈ જવા દે. ભક્તિના રંગે રંગાયેલો ને પ્રભુ માથા પર ધારણ કરે છે વળી મોર એ સરસ્વતીનું વાહન છે સદવિધ્યા વાહક હતો પણ પ્રભુ મસ્તક પર ધારણ કરે છે. પેલી લાલ ચણોઠીની માળા કહે છે કે લાલ રંગ પ્રભુને ન્યિ છે કારણકે ક્રાંતિનો રંગ છે આસુરી સંસ્કૃતિનો નાથ કરી સમાજની દેવી ક્રાંતિ આવનારા સંઘને પ્રભુ પ્રેમથી આ લિંગન આપે છે એના ભુલીશ.

પ્રભુ ની પાસે ઊભેલી ગાય સમજાવે છે કે ભાઈ મારા પર પ્રભુ વહાલકેરો હાથ ફેરવે છે કારણકે હું મારું પ્રત્યેક વસ્તુ બીજાના ઉપયોગ માટે આપી આપી દઉં છું. મારુ દુધ પીને માણસો પુષ્ટ થાય છે. ઔષધિમાં ઉપયોગ કરે છે. છાણ ખાતર તરીકે તેઓને કામ લાગે છે. મારો પુત્ર બદળ હળ કે ગાડે જોડાઈને મારા મૃત્યુ પછી પણ મારુ ચામડુ જોડા બનાવવામાં મારા શિંગડા બટન ઈત્યાદિ બનાવવામાં તેઓને ઉપયોગી થાય છે. જેનો બીજાને માટે ઘસાઈ જાય તેની પ્રભુ પોતે સંભાળ રાખે છે.



પ્રાસંગિક
હર્ષદ દેસાઈ, વટાર

આ સૌની મૂક વાણી આપણને કૃતવ્યનુ ભાન કરાવે છે. જીવનની દિશા સુજાડે છ. આપણે સૌએ આ વાણી ભાવનાના કાનોથી સાંભળી જીવનમાં ચરિતાર્થ કરી પ્રભુના પ્રિય બની તેમનું સાનિધ્ય પ્રાપ્ય કરવા પ્રયત્નશીલ બનવું જોઈએ.ભગવાન ખાલી ભાવના ભુખ્યા છે. દુર્યોધનના છપ્પ્ર ભાગોમાં ત્યાગ કરી તેઓ બિદુરજીની ભાવવીજી ભાજી જમ્યા છે. એટલું જ નહી પરંતુ નાનામાં નાનુ અને નીચામાં નીચુ. ભગવાન શ્રી કૃષ્ણે કર્યુ છે. રાજસ્મય યજ્ઞમાં તેઓએ એકવાર એકજાડ ઉપાયો છે. અને અર્જુનની રથના સારથિ થઈ તેઓએ તેના ઘોડાને નવડાવ્યા છે. આપણે પણ સાચા ભાવથી પ્રભુ કાર્ય કરવા લાગી જઈએ તો પ્રભુ આપણી મદદે આવ્યા વગર ન રહે. મૃત્યુના પડછાયામાં ભીતિની ભમરીમાં અને આશાના અમર આશ્વાસનમાં કૃષ્ણનો જન્મ થયો. કૃષ્ણ આબાલ વૃદ્ધ સૌને પ્રિયબન્યો. તેમનું બાલ્ય યુવાનોના સમ અને વાર્ધકયનો વિસામો એટલે કૃષ્ણ. પ્રૌઢવ્ય મળી ગયુ. પરન્તુ કૃષ્ણનું બાલ્યજીવન ભર જીવતુ રહ્યુ. તે રમ્યો અને તેથી આખુ જગત તેમનામાં રમે છે. કૃષ્ણ પ્રત્યેકીક્રયામાં પ્રાણ પુર્યા છે. રમતમાં જીવન ભરનારા રમત બનાવનાર એટલે કૃષ્ણ. બુદ્ધ અને ઈશુને કોયડાઓમાંથી આરપાર જવાની હિંમત રાખવી જોઈએ. સાચા ટાનની સામે કોઈ જ સમસ્યા ટકતી નથી. આવા જ્ઞાનીને ગમે તેવા જટિલ પ્રશ્નોના જવાબ સાધ્ય હોય તે.

# ...એ ફૂલોની સુગંધ લઈ હવાના કેનવાસ પર પતંગિયું દોરી ગયો ...એ કોણ...?

સાંજના આકાશના રંગો લઈ કોઈ મારી નાનકડી ઝૂંપડીની છાણમાટીની દીવાલને રંગી ગયો. અમાસનો કાળા રંગ લઈ ઝૂંપડી બહાર વાર્લિ પ્રિન્ટિંગ કરી ગયો. એ ફૂલોની સુગંધ લઈ હવાના કેનવાસ પર રંગીન પતંગિયું દોરી ગયો.

પવન -કૃષ્ણ થઈ વાંસવનમાં વાંસળી વગાડી ગયો. રણની ઉષ્ણ રેતી પર ગંગા નદીનું ચિત્ર દોરી ગયો. કાગડાની પીંછીથી આમ્રકુંજમાં ડાળીએ કોયલનું ચિત્ર બનાવી લટકાવી ગયો.

હિમાલયના ખૂબ ઊંચા શિખર પર એ મૌન બેસી, મુનિ -ઋષિ બની ગયો! કોઈ બાળકના રડવાનો ધ્વનિ લઈ માતાના વાત્સલ્યનું ચિત્ર દોરી ગયો!

નાના બાળકને ઉપવનમાં લાવી રમત - રમાડતાં જોઈ ફૂલોને મઘમઘ હસાવી ગયો! દરિયા કિનારે ભીંની રેતીમાં બેસી ઝરણાનું ચિત્ર દોરી ગયો.

રાતે આકાશમાં ઝગમગતા તારાઓ લઈ મારી ઝૂંપડીના છત પર ગોઠવી ગયો. શિશુ બની એ મારી ડાયરીમાં ગરબડીયા હાથે સુંદર બાળ કવિતાઓ લખી ગયો. મેઘધનુના રંગો લઈ મોરપીંછ દોરેલું ચિત્ર કૃષ્ણની મૂર્તિ નજીક મૂકી ગયો! મંદિરમાં થતા ઘંટારવના ધ્વનિ લઈ , મંદિર પર ધ્વજારોહણ કરી ગયો.

શબ્દથી શબ્દ સુધી
રમેશ પટેલ, સુરત

રવીન્દ્રનાથ ટાગોરની સફેદ દાઢી જેવું ડુંગર પરથી ઝરણું વહાવી ગયો! મોનાલિસાના હાસ્ય વડે તે...જ્યોતીન્દ્ર દવેનું સુંદર (રંગતરંગ) - ચિત્ર દોરી ગયો.

ચાંદનીના તેજની કલમ ચકોરના હાથમાં આપી, ચંદ્રને પ્રેમપત્રો લખતા શીખવી ગયો! ધુમ્મસના મુખપૃષ્ઠ પર સાત અશ્વોનું ચિત્ર દોરી ગયો!

કવિ પાસે તે અનુપમ કવિતાઓ લખાવી ગયો! ડાંગના જંગલોમાં વહેતા ધોધના જલશિકરો વડે તે ઈન્દ્રધનુ દોરી ગયો! તે ધતુરાનું ફૂલ બની શિવ મંદિરમાં પૂજા કરવા બેસી ગયો .બિલીવૃક્ષ પર તે બીજનો ચંદ્ર બની ગયો. બીજચંદ્રના દાતરડા વડે તારાઓનું તૃણ વાઢી રાતના આકાશને આપી ગયો.

મેઘલી રાતે આગિયાના તેજ- જળથી રાતને ભીંજવી ગયો! ખ..ર..તાં પારિજાતના ફૂલો બની વહેલી સવારે ધરતી પર "સ્વસ્તિક" અને ૐ(ઓમ) દોરી ગયો!ઉનાઈના ગરમ પાણીના કૂંડમાંથી નીકળતી ગરમ.. વરાળ લઇ જ્વાળામુખીનું ગુસ્સો દર્શાવતું ચિત્ર દોરી ગયો! તે કવિઓના મનમાં શબ્દ -બીજ રોપી ગયો!

ધરતીને ઉનાળામાં તાપથી બચાવવા ..રક્ષવા તે વૃક્ષોની છત્રી લઈને ઊભો રહી ગયો!

તે ચંચળ હરણું બની જંગલમાં મંગલ કરી ગયો. તે નાનકડા દીપકના તેજ વડે મારી ઝૂંપડીની દીવાલ પર સૂરજનું ચિત્ર દોરી ગયો!

તે મને આજે શ્રીમદ ભગવત ગીતા, રામાયણ અને મહાભારતનું જ્ઞાન પીરસી ગયો. આકાશના શ્યામ વાદળો વડે તે મને અમીબા વિશે વિજ્ઞાનનું જ્ઞાન આપી ગયો! તે મારી હાથની હસ્તરેખામાં સુદામાનું ચિત્ર દોરી ગયો! તે મારા સ્વપ્નમાં વરસાદ વરસાવી મારી ત્વચા પર લીલુછમ્મ ઘાસ ઊગાડી ગયો. પ્રથમ વરસાદ વરસાવી ધરતીને મહેકતી કરી ગયો. ખેડૂતોના - સવેદનું રૂપાંતર કરી કણસલા ઉપર મોતીઓના દાણાઓ બની ઝળહળી ઊઠ્યો! આ કડકડતી ઠંડીમાં મારા ગળામાં શિવજીનો મફલર રૂપી - નાગ પહેરાવી ગયો! મને તે ટાગોરના શાંતિનિકેતનમાં ભણવા મૂકી ગયો. મારા ગામની શેરીઓમાં ઊડતી ધૂળની રજકણો પર સૂરજનું ચિત્ર દોરી ગયો! તાજી વિયાયેલી ભેંસના દૂધને ઉકાળી બળી બનાવી શહેરી બાળકોને એના ચપટા ચખાડી ગયો. મંદિરના પગથિયે બેઠેલા ભિખારીના કપાળ પર ચંદનનું તિલક કરી ગયો.મારા ઘરના ગ્રંથાલયોમાં બેસી મારા પુસ્તકોનું પરિશીલન કરી ગયો. મને અનેક મૌલિક વિચારોની ભેટ ધરી ગયો. મને ઊંચકીને લઈ જઈ અનેક બ્રહ્માંડોની યાત્રા -પ્રવાસ કરાવી ગયો! બાને ચૂલા ઉપર તાવડી ઉપર રોટલા ઘડતી જોઈ તાવડીને હસાવી ગયો! રણમાં તરસતા ઊંટનું ચિત્ર મૃગજળ (મરીચિકા) પર દોરી ગયો! મને તે મારી ક્ષણેક્ષણનો ઉપયોગ કરવાનું શીખવી ગયો.

ગરીબના દુ:ખ દર્દ જોઈ તે રડી પડ્યો!!!

સ્વિઝરલેન્ડમાં મારી પત્નીના અવસાન (તા.૩૦/૦૭/૨૦૧૬)ટાણે તે મારી જોડે પોક મૂકીને રડી પડ્યો!!! મારી આંગળી પકડી મને બાળપણમાં ચાલતા શીખવી ગયો. મારા દફતરનો ભાર ઉપાડી મને મારી શાળાએ મૂકી જતો! મને દુનિયાના સર્વ લોકો પ્રતિ પ્રેમ કરવાનું શીખવી ગયો. તે નાના બાળકને જોઈ બાળક બની તેની સાથે રમવા લાગ્યો!

એ યુદ્ધ ન કરવા બુદ્ધ બની દુનિયાને શીખવી ગયો. તે રંકના આંખોનું આંસુઓ બની દરિયાનું સર્જન કરી ગયો !!! તે ચાંદરૂપી ચંદ્રક મારી હથેળીમાં મૂકી ગયો.

ગુલાબના ફૂલો વડે પંડિત જવાહરલાલ નેહરુનું ચિત્ર દોરી ગયો.

સત્ય અને અહિંસાના શબ્દો વડે તે મહાત્મા ગાંધીજીનું ચિત્ર દોરી ગયો. તે નાના બાળકના ગાલ પર ચુંબન કરી ગયો. એ મારી એકાંત ક્ષણને રણઝણ.. રણઝણ... કરી ગયો. મારા હાથમાં કલમ પકડાવી આ બધું અનોખું લખાવી ગયો... એ કોણ...?!

# ગુણવત્તાયુક્ત સંશોધન

ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન (AISHE) ૨૦૧૭-૨૦૧૮ લોન્ચીંગ સમયે હયુમન રિસોર્સ મિનિસ્ટર પ્રકાશ જાવડેકરજીએ શિક્ષણમાં ગુણવત્તા, ઓટોનોમસની સાથે સાથે રિસર્ચ વર્ક ઉપર ભાર મૂકવા જણાવ્યું હતું. ૧૯૯૧ માં લિબરલાઈઝેશન, પ્રાઈવેટાઈઝેશન અને ગ્લોબલાઈઝેશન જેને ટૂંકમાં આપણે LPG તરીકે ઓળખીએ છીએ એના સંદર્ભે વિચારીએ તો ખૂબ જ રેપિડ ચેઈન્જંગ ગ્લોબલ એન્વાયરમેન્ટને પહોંચી વળવા માટે એકાઉન્ટન્સી વિષયમાં પણ નવા નવા ઈનોવેશન્સ અમલમાં આવ્યા છે અને તેથી જ આજના સેમિનારનો ટોપીક રિસર્ચ ઈન એકાઉન્ટન્સી ખૂબ જ રિલેવન્ટ છે. આ વિષય પર સેમિનાર યોજવા માટે ઈન્ડિયન એકાઉન્ટીંગ એસોસીએશન દક્ષિણ ગુજરાત બ્રાંચના હોદ્દેદારોને હાર્દિક અભિનંદન પાઠવું છું.આપણા ગુજરાત રાજયમાં કે ભારત દેશમાં પણ વર્તમાનમાં માસ એજયુકેશનને પરિણામે દર વર્ષે ઢગલેબંધ ગ્રેજયુએટ્સ, પોસ્ટ ગ્રેજયુએટ્સ અને હવે તો એન્જિનિયર્સ અને એમ.બી.એ. પણ ડિગ્રી લઈને માર્કેટમાં આવે છે. હવે આજ પરિસ્થિતિ ડોકટરેટ (Ph.D) ઉપાધિમાં પણ જોવા મળે છે. એક અંદાજ મુજબ ભારતમાં દર વર્ષે ૧૫૦૦ જેટલા પીએચ.ડી. બહાર પડે છે. ખૂબ જ મોટી સંખ્યામાં રિસર્ચ પેપર્સ -પ્રકાશિત થાય છે ત્યારે સ્વાભાવિકપણે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે પ્રકાશિત સંશોધનપત્રો પૈકી ગુણવત્તાયુક્ત રિસર્ચ પેપર કેટલા. કોલેજોમાં એ.પી.આઈ. ની ગણતરી થવા માંડી ત્યારથી સેમિનાર, પરિસંવાદ, વર્કશોપ કે કોન્ફરન્સનું આયોજન વધુ પ્રમાણમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા થતું જોવા મળે છે. પરંતુ મને કહેવા દો કે અપવાદરૂપ સેમિનારને બાદ કરીએ તો આવા પરિસંવાદ પાછળના હેતુઓ ભાગ્યે જ પાર પડે છે. સાયન્સ અને ટેક્નોલોજી ક્ષેત્રમાં જે સંશોધનો થાય છે તે સમગ્ર દુનિયામાં રિવોલ્યુશન યાને ક્રાંતિ લાવી શકે છે. આવા સંશોધનો સમગ્ર માનવજીવનને -ભાવિત પણ કરે છે. યુનેસ્કો દ્વારા કરવામાં આવેલ ઈન્ટરનેશનલ સર્વેક્ષણ (૨૦૧૦) સૂચવે છે કે સમગ્રપણે સામાજિક વિજ્ઞાનને ક્ષેત્રે ભારતનું પ્રદાન સંભવત: અર્થશાસ્ત્ર સિવાય મામૂલી અથવા નગણ્ય છે. આજે કોલેજોમાં તો પરિસ્થિતિ એવી છે કે અધ્યાપકો દ્વારા થતાં સંશોધનોનો ઉદ્દેશ ફક્ત રિસર્ચનો હોતો નથી. કેટલાક અનુસ્નાતક ડિગ્રી મેળવ્યા પછી અધ્યાપનના વ્યવસાયમાં પ્રવેશવા માટે પીએચ.ડી.ની ડિગ્રી મેળવવા રિસર્ચ વર્ક કરે છે તો વળી કેટલાક અધ્યાપકો પદોન્નતિના સાધનરૂપે (આચાર્ય બનવા કે અન્ય -મોશન મેળવવા) ડોક્ટરેટની ડિગ્રી મેળવે છે તો વળી કેટલાક તો પોતાના નામની આગળ ડોક્ટર શબ્દનું મોરપીંછ ઉમેરવા માટે પણ પીએચ.ડી.નો અભ્યાસ કરે છે ત્યારે સ્વાભાવિક રીતે જ આવા હેતુથી ડોક્ટરેટની ડિગ્રી મેળવાતી હોય તો કવોલોટી સફર થાય છે. મારા કોમર્સ ફેકલ્ટીના ડીન પદ દરમ્યાન એ પણ નોંધ્યું છે કે પીએચ.ડી સ્તરના પરીક્ષણમાં બાંધછોડ કરવાનું કે પછી ઉઠાંતરીને નજર અંદાજ કરવાનું વલણ પણ જોવા મળે છે કે જે ભયજનક બાબત છે. હાયર એજ્યુકેશનમાં સંશોધનનો અભાવ જોવા મળે એ દુ:ખદ બાબત છે. તો વળી જયાં પણ સંશોધનકાર્ય થઈ રહ્યું હોય તો તે ચીલાચાલુ સ્વરૂપે જ જોવા મળે છે. દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને ડોક્ટરેટની ડિગ્રી એનાયત કરવામાં આવે છે. ત્યારે ખરેખર દુ:ખની લાગણી અનુભવાય છે. નોકરીમાં વધુ પડતી સલામતી બાદ અધ્યાપકોમાં પણ સંશોધન વૃત્તિ ઘટેલી જોવા મળે છે. રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં પણ રિસર્ચની ધૂણી ધખાવનારા માણસો હવે ખૂબ ઓછા રહ્યા છે.



અભિવ્યક્તિ
ડો. જે.એમ. નાયક (નવસારી)
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

આજે જે પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તમાન છે તે જોતાં તો એવું લાગે છે કે પીએચ.ડી. કરવા અને કરાવવાનો જાણે અલગ વ્યવસાય અસ્તિત્વમાં આવ્યો હોય અને તે જ રીતે રિસર્ચ પેપર લખવા અને લખાવવાનો વ્યવસાય પણ અસ્તિત્વમાં આવ્યો છે. ઓટોનોમસ રિસર્ચ સંસ્થામાં પણ જાણે સંશોધન પ્રવૃત્તિમાં ઓટ આવેલી માલૂમ પડે છે.

આજના આ સેમિનારમાં સમાજ ઉપયોગી સંશોધનપત્ર રજૂ થાય એવી અપેક્ષા રાખીને સેમિનારની સફળતા માટે હાર્દિક શુભકામના પાઠવીને સાથે સાથે અભિનંદન પણ પાઠવું છું.

આજના આ સેમિનારના ઉદ્ઘાટન સમારોહમાં યુનિવર્સિટીના ફેકલ્ટીના ડીન તરીકે મને મારા વિચારો ઉપસ્થિત ડેલીગેટ્સ સમક્ષ રજૂ કરવાની તક આપી તે માટે પ્રિ.ડૉ.વી.ડી.નાયક સર અને આયોજકોનો આભાર માની વિરમું છું.

# આજનો દિવસ

## ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ (૧૮૮૮-૧૯૭૫)



સન્ ૧૮૮૮ના સપ્ટેમ્બરની ૫મી તારીખે ભારતના મહાન તત્વજ્ઞાની, વિદ્વાન અને શિક્ષક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ થયો હતો. તેમના જન્મદિવસની સ્મૃતિમાં આજેય દર વર્ષે ૫મી સપ્ટેમ્બરના દિવસને સમગ્ર ભારતમાં 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષણ અને શિક્ષક પ્રત્યે ખૂબ જ ઊંડો આદર ધરાવતા ડો. રાધાકૃષ્ણનનું સમગ્ર જીવન શિક્ષણ, જ્ઞાન અને સંસ્કારને સમર્પિત રહ્યું હતું.

તેમણે તત્વજ્ઞાન અને દર્શનશાસ્ત્રનો અભ્યાસ કરી બી.એ.ની પદવી મેળવી અને માત્ર ૨૦ વર્ષની ઉંમરે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી હતી. અભ્યાસકાળથી જ તેઓ અત્યંત બુદ્ધિશાળી, જિજ્ઞાસુ અને અભ્યાસુ વિદ્યાર્થી તરીકે જાણીતા હતા. જ્ઞાન પ્રત્યેની તેમની અતૂટ લગન અને વિષયની ઊંડી સમજને કારણે ખૂબ જ નાની ઉંમરે તેમણે શિક્ષણક્ષેત્રમાં આગવી ઓળખ બનાવી હતી. સન્ ૧૯૦૮માં પ્રેસિડન્સી કોલેજમાં તર્કશાસ્ત્રના શિક્ષક તરીકે તેમની નિમણૂક થઈ. શિક્ષક તરીકે તેઓ ખૂબ જ વિનમ્ર, મૃદુ સ્વભાવના અને વિદ્યાર્થીઓ પ્રત્યે લાગણીશીલ હતા. તેઓ પોતાના દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત રીતે ઓળખતા અને વિદ્યાર્થીની કોઈ મુશ્કેલી હોય તો તેને સમજપૂર્વક ઉકેલવાનો પ્રયત્ન કરતા. શિક્ષણને તેઓ માત્ર નોકરી કે વ્યવસાય માનતા નહોતા, પરંતુ વિદ્યાર્થીઓના જીવન ઘડવાનું પવિત્ર કાર્ય માનતા હતા. તેમની સરળ સમજાવવાની પદ્ધતિ અને વિષય પરની ઊંડી પકડને કારણે તેઓ વિદ્યાર્થીઓમાં ખૂબ જ લોકપ્રિય બન્યા.

માત્ર ૩૦ વર્ષની વયે તેઓ દર્શનશાસ્ત્રના પ્રોફેસર બન્યા. એક વાર એક વિદ્યાર્થીએ તેમને પ્રશ્ન કર્યો કે, આપે કોઈ વિદેશી પદવી મેળવી છે? ત્યારે યુવાન પ્રોફેસરે ખૂબ જ આત્મવિશ્વાસપૂર્વક અને સુમધુર રીતે જવાબ આપ્યો હતો, પરદેશની યુનિવર્સિટીમાં હું ભણાવવા જઈશ, ભણવા નહિ. તેમના આ જવાબમાં તેમના જ્ઞાન, આત્મવિશ્વાસ અને દેશપ્રેમની ઝલક જોવા મળે છે.

સન્ ૧૯૨૬માં ડો. રાધાકૃષ્ણન ઓક્સફર્ડ યુનિવર્સિટી પહોંચ્યા. ત્યાંની મેન્ચેસ્ટર કોલેજમાં તેમણે વ્યાખ્યાનો આપ્યા. ભારતીય તત્વજ્ઞાન અને સંસ્કૃતિની મહાન પરંપરાનો તેમણે વિશ્વ સમક્ષ પરિચય કરાવ્યો. તેમના પ્રભાવશાળી વિચારો અને જ્ઞાનસભર વ્યાખ્યાનોને કારણે વિદેશોમાં પણ ભારતની પ્રતિષ્ઠા વધી. તેમણે ભારતીય દર્શનને માત્ર ભારત પૂરતું સીમિત ન રાખી તેને આંતરરાષ્ટ્રીય સ્તરે પહોંચાડવામાં મહત્વનું યોગદાન આપ્યું.

સન્ ૧૯૫૦માં ડો. રાધાકૃષ્ણન મોસ્કોમાં ભારતના એલચી બન્યા. ત્યારબાદ તેઓ ભારતના ઉપરાષ્ટ્રપતિ બન્યા અને સન્ ૧૯૬૨ સુધી આ પદ પર રહ્યા. આજે પણ ૫મી સપ્ટેમ્બરે જ્યારે દેશભરમાં શિક્ષક દિનની ઉજવણી થાય છે ત્યારે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનું સ્મરણ કરવામાં આવે છે. તેમના જીવનમાંથી આપણને જ્ઞાન, વિનમ્રતા, સાદગી, દેશપ્રેમ અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાની પ્રેરણા મળે છે. સન્ ૧૯૭૫ના એપ્રિલ માસમાં તેમણે જીવનની દોડ પૂરી કરી, પરંતુ એક મહાન શિક્ષક, તત્વજ્ઞાની અને રાષ્ટ્રપુરુષ તરીકેનું તેમનું યશસ્વી જીવન આજે પણ અવિસ્મરણીય છે. તેમના વિચારો અને આદર્શો આવનારી પેઢીઓને હંમેશાં પ્રેરણા આપતા રહેશે.

# ચાલો ઉત્સવો સાદાઈથી ઉજવીએ

શૈલેષ જરીવાલા,
ઉદવાડા

ભારત દેશ ઉત્સવપ્રિય દેશ છે. આપણા દેશના વિવિધ રાજ્યોમાં કે પ્રાંતમાં પોતાની સંસ્કૃતિ પ્રમાણે તહેવારો ઉજવાય છે. અને ઉજવાવા જોઈએ. પરંતુ મર્યાદા સાથે, મર્યાદામાં ઉજવવામાં આવતો કોઈ પણ તહેવાર સુંદર લાગે છે. એના ઉત્સવોનો અતિરેક ન હોવો ઘટે. ધીરે ધીરે હવે શ્રાવણ માસ આગળ વધતો જાય છે તેમ તેમ અનેક તહેવારો આવશે. રક્ષાબંધન, જન્માષ્ટમી વિ. અને આગળ વધતા ગણેશજીના પણ શ્રીગણેશ થશે. ત્યાર બાદ નવારાત્રી આમ તહેવારોની વણજાર લાગી જશે. જયા સુધી ગુજરાત રાજયની વાત કરવામાં આવે તો અને તેમાય દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો સુરતથી ઉમરગામ સુધીના દરિયાઈ વિસ્તારમાં દક્ષિણ ગુજરાત આ વર્ષે વરસાદે તેણુ નુકશાન પહોચાડયુ. આ વખતે જુલાઈ માસના અવિરત વરસાદે સુરત તેમજ વલસાડ, નવસારી જિલ્લાનું કોઈ ગામ બાકી ન રહ્યુ. જેને નુકશાન થયુ હોય આવી વિષમ પરિસ્થિતિમાંથી જેમ તેમ માંડ સુધરવા લાગી હોય ત્યારે સામે આવી રહેલા આપા તહેવારોને પણ આ વરસે સાદગીથી ઉજવવા જોઈએ. એવુ મારુ માનવું છે. તહેવારો ધાર્મિક ભાવનાથી, ભકિતથી અને દિલથી ઉજવવા જોઈએ. નહી કે એમાં સ્પર્ધાનો ભાવ હોય, ફરી એકવાર કહુ છુ કે આપણા ધર્મનો કે ધાર્મિક તહેવારનો બિલકુલ વિરોધ નથી. તહેવારો મર્યાદામાં રહીને સાદગીથી ઉજવવા જોઈએ. એવું મારુ અંગત મંતવ્ય છે.


## With Best Compliments on Teacher`s Day




BEST WISHES FROM
THE MANAGEMENT,
PRINCIPAL, STAFF & STUDENTS
OF
MOTHER OF HOPE SCHOOL,
ASHADHAM, VAPI.



## Ibqqz!Ufbdifs©t!Ebz///
Up
Bmm!!Hsfbu!!Fevdbupst!!'!!Nfoupst








## Shree Raj Rajeshwari Vidhya Mandir

Affiliation to CBSE, New Delhi, Aff. No. 430242
Nursery to Class 12th ( Science, Commerce & Arts Groups)
Bharti Villa Garden Township, Chharwada, Vapi 396191
Call No.: 9727098046 E- Mail : srrvm2010@gmail.com



With Best Compliments
on Teacher's Day

## MAHARASHTRA MITRA MANDAL'S
## KELKAR- VAZE MARATHI VIDHYALAY, VAPI
## M.M.M. ENGLISH SCHOOL, VAPI

મહારાષ્ટ્ર મિત્ર મંડળ વાપી સંચાલિત કેળકર વઝે મરાઠી વિદ્યાલયની સ્થાપના સન્ ૧૯૮૯ માં થઈ અને આજે વિદ્યાલય પોતાના સુસજ્જ ઈમારતમાં કાર્યરત છે . વાપી પરીસરમાં રહેતા આર્થિક રીતે નબળા વર્ગના મરાઠી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ આ શાળામાં ભણતરનો લાભ લે છે. આજ સુધી ધોરણ એસ. એસ. સીના ૩૭ બેચ અમારા અનુભવી શિક્ષકો દ્વારા પૂર્ણ કરીને ગયા. શાળામાં અંગ્રેજીનો ખાસ વર્ગ, પૂર્ણ સુવિધાવાળી પ્રયોગશાળા અને વાયનાલય છે.

સાંસ્કૃતિક પ્રોગ્રામ માટે સારી તાલીમ આપવામાં આવે છે. પ્રશિક્ષિત શિક્ષક દ્વારા શાળામાં કોમ્પ્યુટર - શિક્ષણ પહેલા ધોરણથી આપવામાં આવે છે.

સન્ ૨૦૧૧ થી એમ. એમ. એમ. ઇંગ્લિશ મિડિયમ ધોરણ નર્સરી થી ધોરણ ૧૦ સુધી શિક્ષણ ચાલી રહ્યા છે. સન ૨૦૦૨ થી આય. એસ. ઓ. પ્રમાણપત્ર અમારી શાળાને પ્રાપ્ત થયેલ છે.

વિદ્યાર્થીઓને રમવા માટે મૈદાનની સુવિધા ,બાળકો માટે પિવાના પાણી માટે આર. ઓ. પ્લાટ ની સુવિધા, દરેક વર્ગના સી.સી.ટીવી કેમેરાની સુવિધા, આર.ટી.ઈ. હેઠળ પ્રવેશની સુવિધા. શાળામા ભૌતિક સુવિધા માટે વિશેષ ધ્યાન રાખવામા આવે છે શાળામાં બાળકોની બૌદ્ધિક શારીરિક અને સર્વાંગિણ પ્રગતિ થાય તેના પર ધ્યાન આપવામાં આવે છે. શાળામાં અનુભવી શિક્ષક કર્તવ્ય દક્ષ કર્મચારી વર્ગ સેવા આપે છે.

મહારાષ્ટ્ર મિત્ર મંડળ વાપી અને શાળા પરિવાર તરફથી શિક્ષક દિનની હાર્દિક શુભકામના.

**આચાર્યશ્રી**
**કેળકર વઝે મરાઠી વિદ્યાલય,**
**એમ.એમ.એમ. ઇંગ્લિશ મીડિયમ સ્કુલ,**
**મહારાષ્ટ્ર મિત્ર મંડળ, તથા ટ્રસ્ટીગણ, વાપી**

S.N. 94/1-6, Plot No. 1-4, Khodiyar Nagar, Koparali Road,
Charawada, Vapi - 396191. Tel. (0260) 2422129, Mo.6354445344



## ST. THOMAS ENGLISH MEDIUM SCHOOL (STEMS), VAPI

Wishes HAPPY TEACHERS' DAY

On the occasion of Teachers' Day, we extend our heartfelt greetings and appreciation to all the teachers who are dedicated to shaping young minds with values and brilliance. May you continue to be the light that dispels darkness, brings hope, and inspires a bright future for generations to come.




Mar Thomas Mission Compound, Daman Road, Chala, Vapi – 396191
Mob: 9586474708, website: www.stemsvapi.com, e-mail: stemsvapi@gmail.com



## SARDAR VALLABHBHAI PATEL HIGHSCHOOL


(HINDI & ENGLISH MEDIUM)
Tanki Falia, Vapi-396191, Tal. Vapi, Dist. Valsad (Gujarat)



गुरुरब्रह्मा गुरुरविष्णु: गुरुरदेवो महेश्वर:
गुरु: साक्षात् परब्रह्म तस्मै श्रीगुरवे नम: ॥

અમારા શાળા પરિવાર તરફથી શિક્ષક દિવસની હાર્દિક શુભેચ્છાઓ!





'ગુરુ એ જ્ઞાનનો દીપ છે, જે જીવનને પ્રકાશિત કરે છે.'

ગુરુ માત્ર પાઠ ભણાવતા નથી, તેઓ જીવન જીવવાની સાચી દિશા બતાવે છે. તેમના જ્ઞાન, સંસ્કાર અને પ્રેરણાથી અનેક સપનાઓને નવી ઉડાન મળે છે.

# અન્ય સમાચારો

## વાપીમાં બંધ ફ્લેટમાંથી તસ્કરો રૂા.૧.૭૧ લાખની ચોરી કરી ગયા

**પરિવાર રક્ષાબંધન કરવા ઘર બંધ કરી ૧૦ દિવસ બહાર જતાં તસ્કરોએ ખેલ પાડ્યો**

**વાપી, તા.૦૩ :** વાપી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં બંધ મકાનમાં ચોરીની ઘટના સામે આવી છે. કુંભારવાડ સાઈ વિહાર એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૩૦૨માં રહેતા જૈમીન મહેન્દ્રભાઈ મિસ્ત્રી (ઉ.વ.૩૬)ના ફ્લેટમાંથી અજાણ્યા તસ્કરો રૂા.૧,૭૧૯૮૨ની મતાના સોના-ચાંદીના દાગીના અને રોકડ ચોરી કરી ફરાર થઈ ગયા છે.

ફરિયાદ મુજબ જૈમીનભાઈ પોતાના કુટુંબ સાથે વાપીની એક્સલુર કંપનીમાં ઓપરેટર તરીકે નોકરી કરે છે. તેઓ ગત તા.૨૬ ઓગસ્ટે સવારે પત્ની સંગીતા અને માતા સાથે રક્ષાબંધન નિમિત્તે વતન નડિયાદ ગયા હતા. તેઓ ગુજરાત એક્સપ્રેસમાં વાપીથી નડિયાદ ગયા હતાં.

દરમિયાન તા.૨૦/૦૮/૨૦૨૬ ના રોજ સાંજે ૫.૩૦ વાગ્યે તેમના ફ્લેટની બાજુમાં રહેતા કલ્પેશભાઈ પટેલનો ફોન આવ્યો હતો કે તમારા ફ્લેટનું તાળું તૂટેલું છે. આ સાંભળી પરિવાર તાત્કાલિક તા.૩૧/૦૮/૧૦૨૬ના રોજ રાત્રે ૨ વાગ્યે વાપી આવ્યો હતો. ઘરમાં સામાન વેરવિખેર હતો અને બેડરૂમમાં મુકેલ લોખંડની તિજોરીનું લોક તોડી તેમાંથી પત્નીની સોનાની બુટ્ટી, ચાંદીની છડા, કંદોરો, માળા, વીંટી, નથ, જુડો, લકી, કડી, નકલેસ અને રોકડા રૂ.૧૦૦૦ મળી કુલ રૂા.૧,૭૧,૯૮૨ની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. આ મામલે વાપી ટાઉન પોલીસે અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પારડીમાં વેરો ન ભરતા ચાર મિલકત સીલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૦૩ :** પારડી નગરપાલિકાના વેરા વિભાગ દ્વારા વેરા વસુલાત અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે. લાંબા સમયથી વેરો નહી ભરતા જુદા જુદા વિસ્તારોમાં આવેલ કુલ ૪ મિલકત આજરોજ સીલ મારવામાં આવી હતી. પાલિકાએ કડક કાર્યવાહી કરી ૨ ફ્લેટ અને ૧ ગોડાઉન, ૧ દુકાનને સીલ મારી દીધી હતી. વેરા બાકીમાં ઈકબાલ ગોરીની દુકાન એસ.એમ. કન્સકસ્ટન, દુકાન વિઠ્ઠલ દાસ ભગત, ગોડાઉન માલિક બધું મળી ૬૦ હજાર રૂપિયા બાકી લેવાના હોય અને વેરા ભરતા ન હોય જેથી સીલ મારી દેવામાં આવી હતી. પાલિકાના વેરા વિભાગની ટીમ પાલિકાના ચીફ ઓફિસર કોમલબેનના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ કાર્યવાહી કરવામાં આવી છે. આથી હવે વેરા વસુલાત અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે અને જે લોકો મિલકત વેરો નથી ભરતા એવા સામે પાલિકાની કડક કાર્યવાહી હાથ ધરી દેવામાં આવી છે. સપ્ટેમ્બર મહિનાના અંત સુધીમાં તમામ વેરા બાકી નાગરિકોને વેરા ભરવા માટે પાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે. ત્યારબાદ હજી વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ચણોદ ગેટ સામે મોબાઈલ ઝૂંટવી બે બાઈક સવાર ફરાર

**વાપી, તા.૦૩ :** વાપી જીઆઈડીસી ચણોદ ગેટ સામે મોબાઈલ ઝૂંટવવાની ઘટના બની છે. ચણોદ સાઈ નગરમાં રહેતા આકાશ નંદલાલ સાહ (ઉ.વ.૨૨) જે છીરી ખાતે જય બાલાજી પેકેજિંગમાં નોકરી કરે છે, તેઓ તા.૨૧/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૫.૨૫ વાગ્યે રૂમ પરથી ચણોદ ખાતે આવેલ બ્રધર્સ જીમમાં જઈ રહ્યા હતાં.

તે દરમિયાન હાથમાં સેમસંગ ગેલેક્સી A-૩૬ કિં.રૂ.૩૧૯૯૯નો ફોન હતો, જેમાં એરટેલ અને જિયો સિમ હતા. વાપી ચણોદ ગેટની સામે જાહેર રોડ પર સેલવાસ તરફથી કાળા કલરની નંબર પ્લેટ વગરની પલ્સર પર બે અજાણ્યા ઈસમો આવ્યા હતાં.

પાછળ બેઠેલા ઈસમે હાથમાંથી ફોન ઝૂંટવી બાઈક લઈ ભાગી ગયા હતાં. પલ્સર ચાલકે કેવા કલરના કપડા પહેર્યા હતા તે યાદ નથી, પરંતુ પાછળ બેસેલાએ સફેદ કલરનો ચોકડીવાળો શર્ટ પહેર્યો હતો અને બંનેની ઉંમર ૨૦થી ૨૫ વર્ષની હતી. આ મામલે વાપી ગ્ત્ઝ્ઞ્દ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.


### TORRENT POWER | DNHDD

**Dadra and Nagar Haveli and Daman and Diu Power Distribution Corporation Limited.**
(A subsidiary of Torrent Power Limited)

**Walk in with confidence, Walk out with an opportunity**

**WALK–IN–INTERVIEW:**
- **Date: 13–09–2026 (Sunday)**
- **Venue: Vidyut Bhavan, SILVASSA, DNH**
- **Time: 10:00 AM to 04:00 PM**

| Departments | Designations | Qualifications | Experience |
|---|---|---|---|
| Distribution/Customer Service/Technical Services | Executive | B.E./B.Tech. – Electrical | 2 to 8 Years |
| | Junior Executive | Diploma – Electrical | |

**Eligibility:**
A. Individual who has cleared 10th, 12th with first class and in the first attempt.
B. B.E./B. Tech/Diploma with first class, with no academic gap **(maximum 3 backlogs/ATKTs)**

**PLEASE NOTE:**
Candidates are requested to bring a copy of their updated CV, original certificate of all semesters with degree/diploma certificate & salary slip and other relevant documents at the time of interview.

**Contact (Recruitment Team):**
If you are unable to attend the interview on the scheduled date, you may send your CVs to following email address with subject as **"CV for Executive Distribution"**,
Email address: vacancydnhdd@Torrentpower.com
DNHDD Power Distribution Corporation Limited
Address: 1st & 2nd Floor, Vidyut Bhavan, Beside GNLU, 66 KV Road, Amli, Silvassa – 396230, DNH, India


### NOTICE INVITING TENDER

**Name of work :- SITC of streetlight and tree plantation in front of Ayush Hospital along the stretch of ODR-9**

| | |
|---|---|
| Tender Notice No. | : 10 of 2026-27 |
| On line downloading start of tender documents | : 05.09.2026 12.00 Hrs |
| Pre Bid Meeting | |
| Last date & Time for Receipt Of Bid/Uploading Bid | : 09.09.2026 12.00 Hrs |
| Online Opening of Technical Bid | : 09.09.2026 15.30 Hrs |
| On line opening of Price Bid | : 09.09.2026 16.00 Hrs. (if possible) |
| Tender ID No. | 2026_UTDNH_8230_1 |
| Outward No. | : 3-2(18)/PWD.II/Road/650-dt:02.09.2026 |

For details please scan dnhtenders.gov.in ee-road-dnh.nic.in 0260 2642041

NO.: IP/DMN/2/5/2026-27/473 DATED :03/09/2026

### મહેરબાન દાદરા અને નગર હવેલીના સેસન્સ જજ સાહેબની કોર્ટમાં
મુ.સેલવાસ
સગીરની પરચુરણ અરજી ૫/૨૦૨૫

અરજદાર : ૧. સંતોષ દેવપ્પા કામલે
૨. સુમન સંતોષ કામલે (સગીર)
૩. પ્રાચી સંતોષ કામલે (સગીર)
૪. શ્રીકુમાર સંતોષ કામલે (સગીર)
બધા રહે. ફ્લેટ નંબર ૩૦૩, ત્રીજો માળ, ઘર નંબર ૩૩૯૯(૧૭), પ્લોટ નંબર ૧૨, કકડ ફળિયા સિધ્ધિવાનક, દાદરા અને નગર હવેલી.
વિરૂધ્ધ
સામાવાળા : કોઈ નથી

આથી જાહેર જનતાને આ નોટીશ જણાવવામાં આવે છે કે, મોજે સેલવાસ, તાબે દાદરા નગર હવેલી ખાતે આવેલ ફ્લેટ નંબર ૩૦૩, ત્રીજો માળ, ઘર નંબર ૩૩૯૯(૧૭), પ્લોટ નંબર ૧૨, કકડ ફળિયા, સિધ્ધિવાનક, દાદરા અને નગર હવેલી.

આ ઉપર જણાવેલ ફ્લેટ (મિલકત) અરજદાર ૧ના પત્ની પુસ્પા સંતોષ કામલેના નામે છે, જેનું મરણ તારીખ ૨૯/૦૧/૨૦૨૪ થયેલ છે. આથી તેમના વારશદાર તરીકે અરજદાર નંબર ૧ અને ૨,૩,૪ છે. ૨ થી ૪ અરજદાર સગીર હોવાથી અરજદાર ૧ ને તેમના ધંધા અને સગીરના અભ્યાશ માટે પૈસાની જરૂર હોવાથી આ મિલકત પર લોન લેવાની જરૂર હોવાથી કોર્ટમાં મંજૂરી માટે અરજી કરેલ છે. પોતાની તરફેણમાં હુકમ મેળવવા અત્રેની નામદાર શ્રી કોર્ટમાં અરજી કરેલ છે. વાસ્તત્વે આ જાહેર નોટીશ દ્વારા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેમની માંગણી પ્રમાણપત્ર આપવામાં આવે તે બાબતે જેમને તકરાર હોય તેમણે આવતી ૧૫ દિન અથવા તે પહેલા નામદારશ્રીની કોર્ટમાં હાજર રહી પોતાના વાંધાઓ રજુ કરવા,

ઉપરોક્ત દિનની તારીખ પછીથી આવેલ વાંધા કે તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જો ઉપરોક્ત તારીખ પછીથી આવેલ વાંધા કે તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જો ઉપરોક્ત તારીખ સુધીમાં કોઈ વાંધા રજુ થશે નહી તો ઉપરોક્ત અરજદારને તેમની માંગણી મુજબનું ઉપરોક્ત રવગતનું સગીરનું વાલી પ્રમાણપત્ર આપવામાં આવશે જેની નોંધ લેવી.

આજરોજ મારી સહી સિક્કા તથા કોર્ટના સિક્કા કરી આપ્યા. આજરોજ તારીખ ૩૧ માહે ઓગસ્ટ સને ૨૦૨૬

સહી/- તૈયાર કરનાર બેન્ચ કલાર્ક | સહી/- મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | સહિ/- કોર્ટના રજીસ્ટર મુખ્ય જીલ્લા ન્યાયાધીશની કોર્ટમાં દાદરા અને નગર હવેલી

### પ્રશાસન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ વન વિભાગ (વન્ય જીવ), દાદરા અને નગર હવેલી

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

વિષય : કૌચા જમાલપાડા (સર્વે નંબર ૫૬) ખાતે હરણોને સુરક્ષિત રીતે મુક્ત કરવા માટેના હોલ્ડિંગ એરિયા (આશ્રમસ્તાન) માટે ચેઈન-લિંક ફેન્સિંગ પુરું પાડવા તથા બેસાડવાનું કામ.

| | | |
|---|---|---|
| ટેન્ડર નં. | : | 8-6/FD/CSD/WL/2026/ESTMATE-732/NIT/750 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઈન ડાઉનલોડ | : | ૦૩.૦૯.૨૦૨૬ સાંજે ૧૫.૦૦ વાગ્યાથી |
| ઓનલાઈન કિંમત બિડ સબમિશન | : | ૧૮.૦૯.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ વાગ્યા |
| પ્રાઈસ બિડ ઓનલાઈન ઓપનિંગ | : | ૧૯.૦૯.૨૦૨૬ ૧૬.૦૦ વાગ્યા |
| ટેન્ડર આઈડી નંબર | : | 2026_UTDNH_8231_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
www.dnh.gov.in, www.dnhtenders.gov.in
નાયબ વન સંરક્ષક, વન જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા
NO.: IP/DMN/2/5/2026-27/747 DATED : 03/09/2026

### પ્રશાસન, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ, કેન્દ્ર શાસિત પ્રદેશ વન વિભાગ (વન્ય જીવ), દાદરા અને નગર હવેલી

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

વિષય : લાયન સફારી, વાસોના ખાતે સિંહ રાખવાના વિસ્તાર (સિંહને રાખવાની જગ્યા) તથા ક્વોરેન્ટાઈન વિસ્તારમાં ચેઈન-લિંક ફેન્સિંગનું સમારકામ મજબુતીકરણ તથા અપગ્રેડેશનનું કામ

| | | |
|---|---|---|
| ટેન્ડર નં. | : | 8-6/FD/CSD/WL/2026/ESTMATE-724/NIT/747 |
| ટેન્ડર દસ્તાવેજોનું ઓનલાઈન ડાઉનલોડ | : | ૦૩.૦૯.૨૦૨૬ સાંજે ૧૫.૦૦ વાગ્યાથી |
| ઓનલાઈન કિંમત બિડ સબમિશન | : | ૧૮.૦૯.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ વાગ્યા |
| પ્રાઈસ બિડ ઓનલાઈન ઓપનિંગ | : | ૧૯.૦૯.૨૦૨૬ ૧૬.૦૦ વાગ્યા |
| ટેન્ડર આઈડી નંબર | : | 2026_UTDNH_8229_1 |

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો
www.dnh.gov.in, www.dnhtenders.gov.in
નાયબ વન સંરક્ષક, વન જીવ, દાદરા અને નગર હવેલી, સિલવાસા
NO.: IP/DMN/2/5/2026-27/475 DATED : 03/09/2026

### :: જાહેરાત ::

આથી માલખેત તથા આજુબાજુના રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે મોજે માલખેત કરમોડા ફળિયા સ્કૂલની સામે આવેલ જૂની ટાંકી જર્જરિત હોવાથી તોડી પાડવા માટે જાહેર હરાજીથી આપવાનું નક્કી કરેલ છે. તો રસ ધરાવતા ઈસમોને તારીખ ૦૯/૦૯/૨૦૨૬ના બુધવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે માલખેત કરમોડા સ્કૂલ ખાતે હાજર રહેવા નોંધ લેવી.

હરાજીની શરતો હરાજી સમયે વાંચી સંભળાવવામાં આવશે.

તા.૦૨/૦૯/૨૦૨૬

સરપંચ
ગ્રામ પંચાયત માલખેત
તા.ઉમરગામ, જી.વલસાડ

### ફોર્મ-એ
### જાહેર ઘોષણા

[ ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્ટસી બોર્ડ ઓફ ઈન્ડિયા (કોપોરેટ વ્યકિતઓ માટે ઈન્સોલ્વન્સી રીઝોલ્યુશન પ્રક્રિયા) રેગ્યુલેશન, ૨૦૧૬ના રેગ્યુલેશન ૬ હેઠળ]

**રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડના ક્રેડિટર્સના ધ્યાન માટે**

| ક્રમ | સંબંધિત વિગતો | |
|---|---|---|
| ૧. | કોર્પોરેટ ડેબ્ટર્સનું નામ | રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડ |
| ૨. | કોર્પોરેટ ડેબ્ટરના ઈન્કોર્પોરેશનની તારીખ | ૨૩ માર્ચ, ૨૦૧૭ |
| ૩. | કોર્પોરેટ ડેબ્ટર કઈ સત્તા હેઠળ સામેલ/નોંધાયેલ છે | રજીસ્ટર ઓફ કંપનીઝ - મહારાષ્ટ્ર |
| ૪. | કોર્પોરેટ ડેબ્ટરનો કોર્પોરેટ/ઓળખ ક્રમાંક/ લીમીટેડ લાયલીટીઝ આઈડેંટીફિકેશન ક્રમાંક | U45201PN2017PLC169565 |
| ૫. | કોર્પોરેટ ડેબ્ટરની નોંધાયેલી કચેરી અને મુખ્ય કચેરી (જો હોય તો) એનું સરનામું | એસએન-૨૯, એચએન ૨૦ કોન્ધવા કેડી. કુબેક્સ સો. નજીક, શેરા સ્કુલ નજીક, પુના-૪૧૧૦૪૮, મહારાષ્ટ્ર |
| ૬. | કોર્પોરેટ ડેબ્ટર સંદર્ભના ઈન્સોલવેન્સી શરૂ થવાની તારીખ | ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૬ (જારી કરેલ હુકમ ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૬) |
| ૭. | ઈન્સોલ્વેન્સી રીઝોલ્યુશન પ્રક્રિયા બંધ થવાની અંદાજીત તારીખ | ૦૧ માર્ચ, ૨૦૨૭ (સીઆઈઆરપી શરૂ થવાની તારીખથી ૧૮૦ દિવસ એટલે કે ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૬) |
| ૮. | વચગાળાના રીઝલ્યુશન પ્રોફેશનલ તરીકે સક્રિય ઈન્સોલ્વન્સી પ્રોફેશનલના નામ અને નોંધણી ક્રમાંક | શ્રી સુરેશ ચંદ્ર જેના IBBI/IPA-001/IP-P-01540/2019-2020/12473 |
| ૯. | બોર્ડ પાસે નોંધાયા મુજબના વચગાળાના રીઝોલ્યુશન પ્રોફેશનલના સરનામા અને ઈ-મેલ. | ૫૦૧, રૂબી આઈલ, રોયલ પામ્સ, આરે મિલ્ક કોલોની, ગોરેગાંવ પૂર્વ, મુંબઈ સબર્બન, મહારાષ્ટ્ર, ૪૦૦૦૬૫ રજિસ્ટર ઈમેઈલ આઈડી : suresh.jena58@gmail.com |
| ૧૦. | વચગાળા રીઝોલ્યુશન પ્રોફેશનલ સાથે પત્રવ્યવહાર માટે વાપરનાર સરનામું અને ઈ-મેલ | ૬૦૬-૬૦૯, છઠ્ઠો માળ, મેટ્રોએવન્યુ, પરેરા હિલ રોડ, ગુંદાવલી અંધેરી (પૂર્વ), ગુંદાવલી-WEH મેટ્રો જંક્શન પાસે, મુંબઈ - ૪૦૦૦૯૯. પ્રક્રિયા ઈમેલ આઈડી : roadway.cirp@gmail.com |
| ૧૧. | દાવાઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ | ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ (ઓર્ડર મળ્યાના ૧૪ દિવસ પછી એટલે કે ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૬) |
| ૧૨. | વચગાળાના રીઝોલ્યુશન પ્રોફેશનલ દ્વારા પુષ્ટી કરાયેલ સેકશન ૨૧ ના સબસેકશન (૬એ) ના કલોઝ (બી) હેઠળ ક્રેડીટર્સના કલાસીસ (જો હોય તો) | લાગુ નહી |
| ૧૩. | કલાસીસમાં ક્રેડીટર્સના અધિકૃત પ્રતિનિધિ તરીકે વર્તનાર ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ્સના નામ (દરેક કલાસમાં ત્રણ નામો) | લાગુ નહી |
| ૧૪. | (એ) સંબંધિત પત્રકો અને (બી) ઉપલબ્ધ અધિકૃત પ્રતિનિધિઓની વિગતો | વેબ લીંક https://ibbi.gov.in/home/downlods પત્રવ્યવહાર ઈમેઈલ આઈડી roadway.cirp@gmail.com |

અહીં સૂચના આપવામાં આવે છે કે:
૧. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડની કોર્પોરેટ નાદારી નિરાકરણ પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો છે.
૨. રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડના લેણદારોને ૧૭.૦૯.૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં, એન્ટ્રી નંબર ૧૦ સામે ઉલ્લેખિત પત્રવ્યવહાર સરનામે ઇન્ટરિમ રિઝોલ્યુશન પ્રોફેશનલને પુરાવા સાથે તેમના દાવા સબમિટ કરવા માટે આહ્વાન કરવામાં આવે છે.
૩. નાણાકીય લેણદારો ફક્ત ઇલેક્ટ્રોનિક માધ્યમથી પુરાવા સાથે તેમના દાવા સબમિટ કરશે. અન્ય તમામ લેણદારો રૂબરૂમાં, પોસ્ટ દ્વારા અથવા ઇલેક્ટ્રોનિક માધ્યમથી પુરાવા સાથે દાવા સબમિટ કરી શકે છે.
દાવાઓના ખોટા અથવા ગેરમાર્ગે દોરતા પુરાવા સબમિટ કરવા પર દંડ લાગશે.

સહી/-
તા. ૦૪-૦૯-૨૦૨૬ આઈ સુરેશ ચંદ્ર જેના
સ્થળ : મુંબઇ રોડવે સોલ્યુશન્સ ઇન્ડિયા ઇન્ફ્રા લિમિટેડના સંદર્ભમાં આઈઆરપી
આઈબીબીઆઈ રજિસ્ટ્રેશન નં. : IBBI/IPA-001/IP-P-01540/2019-2020/12473
એએફએ નં. : AA1/12473/02/311226/108902 (૩૧.૧૨.૨૦૨૬ સુધી માન્ય)
પત્રવ્યવહાર સરનામું : ૦૬-૬૦૯, છઠ્ઠો માળ, મેટ્રો એવન્યુ, પેરેરા હિલ રોડ, ગુંદાવલી અંધેરી (પૂર્વ), ગુંદાવલી- ડબલ્યુઈએચ મેટ્રો જંકશન પાસે, મુંબઈ - ૪૦૦૦૯૯.
પ્રક્રિયા વિશિષ્ટ ઇમેઇલ આઈડી : roadway.cirp@gmail.com
મોબાઇલ : ૮૧૦૪૮૪૬૧૨૭

No.MAM/KNVL/RBD-DNH/200/2026/1165 Dated: 24/08/2026.

**APPLICANT - SHRI MAHESH LADAKA WAGH,**
**R/o. Dahigaon, Dhaniwari, Dahanu, Maharashtra.**
**Mob.: 9356238881/7203041501**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Sub District Hospital, Khanvel.**

**NOTICE**

The public to take note that applicant Shri Mahesh Ladaka Wagh, R/o. Dahigaon, Dhaniwari, Dahanu, Maharashtra has applied for registration of the birth of his daughter namely Mahek Mahesh Wagh, D/o. Vasanti Mahesh Wagh, who was born on 27/05/2017 at Sub District Hospital, Khanvel, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Rudana.

Therefore, the applicant has requested to issue an order to register birth of his daughter Mahek Mahesh Wagh, D/o. Vasanti Mahesh Wagh.

Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector Dadra and Nagar Haveli, Khanvel.**

### નિલકમલ લિમિટેડ
CIN: L25209DN1985PLC000162
**રજી ઓફિસ:** સર્વે નં. ૩૫૪/૨ અને ૩૫૪/૩, રાખોલી બ્રીજ પાસે, સિલ્વાસા-ખાનવેલ રોડ, વસોના ગામ, સિલ્વાસા - ૩૯૬૨૩૦
(કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ)
ફોન નં.: ૦૨૨-૪૨૩૫૮૮૮૮ • વેબસાઇટ: www.nilkamal.com • ઇમેલ: investor@nilkamal.com

Nilkamal

**નોટિસ**
**નોટિસ (ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડમાં કંપનીના ઈક્વિટી શેરોના ટ્રાન્સફર માટે)**

આથી કંપનીના શેરધારકોને કોર્પોરેટ અફેર્સ મંત્રાલય (એમસીએ) દ્વારા નોટિફાઇડ/સૂચિત કરાયેલ ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી( એકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ), નિયમો ૨૦૧૬, તા. ૭ સપ્ટેમ્બર, ૨૦૧૬ અને ત્યારબાદ સુધારેલ નિયમ તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭ની જોગવાઈઓ અંતર્ગત નોટિસ આપવામાં આવે છે.

સુધારેલ નિયમો અંતર્ગત જે શેરો પર લાગલગાટ સાત વર્ષ સુધી ડિવિડન્ડ ચૂકવવામાં આવેલ ન હોય તેવા તમામ શેરો કંપની દ્વારા ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (આઇઇપીએફ)માં તબદિલ કરવા અંગેની જોગવાઇઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

નિયમોમાં સ્થાપિત વિવિધ જરૂરિયાતો અંતર્ગત કંપની દ્વારા છેલ્લાં સાત લાગલગાટ વર્ષ, એટલે કે નાણાંકીય વર્ષ **૨૦૧૯-૨૦** (વચગાળાનું)થી જે શેરધારકોએ તેમના ડિવિડન્ડનો દાવો નહીં કર્યો હોય એવા શેર આ નિયમાનુસાર આઇઇપીએફ ઓથોરિટીને તબદિલ કરવામાં આવશે, તેવા તમામ શેરધારકોને યોગ્ય પગલાં(ઓ) લેવા હેઠળ વ્યક્તિગત રીતે તેમના છેલ્લામાં છેલ્લા ઉપલબ્ધ સરનામે સંદેશાવ્યવહાર કર્યો છે.

કંપનીએ તેની વેબસાઇટ **https://nilkamal.com** પર 'ઇન્વેસ્ટર સર્કલ' હેઠળ, આઇઇપીએફ ઓથોરિટીને તબદિલ કરવાના હોય તેવા શેરો અને શેરધારકોની સંપૂર્ણ વિગતો અપલોડ પણ કરી છે.

શેરધારકો મહેરબાની કરીને નોંધ લે કે દાવો નહીં કરાયેલું ડિવિડન્ડ અને પ્રમાણિત દાવા સુધી - જો કોઈ હોય તો- આવા શેરો પર ઉપાર્જિત તમામ લાભો સહિત આઇઇપીએફ ઓથોરિટી/ સસ્પેન્સ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા અનુરૂપ શેરો આ સંબંધે નિયમોમાં મુકરર યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા પછી આઇઇપીએફ ઓથોરિટી પાસેથી પરત લેવા ફરી દાવો કરી શકાય છે.

પ્રત્યક્ષ સ્વરૂપમાં શેરો ધરાવતા સંબંધિત શેરધારક(કો) અને જેમના શેરો આઇઇપીએફ ઓથોરિટીને તબદિલ કરવા જવાબદાર છે તેઓ નોંધ લે કે આઇઇપીએફ ઓથોરિટીને શેરો તબદિલ કરવાથી તેમને નામે નોંધણી થયેલું મૂળ શેર સર્ટિફિકેટ (ટો) આપોઆપ રદ ગણાશે અને નોન-નેગોશિયેબલ ગણાશે. ડિમેટ સ્વરૂપમાં તબદિલ કરવા માટે જવાબદાર શેરોની માત્રામાં શેરો તે શેરધારકોના ખાતામાંથી ડેબિટ કરાશે.

જો કંપની નાણાંકીય વર્ષ **૨૦૧૯-૨૦** (વચગાળાનું)ના ચૂકવેલ ડિવિડન્ડ માટે **૧૦ ડિસેમ્બર, ૨૦૨૬** સુધી સંબંધિત શેરધારકો પાસેથી કોઇ પણ સંદેશાવ્યવહાર નહીં પ્રાપ્ત કરે તો કંપની નિયમોની આવશ્યકતાનું પાલન કરવા માટે શેરહોલ્ડરોને કોઇ પણ વધુ સૂચના વિના નિયમોમાં સ્થાપિત પ્રક્રિયા અનુસાર આખર તારીખો સુધી આઇઇપીએફ ઓથોરિટીને શેરો તબદિલ કરશે. શેરહોલ્ડરો નોંધ લે કે ડિવિડન્ડ અને તેમના અનુરૂપ શેરો આઇઇપીએફ ઓથોરિટી પાસે જમા કરી દેવાય પછી કથિત નિયમો અંતર્ગત તે સંબંધમાં કંપની સામે કોઇ પણ દાવો નહીં કરી શકાશે.

શેરહોલ્ડરો અત્રે નોંધ લે કે, આવા શેરો પર ઉપાર્જિત બધા લાભો, જો કોઇ હોય તો, તે સહિત આઇઇપીએફ ઓથોરિટીને દાવો નહીં કરાયેલું ડિવિડન્ડ અને અનુરૂપ શેરો ટ્રાન્સફર કરાય તો નિયમો હેઠળ મુકરર અનુસાર આઇઇપીએફને ફોર્મ આઇઇપીએફ-૫માં અરજી સુપરત કરીને આઇઇપીએફ ઓથોરિટી પાસેથી દાવો કરી શકાય અને તે આઇઇપીએફની વેબસાઇટ **www.iepf.gov.in** પર ઉપલબ્ધ થશે.

ઉપરોક્ત વિષય પર કોઇ પણ સ્પષ્ટીકરણ માટે અમારા આરટીએ મે. એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, સી ૧૦૧, એમ્બેસી ૨૪૭, એલ.બી.એસ.માર્ગ, વિક્રોલી(પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૮૩, ટેલિ. નં. +૯૧૮૧૦૮૧૧૬૭૬૭ પર સંપર્ક કરવાની વિનંતી છે.

**નિલકમલ લિમિટેડ**
સહી/-
સ્થળ: મુંબઈ **સાગર મહેતા**
તારીખ: ૦૩.૦૯.૨૦૨૬ **કંપની સચિવ અને નોડલ ઓફિસર**


**ટેરેસ ગળે છે ??**
**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**
**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**

**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ, લોફર શુઝ, સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

**દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ**
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
Raymond, dinesh, Siyaram's, DONEAR, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬






દમણગંગા ટાઇમ્સ મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com







# વાપીમાં પર્યુષણ મહાપર્વએ કતલખાના બંધ રાખવા આવેદન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૩ :** જૈનધર્મના પવિત્ર પર્યુષણ મહાપર્વ તા ૮થી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન અહિંસા અને જીવદયાની ભાવનાને ધ્યાનમાં રાખી કતલખાના બંધ રાખવા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા મહાનગરપાલિકા તથા નગર પાલિકાઓને સત્તાવાર પત્ર પાઠવી અનુરોધ કરવામાં આવ્યો છે.


રાજ્ય સરકાર દ્વારા પર્યુષણ પર્વ નિમિત્તે મહાનગરપાલિકા તથા નગરપાલિકા વિસ્તારમાં આવેલા કતલખાના બંધ રાખવા જરૂરી કાર્યવાહી કરવા અનુરોધ કરાયો છે. સરકારના આ પત્રને પગલે વાપી મનપા હદ વિસ્તારમાં પણ કતલખાના બંધ રાખવાની માંગ ઉઠી છે.


આ અગાઉ શ્રી અજીત સેવા ટ્રસ્ટ-રાતા પાંજરાપોળ જીવદયા કેન્દ્ર, વાપી દ્વારા તા. ૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સંબંધિત સત્તાધિકારીઓ સમક્ષ લેખિત રજૂઆત કરી પર્યુષણ મહાપર્વ દરમિયાન વાપી મનપા હદ વિસ્તારમાં આવતા કતલખાના બંધ રાખવા તેમજ માંસાહારી ખાદ્યપદાર્થોના વેચાણ અંગે જરૂરી વહીવટી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.


**દમણગંગા ટાઈમ્સ**


**તા. ૦૪-૦૯-૨૦૨૬ ને શુક્રવારે જન્માષ્ટમી પર્વ નિમિત્તે દમણગંગા ટાઈમ્સ કાર્યાલય રજા પાડશે. જેથી તા. ૦૫-૦૯-૨૦૨૬ને શનિવારનો અંક પ્રસિદ્ધ થશે નહીં જેની સર્વે વાંચકોએ નોંધ લેવી**

**-વ્યવસ્થાપક**





**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**




# શિક્ષક : જીવન ઘડનાર સાચો શિલ્પી

**ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ**


– ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન હંમેશાં સર્વોચ્ચ રહ્યું છે. શિક્ષક માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન આપનાર વ્યક્તિ નથી, પરંતુ વિદ્યાર્થીના વ્યક્તિત્વને ઘડનાર, સાચા-ખોટા વચ્ચેનો ભેદ સમજાવનાર અને જીવનના માર્ગ પર આગળ વધવાની પ્રેરણા આપનાર માર્ગદર્શક છે. તેથી જ શિક્ષકને સમાજના સાચા શિલ્પી તરીકે ઓળખવામાં આવે છે.


ભારતમાં દર વર્ષે ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ તથા મહાન શિક્ષણવિદ્ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે ઉજવાય છે. તેઓ શિક્ષણને માત્ર રોજગાર મેળવવાનું સાધન નહીં, પરંતુ વ્યક્તિ અને સમાજના સર્વાંગી વિકાસનું માધ્યમ માનતા હતા.

શિક્ષક વિદ્યાર્થીના જીવનમાં એક દીવા સમાન છે. પોતે -કાશિત થઈને તે બીજાના જીવનમાં પ્રકાશ ફેલાવે છે. બાળક જ્યારે શાળામાં પ્રવેશ કરે છે ત્યારે તેની પાસે જ્ઞાનની દુનિયા વિશે ખૂબ જ મર્યાદિત સમજ હોય છે. શિક્ષક તેને માત્ર ગણિત, વિજ્ઞાન, ભાષા કે ઈતિહાસ શીખવતા નથી, પરંતુ શિસ્ત, સંસ્કાર, જવાબદારી, સમયનું મૂલ્ય, મહેનત અને માનવતાના પાઠ પણ શીખવે છે.

આજના ડિજિટલ યુગમાં માહિતી મેળવવી ખૂબ સરળ બની છે. મોબાઈલ, ઈન્ટરનેટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સમયમાં વિદ્યાર્થીને અનેક સ્રોતોમાંથી માહિતી મળી શકે છે. છતાં શિક્ષકનું મહત્વ ઓછું થયું નથી. કારણ કે માહિતી અને જ્ઞાન વચ્ચેનો તફાવત સમજાવવાનું તથા જ્ઞાનને જીવનમાં યોગ્ય રીતે ઉપયોગમાં લેવાનું માર્ગદર્શન શિક્ષક જ આપી શકે છે.

એક સારો શિક્ષક દરેક વિદ્યાર્થીની ક્ષમતા ઓળખે છે. કોઈ વિદ્યાર્થી અભ્યાસમાં આગળ હોય તો તેને વધુ ઊંચાઈ હાંસલ કરવાની પ્રેરણા આપે છે અને કોઈ વિદ્યાર્થી નબળો હોય તો તેને નિરાશ કર્યા વગર આગળ વધવા માટે -ોત્સાહિત કરે છે. શિક્ષકની એક નાની શાબાશી પણ વિદ્યાર્થીના આત્મવિશ્વાસમાં મોટો વધારો કરી શકે છે. શિક્ષક દિવસ માત્ર શિક્ષકોને શુભેચ્છા પાઠવવાનો દિવસ નથી, પરંતુ તેમના યોગદાનને યાદ કરવાનો અને શિક્ષણના મહત્વને સમજવાનો દિવસ છે. આ દિવસે વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકો પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. સાચી રીતે કહીએ તો શિક્ષકનું સન્માન માત્ર એક દિવસ પૂરતું સીમિત ન રહેવું જોઈએ. જીવનમાં સફળતા મેળવ્યા બાદ પોતાના શિક્ષકને યાદ કરવું અને તેમના સંસ્કારોને જીવનમાં ઉતારવા એ જ શિક્ષક માટે સૌથી મોટું સન્માન છે. રાષ્ટ્રનું ભવિષ્ય વર્ગખંડમાં ઘડાય છે અને વર્ગખંડમાં ભવિષ્ય ઘડવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય શિક્ષક કરે છે.









# વિશેષ વાંચન




# નાશિકનું નાનકડું ઉદમલ ગામ મહારાષ્ટ્રનું પ્રથમ ડાર્ક સ્કાઈ કોમ્યુનિટી કેન્દ્ર બનશે

**ઉદમલના માત્ર ૨૨ વર્ષના આદિવાસી યુવાન અને ભૌતિકશાસ્ત્રના વિદ્યાર્થી વિપુલ ખિરાડીની અવકાશ દર્શનની ઉત્કંઠાના કારણે નાશિક જિલ્લા પ્રશાસને ઉદમલને રાજ્યની પહેલી ડાર્ક સ્કાય કમ્યુનિટી (પ્રદૂષણમુક્ત આકાશવાળું સ્થળ) અને ભવિષ્યમાં એસ્ટ્રો-ટૂરિઝમ (ખગોળ વિજ્ઞાનનું પર્યટન) કેન્દ્ર બનાવવાની યોજના કરી છે**

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

મહારાષ્ટ્રની તિર્થનગરી નાશિક જિલ્લાના સુરગાણા તાલુકાનું અંતરિયાળ આદિવાસી ગામ ઉદમલ લાઈટના પ્રદૂષણને રામ-રામ કરીને આસમાનમાં ચમકતા તારા-સિતારાઓની રોશનીથી ઝળહળવાની તૈયારી કરી રહ્યું છે. ઉદમલના આદિવાસી યુવાન વિપુલ ખિરાડીની અવકાશ દર્શનની ઉત્કંઠાના કારણે નાશિક જિલ્લા -શાસને ઉદમલને રાજ્યની પહેલી ડાર્ક સ્કાય કમ્યુનિટી (પ્રદૂષણમુક્ત આકાશવાળું સ્થળ) અને ભવિષ્યમાં ઍસ્ટ્રો-ટૂરિઝમ (અવકાશ વિજ્ઞાનનું પર્યટન) કેન્દ્ર બનાવવાની યોજના કરી છે.

આજે હજારો યુવા વધુ સારા ભવિષ્યની તલાશમાં શહેર તરફ દોટ મુકીને પોતાનું ગામ છોડી દે છે, છે. એવા સમયમાં ઉદમલનો બાવીસ વર્ષનો વિજ્ઞાનનો વિદ્યાર્થી વિપુલ ખિરાડી માને છે કે સાચી સમૃદ્ધિ વિજળીની રોશનીથી નહિં પરંતુ અંધારાને ચિરતા સિતારાના ૧ કૂદરતી ઉજાસમાં છૂપાયેલી છે.

બાવીસ વર્ષના ભૌતિકશાસ્ત્રના વિદ્યાર્થી વિપુલની આ સફર એક સાધારણ ઘટનાથી શરૂ થઈ હતી, ૨૦૧૯માં ૧૪ વર્ષનો વિપુલ - સતાનાની એકલવ્ય ઈંગ્લિશમીડિયમ રેસિડેન્શિયલ સ્કૂલમાં રહીને આઠમા ધોરણનો વિદ્યાર્થી હતો ત્યારે પુણેની ઍસ્ટ્રોનઍરા સંસ્થા દ્વારા આયોજિત તારા દર્શન કાર્યક્રમમાં ગયો હતો, ત્યારથી વિપુલને આસમાનમાં ચમકતા તારા-સિતારાઓમાં એટલો ઉંડો રસ પડ્યો કે આજે પોતાના ગામ ઉદમલને ગ્લૉબલ ઍસ્ટ્રો-ટુરિઝમ મૅપ ઉપર લાવવાનું સપનું સાકાર કરવા જઈ રહ્યો છે.

વિપુલના આ મિશનનો હેતુ પોતાના ગામ ઉદમલ અને આસપાસના વિસ્તારને ડાર્ક સ્કાય કમ્યુનિટીમાં પરિવર્તિત કરવાનો છે, એક એવું સ્થળ કે વિસ્તાર જ્યા રાત્રે આસમાનને લાઈટના પ્રદૂષણથી મુક્ત કરીને તારા-સિતારાઓના સિતારાઓના કૂદરતી ઉજાસથી ઝળહળાં કરવો અને એને શિક્ષણ, સંરક્ષણ અને પર્યટનનું કેન્દ્ર બનાવવો.

વિપુલે જણાવ્યું હતું કે તારાની ટમટમનું મને વ્યસનની હદે આકર્ષણ છે. ૧૪ વર્ષની વયે પહેલીવાર તારાદર્શનથી મને એટલી ઉત્કંઠા હતી કે ઍસ્ટ્રોનઍરાના ડિરેક્ટર શ્વેતા ઈવેન્ટ્સમાં જોડાવાનું કહ્યું. વૉલિયન્ટર તરીકે આ સંસ્થાનાદેશભરમાં યોજાતા કાર્યક્રમમાં હું સાથે હતો એ સમય દરમિયાન મને એક એવી દૂનિયાના દર્શન થયા કે અંધારું પણ એક સંશાધન બની શકે છે.

આવી જ એક ઈવેન્ટમાં વિપુલ મનાલીમાં હતો ત્યારે





એને વિચાર આવ્યો કે મનાલીની જેમ મારૂં ગામ પણ વિશ્વના નકશામાં કેમ ન ચમકી શકે? વિપુલે વિચાર્યું કે નાશિક જિલ્લાના સુરગાણા તાલુકાની પહાડીઓ વચ્ચે વસેલું પોતાનું આદિવાસી ગામ ઉદમલ શહેરી ચકાચોંધથી દૂર છે, આ વિસ્તારમાં એક એવી વસ્તુ છે જે ભારતમાં ઝડપથી દૂર્લભબનતી જાય છે. પ્રાકૃતિક અંધારાથી આચ્છાદિત આસમાન અને અંધારાને ચિરતો ચારા-સિતારાઓને ટમટમાટ અને પ્રકાશ. વિપુલને લાગ્યું કે અંતરિયાળ વિસ્તારમાં રાત્રીના અંધારામાં રોજ ઘેરાતું મારું ગામ કોઈ નબળાઈ નથી પણ સાચી શક્તિ છે. જો કે ગામના લોકોને વિપુલે વાત કરી ત્યારે કેટલાક લોકોને ચિંતા હતી કે ડાર્ક સ્કાય પ્રોજેક્ટથી ગામમાં વિજળી કે જો કે વિપુલ ગામના ઘરે-ઘરે ગયો અને સમજાવ્યું કે આગામને અંધારામાં ધકેલવાનું નથી પરંતુ સ્માર્ટ લાઈટ (કૂદરતી ઉજાસ)થી લોકોને આરામ અને માનસિક શાંતિ મળે અને આસમાનમાં ચમક્તા સિતારાઓના રોજ દર્શન પણ થાય. ગામના લોકોને એ સમજાવ્યું કે, મારા મિશનમાં આપણું સૌનું ઉજળું ભવિષ્ય છૂપાયેલું છે. બસ આ સૌને સમજાવવાનું કામ સફળતાથી પાર પડ્યું, હવે ગામને એક વિશેષ અને કૂદરતી ઉજાસથી ઝળહળતાં ઍસ્ટ્રો ટૂરિઝમમાં પરિવર્તિત કરવાની તક મળી. આ પ્રોજેક્ટથી માત્ર ગામનો દૂનિયાના નકશામાં સમાવેશ જ નહીં થાય પરંતુ ગામના લોકોને કમાણી કે રોજગારીની વિપુલ તકો પણ મળશે. વિપુલની વાત સાથે ગામના લોકો સહમત થયા અને સ્થાનિક પ્રશાસન સમક્ષ એણે આ પ્રસ્તાવ રાખ્યો. ઍસ્ટ્રોઍરા સંસ્થાએ ગામના લોકો અને સ્થાનિક પ્રશાસન સાથે મળીને આ પ્રોજેક્ટ ઉપર કામ ચાલું કર્યું. એક સામાન્ય કિશોરની ઉત્કંઠા અને સપનાના કારણે આ પહેલ એક સામૂહિક આંદોલન કે મિશન બની ગયું. શ્વેતા કુલકર્ણીએ જણાવ્યું હતું કે સ્થાનિક લોકોની ભાગિદારી જ આ યોજનાને વિશેષ બનાવે છે.

**બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન અને ઇન્સ્પાયર એવોર્ડ અભિમુખતા**

# ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં કાર્યશાળા યોજાઈ



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વલસાડ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલસાડના સંયુક્ત ઉપક્રમે તા. ૦૧ અને ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન વલસાડ જિલ્લાના વિજ્ઞાન શિક્ષકો માટે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન અને ઈન્સ્પાયર એવોર્ડ અભિમુખતા કાર્યશાળા ૨૦૨૬-૨૭ અંગે બે દિવસીય માર્ગદર્શન કાર્યશાળાનું આયોજન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે પ્રાથમિક શાળાના વિજ્ઞાન શિક્ષકો અને બીજા દિવસે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિજ્ઞાન શિક્ષકોએ કાર્યશાળામાં ભાગ લીધો હતો.

કાર્યશાળા દરમિયાન જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી. રાઠોડ દ્વારા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન અને ઈન્સ્પાયર એવોર્ડ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને તેમની આસપાસની સમસ્યાઓનું અવલોકન કરી તેના વૈજ્ઞાનિક અને નવીન ઉકેલો શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં શિક્ષકોની ભૂમિકા સમજાવી હતી. તેમજ વિદ્યાર્થીઓના વિચારોને પ્રોજેક્ટના સ્વરૂપમાં વિકસાવવા, યોગ્ય વિષયની પસંદગી કરવા તથા વૈજ્ઞાનિક કૃતિઓના નિર્માણ અને પ્રસ્તુતીકરણ અંગે જરૂરી માહિતી આપવામાં આવી હતી. તેમણે નિર્ણાયકો દ્વારા ગુણાંકન કઈ રીતે કરવામાં આવે છે, ગુણાંકનના માપદંડો તેમજ કઈ બાબતોમાં કાળજી રાખવી તે અંગે પણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ડૉ. ભદ્રેશ આર. સુદાણી, આસિસ્ટન્ટ પ્રોફેસર, GEC, વલસાડ દ્વારા ઈન્સ્પાયર એવોર્ડ યોજના અને બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન અંગે માહિતીપ્રદ સત્ર યોજવામાં આવ્યું હતું.

તેમણે વિદ્યાર્થીઓમાં રહેલી નવીન પ્રતિભાને ઓળખી તેને યોગ્ય દિશામાં વિકસાવવામાં શિક્ષકોની ભૂમિકા અંગે સમજાવ્યું હતું. તેમણે સમસ્યાનું મૂળ કારણ જાણવા માટે પાંચ વખત “Why?” પૂછવાની જાપાનીઝ પદ્ધતિ અંગે સમજાવ્યું હતું, જેથી સમસ્યાના નિવારણ માટે યોગ્ય ઉપાયો શોધી શકાય.કાર્યશાળાનું વર્ગસંચાલન શ્રી પંકજકુમાર એમ. દેસાઈ, સિનિયર લેક્ચરર, DIET, વલસાડ અને ડૉ. દર્શના ડી. પટેલ, લેક્ચરર, DIET, વલસાડ દ્વારા કરવામાં આવ્યું હતું. બે દિવસીય આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોને બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનના વિષયો, વિદ્યાર્થીઓ દ્વારા વૈજ્ઞાનિક કૃતિ તથા મોડેલના નિર્માણ, પ્રોજેક્ટની રજૂઆત તેમજ ઈન્સ્પાયર એવોર્ડ યોજના અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. કાર્યશાળા દરમિયાન બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનની મુખ્ય થીમ ટકાઉ અને વિકસિત ભારત માટે વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવાચાર અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

બે દિવસીય કાર્યશાળામાં કુલ ૭૫ વિજ્ઞાન શિક્ષકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત, શિક્ષકોને વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) અને નેશનલ સાયન્સ સેમિનાર અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

# આહવામાં રોબોટિક્સ મોડેલ નિદર્શન યોજાયું



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ અંતર્ગત આવનાર ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર પ્રેરિત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-ડાંગ દ્વારા રોબોટિક્સ મોડેલ નિદર્શન કાર્યક્રમ વલ્લભ વિદ્યાલય (ઉત્તર બુનિયાદી), આહવા ખાતે યોજાયો.


ઉપરોક્ત કાર્યક્રમ મિતેશ્વરી આર. પટેલ વિજ્ઞાન શિક્ષક, વલ્લભ વિદ્યાલય ઉત્તર બુનિયાદી માધ્યમિક અને ઉ.મા. શાળા, આહવાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં આઈ.પી. ઓફિસર મુકેશભાઈ ગાયકવાડ દ્વારા વિદ્યાર્થીઓને રોબોટિક્સ વિશે પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી.

આઈ.પી. ઓફિસર દ્વારા વિદ્યાર્થીઓએ હ્યુમનોઇડ રોબોટ, લાઈન ફોલોવર કાર અને ડ્રોન જેવા મોડેલ બતાવી વ્યવહારૂ જીવનમાં તેના ઉપયોગ વિશે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા રીમોટ કંટ્રોલ થકી હ્યુમનોઇડ રોબોટ, લાઈન ફોલોવર કાર અને ડ્રોન જેવા સાધનો જાતે જ ચલાવવામાં આવ્યા હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં ૪૫ જેટલા વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો સહભાગી થયા હતા.



# સૂર્યમંડળમાં કુદરતી ઉપગ્રહોની વસ્તી હવે ૪૫૫ થઈ ગઈ

**શનિ સૌથી વધુ ૨૯૩ ઉપગ્રહો સાથે પ્રથમ, ગુરુ ૧૧૫ સાથે બીજા ક્રમે ધકેલાયો : પ્લુટોના ૫ ઉમેરતા ૪૬૦ થયાં**




**વિજ્ઞાનજગત**
**લેખક :દીપક જગતાપ**

૧૨ ઑગસ્ટ ૨૦૨૬ સુધીના ઉપલબ્ધ NASA/IAU આંકડા પ્રમાણે આઠ ગ્રહોની આસપાસ કુલ ૪૫૫ જાણીતા કુદરતી ઉપગ્રહો છે.અહીં ઉપગ્રહનો અર્થ ગ્રહની પરિક્રમા કરતો કુદરતી ઉપગ્રહ—અર્થાત્ ચંદ્ર—થાય છે; માનવસર્જિત સેટેલાઇટનો સમાવેશ નથી.

આમતો ગુરુ એ આપણા સૌરમંડળનો સૌથી મોટો ગ્રહ છે. ગુરુ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુનને જોવિયન ગ્રહો કહેવામાં આવે છે. યુરેનસને ૨૮ ચંદ્ર છે, નેપ્ચ્યુનને ૧૬, મંગળને ૨ અને પૃથ્વીને ૧ ચંદ્ર છે. શુક્ર અને બુધને કોઈ ચંદ્ર નથી. જયારે બૃહસ્પતિ એટલે કે ગુરુ ને ૧૧૫ ચંદ્ર છે. અમેરિકન ખગોળશાસ્ત્રીઓએ ગુરુની આસપાસ ફરતા વધુ નવા ૧૨ નવા ચંદ્ર શોધી કાઢ્યા હતાં ,ત્યારે ગુરુ સૌથી વધુ ચંદ્ર ધરાવતો ગ્રહ બની ગયો હતો.

ગુરુને હવે ૧૧૫ ચંદ્ર છે. પણ સૌથી વધું ચંદ્રો ધરાવવાનું માન શનિએ ગુરુ પાસેથી છીનવી લીધું છે હવે શનિના હાલમાં સૌથી વધારે ૨૯૩ચંદ્ર છે. ગુરુ એ આપણા સૌરમંડળનો સૌથી મોટો ગ્રહ છે. ગુરુ, શનિ, યુરેનસ અનેનેપ્ચ્યુનને જોવિયન ગ્રહો કહેવામાં આવે છે. યુરેનસને ૨૮ ચંદ્ર છે, નેપ્ચ્યુનને ૧૬, મંગળને ૨ અને પૃથ્વીને ૧ ચંદ્ર છે. શુક્ર અને બુધનો કોઈ ચંદ્ર નથી.

આપણા સૂર્યમંડળના કૂલ ૯ ગ્રહો અને તેના ઉપગ્રહ (ચંદ્ર)નો પરિવાર ક્રમશ-મોટો થઈ રહ્યો છે. ગ્રહોના ઉપગ્રહ વિશે રોજબરોજ નવા શોધ સંશોધનો થતાંજાય છે. જેમા દરેક ગ્રહોના ઉપગ્રહો (ચંદ્ર) જેમ જેમ નવા શોધતા જાય છેતેમ તેમ ચંદ્રની સંખ્યા વધતી જાય છે એ જોતાં ઉપગ્રહો વચ્ચે પણ સ્પર્ધા જામતી હોય એમ લાગે છે. હા, અત્યાર સુધી શનિ ગ્રહ સૌથી વધુ ઉપગ્રહોનું માન જાળવી અવ્વલ નંબર ૫૨ રહેતો હતો, પણ હવે ગુરુ અને શનિ વચ્ચે આ સ્પર્ધા શરૂ થઈહતી જેમાં ફરી એક વાર શનિ મેદાન મારી જઈ ૨૯૩ ચન્દ્રો સાથે અવ્વલ નંબરે છે.

સૌરમંડળના એક માત્ર વલયધારી ગ્રહ તરીકેનો દરજ્જો શનિ ગ્રહ ભોગવતો હતો. એ બાદ તો આઉટર પ્લેનેટ ગણાતા ગુરુ, નેપ્ચ્યૂન અનેયુરેનસને પણ વલયો મળી આવતા શનિના વલય ઉપરનો એકાધિકાર ખતમ થઈ ગયો હતો. હવે વર્ષો બાદ શનિ ગ્રહે પણ ગુરુગ્રહ પાસેથી સૌથી વધુ ઉપગ્રહધરાવતા ગ્રહ તરીકેનો દરજ્જો છીનવી લીધો છે.ગુરુની રેસમાં શનિએ એગુરુને પછાડતા સૌરમાળામાં સૌથી વધુ ઉપગ્રહો ધરાવવાનું બહુમાન હવે શનિનેફાળે ગયું છે. આમ હવે શનિના ઉપગ્રહોની સૌથી વધુ સંખ્યા ૨૯૩ થઈ ગઈ છે. જ્યારેગુરુના ચંદ્રોની સંખ્યા ૧૧૫ થઈ બીજા નંબરે આવી ગયો છે.

ખગોળશાસ્ત્રીઓના જણાવ્યા પ્રમાણે આ ઉપગ્રહો કદમાં લગભગ સરખા છે. તમામનો વ્યાસ પાંચ કિલોમીટર છે. આ ૨૦ ઉપગ્રહોમાંથી ૧૭ ઉપગ્રહો શનિની ફરતે શિન તેની ધરી પર ફરે છે, તેની વિરુદ્ધ દિશામાં ચક્કર કાપે છે! એક મોટો ઉપગ્રહ તૂટતાં આ ઉપગ્રહો બન્યા હશે!શનિની ભ્રમણદિશા કરતાં ઊલટી ગંગા જેવા ઘૂમતા આ ઉપગ્રહો એવાસંકેત આપે છે કે, ક્યારેક તેઓ મોટો ઉપગ્રહ હશે, જે ક્યારેક ભાંગીને ભુક્કો

થઈ ગયો હશે, જેમાંથી આ ઉપગ્રહો બન્યા છે! એક મોટા ઉપગ્રહમાંથી તેઓપેદા થયા હશે. આ જ પ્રકારના ઉપગ્રહો ગુરુની ફરતે પણ જોવા મળે છે. ઉપગ્રહોની ઉત્પત્તિ સમયે શનિ કેવો હશે તેનાં રહસ્યો જાણી શકાશે.

આ શોધ કરનારી ખગોળશાસ્ત્રીની ટીમનું નેતૃત્વ કરવારા કેરનેજી ઈન્સ્ટિટ્યૂશનફૉર સાયન્સના સ્કોટ એસ. શેપર્ડના જણાવ્યા પ્રમાણે આ ઉપગ્રહોની ભ્રમણકક્ષાનો અભ્યાસ કરતાં તેમની ઉત્પત્તિનાં રહસ્ય ખૂલશે, સાથે સાથે તેમની ઉત્પત્તિ સમયેશનિની ફરતે કેવી સ્થિતિ હતી, તેની માહિતી પણ મળી શકે છે. શનિના નવા ઉપગ્રહોની સંખ્યા વધીને ૨૯૩ થઈ છે. ખગોળવિદોએ નવા ૨૦ ઉપગ્રહો શોધી કાઢતાં શનિની ફરતે પરિક્રમણ કરતા ઉપગ્રહોની સંખ્યા વધીને ૨૯૩ થઈ ગઈ છે. સામાન્ય રીતે ગ્રહ રચાયા બાદ તેને ઉપગ્રહો રચાતા હોય છે. અહીં એમ લાગેછે કે, શનિનો કોઈ મોટો ઉપગ્રહ ક્યારેક કોઈ સાથે અથડાઈને ભાંગ્યો હશે અને તેમાંથી આ ઉપગ્રહો રચાયા હશે. ખેર, હજુ વધુ અભ્યાસ બાદ ખગોળશાસ્ત્રીઓશનિ અને તેના ઉપગ્રહો અંગે વધુ રહસ્યો છતાં કરી શકે એમ છે.

હવે આપને સૂર્યમંડળનાં તમામ ગ્રહોની છેલ્લી ઉપગ્રહોની કુલ સંખ્યા પણજાણી લઈએ. આપણા બે ગ્રહો એવા છે શુક્ર અને બુધ આ બે ગ્રહોને કોઈ ઉપગ્રહો નથી. ત્યાર પછી ગુરુને ૧૧૫, શનિને ૨૯૩ ચંદ્ર, યુરેનસને ૨૮ ચંદ્ર, નેપ્ચ્યુનને ૧૬ ચંદ્ર, મંગળ ને ૦૨ ચંદ્ર પ્લૂટો ને ૦૫ ચંદ્ર અને પૃથ્વી ને ૦૧ ચંદ્રમળી સૂર્યમંડળના ઉપગ્રહોની સંખ્યા ૪૫૫(પ્લુટો ના પગણીએ તો ) ૪૬૦થઈ ગઈ છે.

હવે દરેક ગ્રહ વિશે ટૂંકી માહિતી પણ જાણી લઈએ.

૧) મંગળ ગ્રહ : મંગળની પાસે ૨ ચંદ્ર છે - ફોબોસ, જેનો વ્યાસ ૧૩.૮ માઈલ છે અને

ડીમોસ જેનો વ્યાસ ૭.૮ માઈલ છે.

૨) ગુરુ ગ્રહ : ગુરુના બીજા ૧૨ ચંદ્રની શોધ કરવામાં આવી છે. આ વિશાળ ગ્રહની ચારે બાજુ ચક્કર લગાવનાર હવે ૧૧૫ચંદ્ર થઈ ગયા છે. ગુરુનો વ્યાસ લગભગ૧૩૯,૮૨૦ કિમી છે તો તેની તુલનામાં ચંદ્ર ખૂબ નાનો છે.

ઈટાલિયન ખગોળશાસ્ત્રી ગેલિલિયોએ૧૬૧૦માં પ્રથમ વખત ગુરુ અને તેના ચંદ્રની શોધ કરી હતી.

અમેરિકાના કાર્નેગી ઈન્સ્ટિટ્યૂશન ફૉર સાયન્સના ખગોળશાસ્ત્રી સ્કોટ શેપર્ડે ગુરુના ૧૨ નવા ચંદ્રની શોધ વિશે માહિતી આપી હતી. શેફર્ડે અત્યાર સુધીમાં ગુરુના ૭૦ ચંદ્રોની શોધમાં ભાગ લીધો છે. નવા ચંદ્રનું કદ ૧ થી ૩ કિલોમીટર સુધીનું હોય છે. ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયનના માઈનોર પ્લેનેટ સેન્ટરની યાદીમાં ગુરુનાચંદ્રનો સમાવેશ થાય છે. શેફર્ડે કહ્યું કે, ગુરુ અને શિન નાના ચંદ્રોથી ભરેલા છે, જે મોટા ચંદ્રોના ટુકડાઓ હોવાનું માનવામાં આવે છે.એક અહેવાલ અનુસાર, નવો શોધાયેલ ચંદ્ર ૩૪૦ દિવસમાં ગુરુની પરિક્રમાપૂર્ણ કરે છે. ગુરુના ચંદ્રો એવા સમયે મળી આવ્યા છે જ્યારે યુએસ સ્પેસ એજન્સી નાસા જોવિયન વિશ્વની શોધ માટે એક મિશન મોકલવાની તૈયારી કરી રહી છે. ગુરુ પૃથ્વીથી ૬૦૦ મિલિયન કિલોમીટર દૂર છે.

૩) શનિ ગ્રહ તેના કુલ ૨૯૩ ચન્દ્રો છે.શનિ સૂર્યનો છઠ્ઠો ગ્રહ છે તથા ગુરુ બાદ સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહછે. આ ગ્રહ પર ૮૩ ચંદ્ર શોધવાનાં આવ્યા છે. શનિ ગ્રહનો વ્યાસ લગભગ૧૧૬,૪૬૦ કિલોમીટર છે. ૪) અરુણ ગ્રહ અથવા યુરેનસ : અરુણ ગ્રહ યુરેનસ આપણા સૂર્યમંડળમાં સૂર્યથી સાતમો ગ્રહ છે. અરુણ ગ્રહના૨૮ ચંદ્ર એટલે ઉપગ્રહ શોધવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે આ ગ્રહ આકારમાં ત્રીજો સૌથી મોટો ગ્રહ છે. વ્યાસ લગભગ ૫૦,૭૨૪ કિલોમીટર છે.

૫) નેપ્ચ્યુન અથવા વરુણ ગ્રહ : નેપ્ચ્યુન સૂર્યથી દૂરીનો આઠમો ગ્રહ છે, કારણ કે હવે પ્લૂટોને ગ્રહ નથી માનવામાં આવતો તો આપણે તેને સૂર્યમંડળનો અંતિમ ગ્રહ પણ કહી શકીએ.તેના ૧૬ ચંદ્ર શોધવામાં આવ્યા છે. નેપ્ચ્યુનનો સૌથી મોટો ચંદ્ર ૧૮૪૬માં ગ્રહની શોધના ૧૭ દિવસ બાદ કરવામાં આવી હતી. વ્યાસના આધારે આ સૂર્યમંડળનોચોથો સૌથી મોટો ગ્રહ છે. ગ્રહનો વ્યાસ લગભગ ૪૯,૨૪૪ કિલોમીટર છે.

# સોંઢલવાડામાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

પારડી તાલુકાના સોંડલ વાડા ગામમાં આવેલ અશ્વમેઘ વિદ્યાલય ખાતે ભવ્ય ગણિત અને વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો તરફથી ખૂબ જ ઉત્સાહભેર પ્રતિસાદ મળ્યો હતો.

આ કાર્યક્રમમાં ધોરણ ૯ થી ૧૧ના વિદ્યાર્થીઓએ અંદાજે ૧૪૦ જેટલા વિવિધ ગણિત અને વિજ્ઞાનના પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. તેમજ ધોરણ ૧ થી ૪ના નાનાં ભૂલકાંઓએ અંદાજે ૩૦૦ જેટલા સુંદર અને આકર્ષક મોડેલ્સ તૈયાર કરીને પોતાની સર્જનાત્મકતા અને પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રોજેક્ટ્સ જ્ઞાનવર્ધક, નવીન અને દૈનિક જીવન સાથે જોડાયેલા હતા.

આ કાર્યક્રમમાં મોટિવેટર તથા એન. કે. દેસાઈ સાયન્સ કોલેજના ડાયરેક્ટર દીપેશભાઈ શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના આગવા અને પ્રેરણાદાયી અંદાજમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરીને આપણા જીવનમાં વિજ્ઞાનનું મહત્વ અને વિજ્ઞાનના ઉપયોગ દ્વારા જીવનને વધુ સરળ અને ઉત્તમ કેવી રીતે બનાવી શકાય તે અંગે સુંદર માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં શાળાના મેનેજિંગ ડાયરેક્ટર હર્ષદભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મનોજભાઈ પટેલ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્ય તથા પ્રાથમિક વિભાગના આચાર્યા મેડમ સહિત તમામ શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

PAGE - V

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 04, September 2026

● ઉમરગામ ● સંજાણ ● ભીલાડ ● સરીગામ

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

## ઉમરગામ તા. પં. ખાતે વિકાસકામોની સમીક્ષા બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ઉમરગામ, તા.૦૩ :** ઉમરગામ તાલુકામાં વિકાસકામોને વેગ આપવા તેમજ વિવિધ વહીવટી કામગીરીની સમીક્ષા કરવાના હેતુથી તાલુકા પંચાયત કચેરી ખાતે ધારાસભ્ય રમણભાઈ પાટકરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જનપ્રતિનિધિઓ, નવનિયુક્ત તાલુકા વિકાસ અધિકારી તથા વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ, નરેશભાઈ, સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાત, ખતલવાડ ગ્રામ પંચાયતના સરપંચ સુરેન્દ્રભાઈ, સંજાણ ગ્રામ પંચાયતના સરપંચ ગુલાબભાઈ સહિત વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય રમણભાઈ પાટકરે નવનિયુક્ત તાલુકા વિકાસ અધિકારી સાથે ઉમરગામ તાલુકાની ભૌગોલિક અને સામાજિક પૃષ્ઠભૂમિ તેમજ ગ્રામ્ય વિસ્તારોની જરૂરિયાતો અંગે ચર્ચા કરી હતી. આ ઉપરાંત તાલુકામાં અમલમાં રહેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, હળપતિ આવાસ યોજના, આવાસ યોજનાઓ, રાજ્ય સરકાર તરફથી મળતી સહાય તથા ગ્રામ પંચાયત કક્ષાએ થતી કામગીરી અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

આગામી સમયમાં મંજૂર થયેલા વિવિધ વિકાસકામોના અમલીકરણમાં વિલંબ ન થાય તે માટે જરૂરી વહીવટી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને જરૂરી દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા. વિકાસકામોની ગુણવત્તા જળવાઈ રહે તેમજ યોજનાઓનો લાભ વાસ્તવિક લાભાર્થીઓ સુધી પહોંચે તે અંગે પણ ભાર મૂકાયો હતો.

ગ્રામ પંચાયત વિસ્તારોમાં સફાઈ વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા સહિતની મૂળભૂત સુવિધાઓ અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ હતી. ગ્રામજનોને પાણી, સફાઈ કે અન્ય પ્રાથમિક સુવિધાઓને લઈને ફરિયાદો ન કરવી પડે તે માટે સરપંચોને પોતાના વિસ્તારમાં નિયમિત દેખરેખ રાખવા અને જરૂરી કામગીરી હાથ ધરવા ધારાસભ્ય દ્વારા સૂચના આપવામાં આવી હતી. બેઠકના અંતે તાલુકાના વિકાસને વધુ ગતિ આપવા માટે જનપ્રતિનિધિઓ અને વહીવટી તંત્ર વચ્ચે સંકલન જાળવીને કામગીરી કરવા પર ભાર મૂકાયો હતો.



## નારગોલ બીચ પર મરીન પોલીસનું સ્વચ્છતા અભિયાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **નારગોલ, તા.૦૩ :** વલસાડ જિલ્લાના પ્રસિદ્ધ નારગોલ બીચ ખાતે મોટી સંખ્યામાં સહેલાણીઓ મુલાકાત લેતા હોવાથી બીચની સુરક્ષાની સાથે લોકજાગૃતિ અને પ્રજાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવાના હેતુથી મરીન પોલીસ દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું હતું.ગુજરાત રાજ્યની દરિયાઈ સુરક્ષાની મહત્વપૂર્ણ કામગીરી સંભાળતા અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા, નાયબ પોલીસ મહાનિરીક્ષક એ.એમ. મુનિયા તથા મરીન સેક્ટર કમાન્ડર અને પોલીસ અધિક્ષક એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ તા. ૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નારગોલ બીચ ખાતે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શ્રમદાન અને સફાઈ કાર્યક્રમ યોજાયો હતો. ઉમરગામ મરીન સેક્ટર લીડર નાયબ પોલીસ અધિક્ષકશ્રી એ.એમ. કુગસીયા તથા મરીન ટીમ લીડર PSI એસ.એસ. પઠાણના નેતૃત્વમાં મરીન કમાન્ડો અને ટીમના જવાનોએ બીચ પર સફાઈ કરી મોટી માત્રામાં કચરો એકત્રિત કર્યો હતો. એકત્રિત કચરાને વાહનમાં ભરી નારગોલ ડમ્પિંગ સાઈટ ખાતે લઈ જઈ યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. મરીન પોલીસના આ પ્રકારના લોકાભિમુખ પ્રયાસોથી નારગોલ બીચની સ્વચ્છતા જળવાઈ રહેવાની સાથે સહેલાણીઓ અને સ્થાનિકોમાં સ્વચ્છતા તથા પર્યાવરણ જાળવણી અંગે જાગૃતિ ફેલાવવાનો હેતુ પણ સિદ્ધ થયો હતો.

## ભાઠી કરમબેલીમાં કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત કરાયું

### જમીનના ઉપયોગને લઈ સ્થાનિક આગેવાનોનો વાંધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ઉમરગામ, તા.૦૩ :** ઉમરગામ તાલુકાના ભાઠી કરમબેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં વિવિધ સમાજના લોકોના ઉપયોગ માટે કોમ્યુનિટી હોલના નિર્માણનું ખાતમુહૂર્ત ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. ખાતમુહૂર્ત બાદ હોલના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવશે.ખાતમુહૂર્ત પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, તાલુકા સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાત, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ વરઠા, નરેશભાઈ પરમાર, તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ મનીષભાઈ સહિત સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કોમ્યુનિટી હોલના નિર્માણ માટે ઉપયોગમાં લેવાઈ રહેલી જમીન સ્કૂલ બોર્ડની હોવાનું જણાવી સ્થાનિક કેટલાક આગેવાનોએ વાંધો રજૂ કર્યો હતો. તેમના જણાવ્યા મુજબ સ્કૂલ બોર્ડની જમીનનો અન્ય હેતુ માટે ઉપયોગ ન થવો જોઈએ અને નિયમોનું પાલન કરવામાં આવે તે જરૂરી છે.

બીજી તરફ, સ્થાનિક વિસ્તારમાં શાળાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સુવિધાસંપન્ન શાળા મકાનનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. ગામમાં વિવિધ સમાજના લોકો તથા ગ્રામજનોને ઉપયોગી થાય તેવા કોમ્યુનિટી હોલની જરૂરિયાત અંગે સ્થાનિકોની રજૂઆત બાદ કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું ધારાસભ્ય રમણભાઈ પાટકરે જણાવ્યું હતું. ઉપસ્થિત આગેવાનો દ્વારા પણ નિયમ મુજબ જરૂરી મંજૂરી મેળવીને જ કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવશે અને તેનો લાભ ગ્રામજનોને મળી રહે તે દિશામાં કામગીરી થશે તેમ જણાવાયું હતું. આમ, એક તરફ ગામના જાહેર ઉપયોગ માટે કોમ્યુનિટી હોલના નિર્માણને લઈને ઉત્સાહ જોવા મળ્યો હતો, તો બીજી તરફ જમીનના ઉપયોગ અને મંજૂરીના મુદ્દે સ્થાનિક આગેવાનો દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવતા કાર્યક્રમ દરમિયાન ચર્ચાનો માહોલ પણ જોવા મળ્યો હતો.

## ભીલાડમાં 'રાસ રમઝટ સીઝન-૨'ની ગરબા કોમ્પિટિશન યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ઉમરગામ, તા.૦૩ :** ભીલાડ ખાતે ક્રિયાંશુ ઈવેન્ટ દ્વારા આયોજિત 'રાસ રમઝટ સીઝન-૨' સાઉથ ગુજરાત નોન-ટ્રેડિશનલ ગરબા કોમ્પિટિશનમાં સુરતથી લઈને પાલઘર સુધીના ૩૦૦થી વધુ ખેલૈયાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખેલૈયાઓએ પોતાની આગવી કલા અને ગરબાની રમઝટથી ઉપસ્થિત પ્રેક્ષકોના મન જીતી લીધા હતા.

કાર્યક્રમમાં ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, ભીલાડ પોલીસ સ્ટેશનના પીઆઈ જી.આર. ગઢવી, દીપકભાઈ મિસ્ત્રી, તાલુકા ભાજપ પ્રમુખ નીરવભાઈ શાહ, વિહીપ વિભાગ સંપર્ક પિયુષભાઈ શાહ, વિહીપ વલસાડ જિલ્લાના મંત્રી અંકિતભાઈ શાહ, યુવા શક્તિ ચેરિટેબલ ટ્રસ્ટના રાકેશભાઈ રાય, ભીલાડના કાર્યકારી સરપંચ રાજેશભાઈ નાવી, વિરલભાઈ દરજી, સન ક્રિએટર્સના દીપકભાઈ નંદા તેમજ વાપીના લાલુભાઈ શાહ સહિતના મહાનુભાવોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. મહાનુભાવોએ ખેલૈયાઓનો ઉત્સાહ વધારી સમગ્ર ઈવેન્ટને યાદગાર બનાવી હતી. સ્પર્ધાના અંતે ક્રિયાંશુ ટીમ દ્વારા અલ્ટીમેટ ચેમ્પિયન ટ્રોફી નવસારીના સાહિલ કાકરીયાને એનાયત કરવામાં આવી હતી.

આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે સન ક્રિએશન, પુષ્પમ જ્વેલર્સ, ડિવાઈન હ્યુન્ડાઈ, શાશ્વત ગ્રુપ, સાંઈ મોબાઈલ, સ્તુતિ મીરાં, બ્લુ સ્ટોન, ક્રિષ્ણા પરમાર, વિશાલ મોબાઈલ સહિત અનેક સ્પોન્સર્સનો સહયોગ મળ્યો હતો. ક્રિયાંશુ ટીમે તમામ દાતાઓ અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.


## ગાંધીવાડીથી પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ઉમરગામ, તા.૦૩ :** ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે અને લોકોમાં સ્વચ્છતા અંગે વધુ જાગૃતિ આવે તે હેતુથી 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના સંદેશ સાથે સફાઈ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય રમણભાઈ પાટકરની વિશેષ ઉપસ્થિતિમાં વોર્ડ નં. ૬ના ગાંધીવાડી વિસ્તારમાં નગરપાલિકા અને ભાજપ સંગઠન દ્વારા સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી.

આ પ્રસંગે ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, પ્રભારી પરેશભાઈ, ઉપપ્રમુખ યોગેશભાઈ, આરોગ્ય સમિતિના ચેરમેન સમીરભાઈ કંસારા, તાલુકા વિકાસ અધિકારી સહિત ભાજપના હોદ્દેદારો, કોર્પોરેટરો, પોલીસ જવાનો અને જાગૃત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સ્વચ્છતા માટે દરેક નાગરિકે જવાબદારી નિભાવવી જરૂરી રમણભાઈ પાટકર કાર્યક્રમમાં ધારાસભ્ય રમણભાઈ પાટકરે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરી સમગ્ર દેશમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ લાવવાની પહેલ કરી હતી. આજે ૧૨ વર્ષ બાદ આ અભિયાનના પરિણામે લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ વધી છે અને તેના કારણે આરોગ્ય ક્ષેત્રે પણ સકારાત્મક પરિણામો જોવા મળી રહ્યા છે.તેમણે દરેક નાગરિકને પોતાના ઘર, ફળિયા અને આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા જાળવવામાં સહયોગ આપવા તેમજ સ્વચ્છતા અભિયાનને જનઆંદોલન બનાવવા અપીલ કરી હતી. ધારાસભ્ય રમણભાઈ પાટકરના માર્ગદર્શન હેઠળ તાલુકાના વિવિધ ગ્રામ પંચાયતોમાં પણ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ફણસા અને માંડા બાદ આગામી રવિવારે ખતલવાડ ગ્રામ પંચાયત કચેરી ખાતે સફાઈ અભિયાન હાથ ધરાશે. મહાત્મા ગાંધીના 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના વિચાર અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ ભારત અભિયાનને જનભાગીદારીથી આગળ ધપાવવાના સંકલ્પ સાથે વિવિધ વિસ્તારોમાં સફાઈ કામગીરીને વેગ આપવામાં આવી રહ્યો છે.

## ઉમરગામનો દરિયા કિનારો પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ઉમરગામ, તા.૦૩ :** ઉમરગામ તાલુકાના વિશાળ દરિયાકિનારાને પ્રવાસન સ્થળ તરીકે વધુ વિકસાવવા અને અહીં આવતા સહેલાણીઓને જરૂરી સુવિધાઓ મળી રહે તે માટે તંત્ર દ્વારા અસરકારક આયોજન કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર ઉમરગામનો દરિયાકિનારો પ્રવાસન ક્ષેત્રે વિકાસની વિશાળ સંભાવનાઓ ધરાવતો હોવા છતાં જરૂરી સુવિધાઓના વિકાસ પર વધુ ધ્યાન આપવાની જરૂરિયાત વ્યક્ત થઈ છે.

દરિયાકિનારે આવતા સહેલાણીઓ માટે પીવાનું પાણી, સ્વચ્છ શૌચાલય, બેસવાની વ્યવસ્થા, પાર્કિંગ, કચરાપેટી તેમજ સ્વચ્છતા સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ છે. યોગ્ય આયોજન સાથે દરિયાકિનારાનો વિકાસ કરવામાં આવે તો ઉમરગામ તાલુકામાં પ્રવાસનને નવી દિશા મળી શકે તેમ છે.

જિલ્લા કલેક્ટરે દરિયાકિનારે સ્વચ્છતા જાળવવા માટે સહેલાણીઓ તેમજ સ્થાનિક વિસ્તારના લોકોને સફાઈ અભિયાનમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. દરિયાકિનારે કચરો ન ફેંકવો, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો અને કુદરતી પર્યાવરણને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી હતી.

ઉમરગામના દરિયાકિનારાને સુવિધાસભર પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની સાથે સ્થાનિક વેપાર-ધંધા અને રોજગારીની તકોને પણ વેગ મળી શકે છે. ત્યારે પ્રવાસન વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ બંનેને સાથે રાખી તંત્ર દ્વારા લાંબા ગાળાનું આયોજન કરવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

## માંડા ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ઉમરગામ, તા.૦૩ :** ઉમરગામ તાલુકામાં સ્વચ્છ ભારત અભિયાનને વધુ વેગ આપવા માટે માંડા ગામ ખાતે વિશાળ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રમણભાઈ પાટકરની આગેવાની અને નેતૃત્વમાં યોજાયેલા આ અભિયાનમાં મોટી સંખ્યામાં ગ્રામજનો, વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચો, ભાજપના આગેવાનો, પ્રતિનિધિઓ, સમાજ શ્રેષ્ઠીઓ તથા જાગૃત નાગરિકો જોડાયા હતા.

માંડા ખાતે જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ, પૂર્વ સરપંચ તથા આગેવાન પ્રભુભાઈ ઠાકરીયા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં લાઈબ્રેરી વિસ્તાર સહિત જાહેર સ્થળોએ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્વયંસેવકો અને સ્થાનિક નાગરિકોએ કચરો એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરી જાહેર સ્થળોને સ્વચ્છ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે લોકોને સ્વચ્છતા જાળવવા સાથે પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ નહીં કરવા અનુરોધ કર્યો હતો. તેમણે સ્વચ્છ પર્યાવરણ માટે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો અને જાહેર સ્થળોએ કચરો નહીં ફેંકવા અંગે પણ લોકોને જાગૃત કર્યા હતા.

ઉમરગામ તાલુકામાં સ્વચ્છ ભારત અભિયાનને જનઆંદોલનનું સ્વરૂપ આપવા માટે દર મહિનાના પ્રથમ રવિવારે વિવિધ જાહેર સ્થળોએ સફાઈ અભિયાન હાથ ધરવાની કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને અગાઉ નારગોલ ખાતેથી આ અભિયાનની શરૂઆત કરાવી લોકોને 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના સંદેશને જીવનમાં ઉતારવા અપીલ કરી હતી.

આ પહેલના ભાગરૂપે અગાઉ ધારાસભ્ય રમણભાઈ પાટકરની આગેવાનીમાં ફણસા ખાતે પણ ભાજપના આગેવાનો, પ્રતિનિધિઓ અને સમાજ શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં સફાઈ અભિયાન યોજાયું હતું. ત્યારબાદ માંડા ખાતે યોજાયેલા અભિયાનમાં પણ લોકોએ ઉત્સાહપૂર્વક જોડાઈ સ્વચ્છતા પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી હતી. સફાઈ અભિયાન દરમિયાન 'સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ' ના સંકલ્પ સાથે જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા અને પ્લાસ્ટિક મુક્ત વાતાવરણ ઊભું કરવા સૌએ સહયોગ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ઉમરગામની એમ.કે. મહેતા કોલેજમાં સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ઉમરગામ, તા.૦૩ :** નવ નિર્માણ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ. કે. મેહતા કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે બી.એડ. અભ્યાસક્રમ અંતર્ગત ક્ષેત્રકાર્ય અંગેની સમજ વિષય પર તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં નિષ્ણાત વક્તા તરીકે કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડના આચાર્ય ડૉ. ઈન્તેખાબ કે. અન્સારીને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. નીતાબેન પટેલ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. પ્રાધ્યાપિકા નિકેતાબેન ઢીમ્મર દ્વારા ડૉ. અન્સારીની કારકિર્દી તથા શૈક્ષણિક ક્ષેત્રે તેમના યોગદાનનો પરિચય આપવામાં આવ્યો હતો.

ડૉ. ઈન્તેખાબ અન્સારીએ પોતાના ૨૩ વર્ષના શૈક્ષણિક અનુભવના નિચોડ સાથે ક્ષેત્રકાર્યના વિવિધ સોપાનો, પ્રક્રિયા, ઉપયોગિતા અને વ્યવહારુ મહત્વ અંગે તાલીમાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સરળ ભાષા અને વ્યવહારુ ઉદાહરણો દ્વારા તેમણે વિષયને રસપ્રદ તથા સરળ બનાવ્યો હતો.

સેમિનારમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના બી.એડ. તાલીમાર્થીઓ તેમજ તમામ પ્રાધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રશ્નોત્તરી અને ચર્ચા દ્વારા તાલીમાર્થીઓ સાથે સંવાદ સાધી ડૉ. અન્સારીએ વિષયને વધુ સ્પષ્ટ અને આત્મસાત કરાવ્યો હતો. નિષ્ણાંત વક્તાની આગવી અધ્યાપન શૈલી સૌના માટે પ્રેરણારૂપ બની હતી. કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના પ્રમુખ સંજયભાઈ મેહતા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ઉમરગામ જીઆઈડીસીમાં રૂા.૪૨.૪૦ કરોડના કામોને મંજૂરી

**જીઆઈડીસીમાં ચોમાસા બાદ ડ્રેનેજ, મોડલ રોડ, ફાયર સ્ટેશન સહિતના કામો હાથ ધરાશે : જીગ્નેશ બારી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ) **ઉમરગામ, તા.૦૩ :** ઉમરગામ GIDC એસ્ટેટમાં અને જીઆઈડીસી કોલોની રહેણાંક વિસ્તારમાં રૂપિયા ૪૨.૪૦ કરોડના વિકાસ કામોને જીઆઈડીસી નોટિફાઈડ ગ્રાન્ટમાંથી મંજૂરી મળી છે અને ચોમાસા બાદ ડ્રેનેજ, મોડલ રોડ, ફાયર સ્ટેશન સહિત વિકાસના કામો હાથ ધરાશે એવી જાણકારી ઉમરગામ જીઆઈડીસી નોટિફાઈડ બોર્ડના ચેરમેન જીગ્નેશભાઈ બારીએ આપી હતી.

ઉમરગામ (GIDC)નોટિફાઈડ બોર્ડના ચેરમેન જીગ્નેશભાઈ બારીએ જાણકારી આપી હતી કે તેઓ ચેરમેન બન્યા બાદ તથા યુઆઈએ પ્રમુખ અશોક ગુપ્તા અને કમિટીના સહિયારા પ્રયાસોથી ઉમરગામ GIDCમાં માળખાકીય સુધારાની દિશામાં મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. આ કામોમાં સ્ટોર્મ વોટર ડ્રેનેજને RCCમાં રૂપાંતરિત કરવા રૂપિયા ૨૮ કરોડ, મોડલ રોડ માટે રૂપિયા ૭.૯૯ કરોડ અને અત્યાધુનિક ફાયર સ્ટેશન માટે રૂપિયા ૪.૭૮ કરોડના કામોનો સમાવેશ થાય છે. જૈન મંદિર નજીક વરસાદી પાણીના નિકાલ માટે રૂપિયા ૧.૬૨ કરોડના ખર્ચે ડ્રેનેજ પાઈપલાઈન નાખવામાં આવશે. આ ઉપરાંત ફેઝ-૧ અને ફેઝ-૨ માં રોડ કનેક્ટિવિટી, પાણીની મુખ્ય લાઈનનું આધુનિકીકરણ તથા ઝ્ઝ્ઝ કોલોની વિસ્તારમાં મોડલ રોડના કામો પણ મંજૂરી હેઠળ છે. CSR હેઠળ ચિલ્ડ્રન્સ પાર્ક, દાદા-દાદી પાર્ક તથા મુખ્ય સર્કલના વિકાસ અને લેન્ડસ્કેપિંગનું આયોજન કરાયું છે. ઝ્ઝ્ઝ કોલોનીમાં અંડરગ્રાઉન્ડ કેબલ નાખવા અને વાયરિંગનું કામ GEB દ્વારા શરૂ કરવામાં આવ્યું છે.

આ કામગીરી પૂર્ણ થયા બાદ કોલોનીના રહેવાસીઓને વધુ સુરક્ષિત અને અવિરત વીજ પુરવઠો પુરવઠો મળી રહેવાની અપેક્ષા છે.

## ઉમરગામમાં યુવા ખો-ખો સ્પર્ધા યોજાઈ

**ઉમરગામ, તા.૦૩ :** ઉમરગામ તાલુકાના યુવાનોમાં રમતગમત પ્રત્યેની રૂચિ વધે તેમજ શારીરિક તંદુરસ્તી અને ટીમવર્કની ભાવનાને પ્રોત્સાહન મળે તે હેતુથી યુવા ખો-ખો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનું ઉદ્ઘાટન વિજયભાઈ પાટકરજીના હસ્તે કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના ઉદ્ઘાટન પ્રસંગે સરઈ ગ્રામ પંચાયતના સરપંચ વાસુભાઈ વારલી તથા માજી સરપંચ પ્રવીણભાઈ વારલી સહિત સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ખો-ખો સ્પર્ધા દરમિયાન વિવિધ ટીમોના ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની રમતગમત પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. મેદાન પર ખેલાડીઓમાં જીત માટેનો જુસ્સો, ટીમભાવના અને રમતગમતની શિસ્ત જોવા મળી હતી. યુવાનોને મોબાઈલ અને અન્ય પ્રવૃત્તિઓથી દૂર રાખી રમતગમત તરફ પ્રેરિત કરવા તથા શારીરિક અને માનસિક વિકાસને પ્રોત્સાહન આપવા આવી સ્પર્ધાઓનું આયોજન મહત્વપૂર્ણ હોવાનું આગેવાનો દ્વારા જણાવાયું હતું.

# શિક્ષક અને વિદ્યાર્થી એકબીજાનાં પૂરક છે

સૌ પ્રથમ આપણે શિક્ષક એટલે કોણ, એ વિષે વાત કરીએ. જે વ્યક્તિ શિક્ષણનો સાચો આંક કાઢી, પોતાના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરે, તે સાચો શિક્ષક છે. શિક્ષકની વ્યાખ્યા એકજ વાક્યમાં આપવી હોય તો, જે પોતાના વિદ્યાર્થીઓને સાચી શિક્ષા તથા દિક્ષા આપનાર વ્યક્તિ. શિક્ષકો જ પોતાના વિદ્યાર્થીઓના પથદર્શક અને માર્ગદર્શક બની શકે છે. બાળકોમાં માતા બાદ સંસ્કારનું કોઈ સિંચન કરતું હોય તો તે વ્યક્તિ શિક્ષક છે. બાળકો કે વિદ્યાર્થીઓનાં જીવનમાં માતા પછી ગુરૂ કે શિક્ષકનું દ્વિતીય સ્થાન આવે છે. આપણાં ભારત દેશના સૌ પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણને પણ એક સમયે પોતાની કારકિર્દીની શરૂઆત એક શિક્ષક તરીકે જ શરૂ કરી હતી અને તેથી જ એમના માનમાં પાંચમી સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. શિક્ષક ખરા અર્થમાં વિદ્યાર્થીઓનો ગુરૂ છે. શિક્ષક જ એક એવો મહાનુભાવ છે જેના માધ્યમ થકી એના ભણાવેલાં વિદ્યાર્થીઓમાંથી કોઈ ડૉક્ટર, કોઈ એન્જિનિયર, કોઈ વકીલ, કોઈ પાયલોટ કે કોઈ મોટો ઉદ્યોગપતિ બને છે. આ બધાં આગળ આવ્યા એ એમના ગુરૂ કે શિક્ષકની દેન છે.શિક્ષક વિદ્યાર્થીઓના અંધકારમય જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવે છે. વશિષ્ઠ તથા વિશ્વામિત્ર ઋષિ સાચા તથા સારા ગુરૂઓના ઉદાહરણ રૂપે છે. પરશુરામજી પણ ઉત્તમ ગુરૂવર તરીકે નામના પામ્યા હતા. બીજી બાજુ વિચારીએ તો વિદ્યાર્થી એટલે વિદ્યાનો સાચો અર્થ જાણનાર. જે વિદ્યાર્થી વિદ્યાનો કે શિક્ષણનો સાચો અર્થ કાઢી અને સમજી શકે છે એજ ખરો અને આદર્શ વિદ્યાર્થી છે.વિદ્યા હંમેશા વિનય વડે શોભે છે તે ન્યાયે, વિદ્યાર્થી નમ્ર, વિનયી, સુશીલ, ખંતીલો અને મૃદુભાષી હોવો જોઈએ. વિદ્યાર્થી પોતાના ગુરૂ કે શિક્ષકના આદેશ તથા આજ્ઞાનું પાલનકર્તા, સોહાર્દ, વિનમ્ર અને આજ્ઞાંકિત હોવો જોઈએ. જેટલાં પણ મોટા કે નામાંકિત વ્યક્તિઓનો ઈતિહાસ તપાસસો તો એમની વૃદ્ધિ અને સમૃદ્ધિની પાછળ કોઈને કોઈ સારા કે મહાન ગુરૂ કે શિક્ષકનો હાથ હશે જ. લવ તથા કુશ વાલ્મીકિ ઋષિના શિષ્યો હતાં તો શ્રીકૃષ્ણ તથા સુદામાના ગુરૂ સાંદિપની ઋષિના શિષ્યો હતા અને તેઓ ગુરૂ કુળમાં જ રહીને ભણ્યાં અને મોટા થયા હતાં. દશરથ રાજાના ગુરૂ વશિષ્ઠ ઋષિ હતાં. રામ તથા લક્ષ્મણના ગુરૂ વિશ્વામિત્ર ઋષિ હતા. ગુરૂ દ્રોણાચાર્ય કૌરવો તથા પાંડવોના કુલગુરુ હતા. ઈતિહાસમાં આરૂણી નામનો એક શિષ્ય અમર થઈ ગયો. આ બધાં જ વિદ્યાર્થીઓએ ક્યારેય પોતાના ગુરૂનો બોલ ઉથાપ્યો નહોતો કે ગુરૂજીની આજ્ઞા તથા આમન્યાનું જાણેઅજાણે પણ ઉલ્લંઘન કર્યું નહોતું. તેઓ જ્યાં સુધી પોતાના ગુરૂના હાથ નીચે ભણ્યાં ત્યાં સુધી ગુરૂજી તથા ગુરૂ પત્નિની તન, મન અને ધનથી સેવા કરી હતી અને સેવાના ફળ સ્વરૂપે તેઓ મહાન કે ખ્યાતનામ વ્યક્તિઓ તરીકે જગમાં નામ કમાયી ગયાં હતાં. વિદ્યાર્થી અને શિક્ષક એકબીજાથી અલિપ્ત રહી શકે નહીં. આમ વિદ્યાર્થી તથા શિક્ષક એકમેક સાથે સેતૂ સમાન છે અને એકબીજાના પૂરક છે.



**યોગેશ આર. જોશી**
હાલોલ
કવિ/લેખક

જો કે આજના પરિવર્તિત અને બદલાયેલાં જમાનામાં શિક્ષકો શિક્ષણને બદલે શાળામાં મહિલા શિક્ષિકા કે નાની વિદ્યાર્થીનીઓ સાથે લંપટલીલા આદરે છે. શાળામાં નિયમિત આવતા નથી, પાન પડીકી કે દારૂના નશામાં ધૃત હોય છે, આવા શિક્ષકો વિદ્યાર્થીઓમાં સારા શિક્ષણનું સિંચન કઈ રીતે કરી શકશે? વિદ્યાર્થીઓને શિક્ષા (શિક્ષણ) આપવાને બદલે શિક્ષા (સજા કે દંડ) નો સહારો લ્યે છે. તો બીજી તરફ વિદ્યાર્થીઓ પણ વિદ્યાનો અર્થ જાણવાને બદલે વિદ્યાની અર્થી (ઠાઠડી) કાઢે એવા હોય છે. શાળા કોલેજોમાં ભણવાને બદલે ગર્લ ફ્રેન્ડ કે બોય ફ્રેન્ડ સાથે મોજમસ્તી કરવી, પિરીયડો નિયમિત ભરવા નહીં, શિક્ષકોની ફિલ્મ ઉતારવી અને ભાંગફોડ કરવી એવાં નખરાં કરે છે, આ અલગ બાબત છે.

આમ છતાં એક આદર્શ અને સાચો શિક્ષક પોતાના જ્ઞાન તથા અનુભવ થકી ગમે તેવા નાદાન, ઉદંડ અને તોફાની વિદ્યાર્થીનું જીવન બદલી શકે છે. માટે જે વ્યક્તિઓ શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા હોય તે તમામે સમાજમાં આદર્શ અને ઉત્તમ શિક્ષક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## સર્વે શિક્ષકોને શિક્ષક દિવસની શુભેચ્છા



'શિક્ષક એ નથી જે વિદ્યાર્થીના મગજમાં તથ્યોને જબરદસ્તી નાંખે. પરંતુ વાસ્તવિક શિક્ષક તો એ છે કે જે એ આવનારા પડકારો માટે તૈયાર કરે'
- ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન

**દમણગંગા ટાઈમ્સ પરિવાર**

## વિદ્યાર્થીના જીવનને સાચી દિશા આપનાર માર્ગદર્શક શિક્ષક છે



શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નથી, પરંતુ વિદ્યાર્થીના જીવનને સાચી દિશા આપનાર માર્ગદર્શક અને સંસ્કાર ઘડનાર શિલ્પી છે. શિક્ષકોના જ્ઞાન, સમર્પણ અને સંસ્કારોથી જ આવતી પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ બને છે. વિદ્યાર્થીઓમાં જ્ઞાન સાથે માનવતા, શિસ્ત અને જવાબદારીના મૂલ્યોનું સિંચન કરવા બદલ તમામ શિક્ષકોને હૃદયપૂર્વક વંદન. શિક્ષક દિનની હાર્દિક શુભકામનાઓ. આર.કે. દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ તરફથી તમામ શિક્ષકોને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છાઓ.

**-મિલન દેસાઈ**
**ચેરમેન, આર.કે. દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ, વાપી**

## શિક્ષક દિવસ શા માટે ઉજવાય છે?

ભારતમાં દર વર્ષે ૫ સપ્ટેમ્બરે શિક્ષક દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ ભારતના મહાન શિક્ષણવિદ્ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે ઉજવાય છે.


ડૉ. રાધાકૃષ્ણન પોતે એક મહાન શિક્ષક હતા. તેમના વિદ્યાર્થીઓએ જ્યારે તેમનો જન્મદિવસ ઉજવવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે તેમણે જન્મદિવસની જગ્યાએ ૫ સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે ઉજવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

આ દિવસ શિક્ષકોના જ્ઞાન, મહેનત અને વિદ્યાર્થીઓના જીવન ઘડવામાં આપેલા યોગદાનને સન્માન આપવા માટે ઉજવવામાં આવે છે.



શિક્ષક માત્ર ભણાવતા નથી, પરંતુ વિદ્યાર્થીઓને સારા સંસ્કાર, શિસ્ત અને જીવનમાં આગળ વધવાની પ્રેરણા પણ આપે છે. તેથી શિક્ષક દિવસ શિક્ષકો પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો ખાસ દિવસ છે.


Managed By: Rajhans Education Trust



**VIDYA DHAM INTERNATIONAL SCHOOL**
Plot No. B13/14 B7 B/H Rajmoti Complex 1, Charwada Road, Vapi, Gujarat-396191
(From: PRE- PRIMARY to STD X)
CBSE BOARD - 430373
Contact No. 9081807258 / 9316054328 / 9725295578


**WITH BEST COMPLIMENTS ON TEACHER'S DAY**



Lakshmi Desai
Managing Director and Trustee



Manisha Sharma
Director and Trustee





Ramadevi Vinod Kumar Nair
Principal

अखण्डमण्डलाकारं व्याप्तं येन चराचरम। तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥
चिद्रूपेण परिव्याप्तं त्रैलोक्यं सचराचरम। तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥
Akhanda-Mandala-Kaaram Vyaaptam Yena Chara-Acharam | Tat-Padam Darshitam Yena Tasmai Shri-Gurave Namah ||
Chid-Roopena Parivyaaptam Trailokyam Sa-Chara-Acharam |Tat-Padam Darshitam Yena Tasmai Shri-Gurave Namah ||
Meaning: Salutations to the noble Guru, who revealed to me that divine state which pervades the entire universe, enveloping everything that is moving and unmoving. Salutations to the noble Guru, who uncovers the supreme consciousness that illuminates all three worlds, including every living and non-living being.

"A teacher ignites the fire of curiosity, fuels the imagination, and instils a lifelong love for learning."

Honoring the Architects of Tomorrow: Schools Celebrate Teachers' Day with joy and Gratitude. Every year on September 5th, India celebrates Teachers' Day to mark the birth anniversary of Dr. Sarvepalli Radhakrishnan. In 2026, this day carries a deeper meaning as educators navigate an era dorninated by AI and digital transformations, proving that technology can never replace human empathy. Today's teachers are no longer just sources of information; they are mentors, emotional anchors, and facilitators of critical thinking. They look past report cards to nurture mental well-being and life skills. From spending personal hours upgrading skills to handling diverse student needs, teachers remain the quiet, foundational pillars of our nation's progress. Teacher who stays after hours to coach underprivileged students or run free remedial clubs. A teacher does not just impart textbook knowledge; they shape our character and guide us through life's early challenges. A teacher is a professional educator who helps students acquire knowledge, skills, and values through instruction and guidance. Teachers do more than lecture; they research educational methods, mentor new peers, and organize flexible learning spaces. Effective teachers use modern tools, practice equality, and act as motivational facilitators rather than just instructors. Studies show that a good teacher significantly boosts student confidence, self-esteem, and long-term success. Educators manage not just academics, but also social-emotional growth and a safe classroom environment. Teachers balance lesson planning, grading, paperwork, and emotional care, often working long hours past their contracts.

"Better than a thousand davs of diligent, studving one dav with a great teacher. A teacher takes a hand. opens a mind, and touches a heart"



**HAPPY TEACHER'S DAY**



MANJU DAYAMA MEMORIAL TRUST'S
**SANSKAR VIDHYAPEETH**
(EDUCATION WITH VISION)
Chharwada- Vapi, Dist. Valsad, Gujarat, Bharat-396191






**With Best Compliments on Teacher's Day**

MAHARASHTRA MITRA MANDAL'S
**KELKAR- VAZE MARATHI VIDHYALAY, VAPI**
**M.M.M. ENGLISH SCHOOL, VAPI**

મહારાષ્ટ્ર મિત્ર મંડળ વાપી સંચાલિત કેળકર વઝે મરાઠી વિદ્યાલયની સ્થાપના સન્ ૧૯૮૯ માં થઈ અને આજે વિદ્યાલય પોતાના સુસજ્જ ઈમારતમાં કાર્યરત છે .વાપી પરીસરમાં રહેતા આર્થિક રીતે નબળા વર્ગના મરાઠી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ આ શાળામાં ભણતરનો લાભ લે છે. આજ સુધી ધોરણ એસ. એસ. સીના ૩૭ બેચ અમારા અનુભવી શિક્ષકો દ્વારા પૂર્ણ કરીને ગયા. શાળામાં અંગ્રેજીનો ખાસ વર્ગ, પૂર્ણ સુવિધાવાળી પ્રયોગશાળા અને વાચનાલય છે.

સાંસ્કૃતિક પ્રોગ્રામ માટે સારી તાલીમ આપવામાં આવે છે. પ્રશિક્ષિત શિક્ષક દ્વારા શાળામાં કોમ્પ્યુટર - શિક્ષણ પહેલા ધોરણથી આપવામાં આવે છે.

સન્ ૨૦૧૧ થી એમ. એમ. એમ. ઇંગ્લિશ મિડિયમ ધોરણ નર્સરી થી ધોરણ ૧૦ સુધી શિક્ષણ ચાલી રહ્યા છે. સન ૨૦૦૨ થી આય. એસ. ઓ. પ્રમાણપત્ર અમારી શાળાને પ્રાપ્ત થયેલ છે.

વિદ્યાર્થીઓને રમવા માટે મૈદાનની સુવિધા ,બાળકો માટે પિવાના પાણી માટે આર. ઓ. પ્લાટ ની સુવિધા, દરેક વર્ગના સી.સી.ટીવી કેમેરાની સુવિધા, આર.ટી.ઈ. હેઠળ પ્રવેશની સુવિધા. શાળામા ભૌતિક સુવિધા માટે વિશેષ ધ્યાન રાખવામા આવે છે શાળામાં બાળકોની બૌદ્ધિક શારીરિક અને સર્વાંગિણ પ્રગતિ થાય તેના પર ધ્યાન આપવામાં આવે છે. શાળામાં અનુભવી શિક્ષક કર્તવ્ય દક્ષ કર્મચારી વર્ગ સેવા આપે છે.

મહારાષ્ટ્ર મિત્ર મંડળ વાપી અને શાળા પરિવાર તરફથી શિક્ષક દિનની હાર્દિક શુભકામના.

**આચાર્યશ્રી**
**કેળકર વઝે મરાઠી વિદ્યાલય,**
**એમ.એમ.એમ. ઇંગ્લિશ મીડિયમ સ્કુલ,**
**મહારાષ્ટ્ર મિત્ર મંડળ, તથા ટ્રસ્ટીગણ, વાપી**

S.N. 94/1-6, Plot No. 1-4, Khodiyar Nagar, Koparali Road,
Charawada, Vapi - 396191. Tel. (0260) 2422129, Mo.6354445344